સૌરાષ્ટ્ર સંસ્કૃતિ ફાઉન્ડેશનનું
દ્વૈમાસિક મુખપત્ર

# ભાતીગળ સૌરાષ્ટ્ર

સૌરાષ્ટ્ર અને સૌરાષ્ટ્રના
વતનીઓ વચ્ચેનો સેતુ

જુલાઈ – ઑગસ્ટ ૨૦૧૦
વર્ષ : ૧૦ અંક : ૨
સળંગ અંક : ૫૬

**: માનદ તંત્રી :**
રાજેન્દ્ર દવે


**: પરામર્શક :**
રજનીકુમાર પંડ્યા – ભરત પંડિત, મુંબઈ

**સૌરાષ્ટ્ર સંસ્કૃતિ ફાઉન્ડેશન**
**: ટ્રસ્ટીમંડળ :**
મનસુખભાઈ જોશી (પ્રમુખ)
ગોપાલભાઈ પટેલ
કવિશ્રી પીયૂષ પંડ્યા 'જ્યોતિ'
રાજેન્દ્ર દવે (મેનેજિંગ ટ્રસ્ટી)
પ્રદીપ દવે

**: કાર્યાલય–પત્રવ્યવહાર :**
'દવેઘર', ૩–વૈશાલીનગર
મહિલા કૉલેજ પાછળ,
રાજકોટ–૩૬૦૦૦૭.
ફોન : (૦૨૮૧) ૨૫૭૦૨૮૩

**: લવાજમના દરો :**
છૂટક નકલ : રૂા. ૪૦/– વાર્ષિક : રૂા. ૨૦૦/–
આજીવન : રૂા. ૨૦૦૦/– પેટ્રન : રૂા. ૫૦૦૦/–
વિદેશમાં વાર્ષિક : રૂા. ૧૦૦૦/–
વિદેશમાં આજીવન : રૂા. ૧૦,૦૦૦/–
બહારગામના ચેક ભરનારાઓએ રૂા. ૨૫/– વધારે મોકલવા. ચેક/ડ્રાફ્ટ 'સૌરાષ્ટ્ર સંસ્કૃતિ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

## આ અંકનું મુખપૃષ્ઠ




૧. ધૂમકેતુ ૨. મનહરલાલજી મહારાજ ૩. પ્રફુલ્લ દવે, ૪. દિનેશ મહેતા ૫. મયારામ જોશી ૬. જયેન્દ્ર મહેતા ૭. બાલકૃષ્ણ દવે ૮. કૃષ્ણ દવે.

**: આ અંકના સંપાદક :**
હેમેન ભટ્ટ

**: સંપાદન સહાય :**
દેવેન્દ્ર દવે

**: વિશેષ આભાર :**
કિશોરભાઈ મહેતા (અમરેલી)
ભરતભાઈ મહેતા (સુરત)

આ અંકની કિંમત રૂપિયા : ૫૦/–

મુંબઈમાં લવાજમ તથા જાહેરાત માટે સંપર્ક
મોબાઈલ ફોન નંબર : ૯૯૨૪૫ ૪૯૦૭૮

BHATIGAR SAURASHTRA
Regd. No. GUJ GUJ/2001/4020

E-mail : bhatigarsaurashtra@yahoo.com

આ સામયિકમાં પ્રસિદ્ધ થયેલ વિચાર અને મંતવ્ય જે તે લેખકના વ્યક્તિગત છે. તેની સાથે તંત્રી અને સંસ્થા સહમત છે જ એમ માની લેવું નહીં.

પ્રકાશક : સૌરાષ્ટ્ર સંસ્કૃતિ ફાઉન્ડેશન વતી, રાજેન્દ્ર દવે, 'દવેઘર', ૩–વૈશાલીનગર, મહિલા કૉલેજ પાછળ, રાજકોટ.
મુદ્રક : ગોપાલભાઈ પટેલ, પ્રવીણ પ્રકાશન પ્રા. લિ. વેરાવળ (શાપર), રાજકોટ.
ટાઈપોગ્રાફી : અમીન એસ. આઝાદ, રાજકોટ. ફોન : ૨૪૫૧૮૬૪ મો.: ૯૮૯૮૪–૯૪૦૯૭/૯૯૯૮૮–૫૪૨૫૩

## આ અંકમાં


| | | |
|---|---|---|
| ૧. | સૌરાષ્ટ્રના બાજ ખેડાવાળ બ્રાહ્મણો | ૩ |
| ૨. | અમારી ખેડાવાળ જ્ઞાતિનો ઈતિહાસ | ૫ |
| ૩. | કાઠિયાવાડમાં બાજ ખેડાવાળ બ્રાહ્મણો | ૬ |
| ૪. | અતીતના આયનામાં | ૭ |
| ૫. | કાઠિયાવાડનું એક જૂનું પેઢીનામું | ૯ |
| ૬. | કાઠિયાવાડી કલવો | ૧૩ |
| ૭. | સૌરાષ્ટ્રના બાજ ખેડાવાળ બ્રાહ્મણોના કુળદેવ–દેવીઓ | ૧૫ |
| ૮. | ભોળા મા'રાજ | ૧૭ |
| ૯. | સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ વિદ્યાપ્રસારક મંડળ–રાજકોટ | ૧૯ |
| ૧૦. | અમરેલીની ખેડાવાળ બ્રાહ્મણ બોર્ડિંગ | ૨૧ |
| ૧૧. | દક્ષિણ ગુજરાત સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રહ્મ સમાજ–સુરત | ૨૭ |
| ૧૨. | પત્રકાર અને જનસેવક મયારામ જોશી | ૩૨ |
| ૧૩. | એકનિષ્ઠ સાહિત્યકાર 'ધૂમકેતુ' | ૩૪ |
| ૧૪. | ધૂમકેતુનાં જીવનસંગિની કાશીબહેન | ૪૦ |
| ૧૫. | ભાગવત કથાકાર મનહરલાલજી મહારાજ | ૪૨ |
| ૧૬. | પ્રફુલ્લ દવે : તમે મને સાંભળો ને ગીત હું ગાયા કરું | ૪૫ |
| ૧૭. | 'વીસમી સદીના દલપતરામ' કવિ નાથાલાલ દવે | ૫૧ |
| ૧૮. | સંસારી સંત હરિશંકર દવે | ૫૫ |
| ૧૯. | લોકગાયક બાલકૃષ્ણ દવે | ૫૭ |
| ૨૦. | શકિતશાળી અંતર્મુખ કવિ : વ્રજલાલ દવે | ૬૧ |
| ૨૧. | નાટ્યકલા અને સાહિત્યકલાનો સંગમ નિર્ભયભાઈ ભટ્ટ | ૬૩ |
| ૨૨. | જૂની રંગભૂમિના કલાકાર લાભુભાઈ ભટ્ટ | ૬૫ |
| ૨૩. | ચિત્રકાર બળવંતભાઈ જોશી | ૬૭ |
| ૨૪. | નાટક અને ફિલ્મના અભિનેતા : જયેન્દ્ર મહેતા | ૭૦ |
| ૨૫. | દિનેશ મહેતાની અભિનયયાત્રા | ૭૨ |
| ૨૬. | કાષ્ઠમાંથી કાવ્ય તરફની ગતિ એટલે કૃષ્ણ દવે | ૭૪ |
| ૨૭. | રંગોળી કલાનો પ્રયોગધર્મી કલાકાર પ્રદિપકુમાર દવે | ૮૧ |
| ૨૮. | વ્યકિતપરિચય | ૮૫ |
| ૨૯. | કંપની સમાચાર | ૯૧ |
| ૩૦. | રાજકોટ વિદ્યા પ્રસારક મંડળ રજત જયંતી મહોત્સવ | ૯૩ |

# સૌરાષ્ટ્રના બાજ ખેડાવાળ બ્રાહ્મણો

ડૉ. શિવપ્રસાદ રાજગોર

સૌરાષ્ટ્રમાં સદીઓથી બાજ ખેડાવાળ બ્રાહ્મણોનો વસવાટ છે. આ વિશે વધારે જાણતાં પહેલાં ખેડાવાળ બ્રાહ્મણોનો ઈતિહાસ જાણવો જરૂરી બને છે.

**ખેડાવાળ બ્રાહ્મણો :**

ખેડાવાળ બ્રાહ્મણોની વિગત 'પુરાતન બ્રહ્મક્ષેત્ર' 'ચરોતર સર્વસંગ્રહ' 'ગુજરાત સર્વસંગ્રહ' તથા બો. ગે. વો. ૯ના આધારે લીધી છે. આ બ્રાહ્મણોની મોટા ભાગની વસ્તી ખેડામાં રહેતી હોવાથી તેઓ ખેડાવાળ તરીકે ઓળખાય છે. દક્ષિણમાં ચિતૂર જિલ્લાના તિરૂમલે તિરુપતિ પહાડની પૂર્વે ત્રણ માઈલ દૂર તિરુચાનૂર ગામ હતું. ત્યાં બૃહચ્ચર સંજ્ઞાના બ્રાહ્મણો વસતા હતા. ઈ.સ. ૨૩૪માં કેટલાક કુટુંબો સોહડ જોશી અને શંકર દવેની આગેવાની નીચે યાત્રાએ નીકળ્યાં હતા. તીર્થયાત્રા કરતા તેઓ વેણીવત્સ રાજાની રાજધાની ઈલ્વદુર્ગમાં (ઈડર) આવ્યા. રાજા નિઃસંતાન હતો. તેથી રાજા રાણીએ પુત્રપ્રાપ્તિની ઈચ્છા આ બ્રાહ્મણો પાસે વ્યક્ત કરી. આ બ્રાહ્મણોએ તેમને પુત્રકામેષ્ટિ યજ્ઞ કરવાની સલાહ આપી. આ યજ્ઞ કરાવવા ચાર વેદના જ્ઞાતા પવિત્ર સ્થાનિક બ્રાહ્મણો ન હોવાથી યાત્રાએ આવેલા બ્રાહ્મણો પાસે રાજાએ યજ્ઞ કરાવ્યો. યજ્ઞની પૂર્ણાહૂતિ બાદ આ બ્રાહ્મણોએ દાન ગ્રહણ ન કર્યું. તેથી તેમને કિલ્લામાં કેદ કરવામાં આવ્યા. શંકર દવે અને કેટલાક બ્રાહ્મણો કિલ્લો રાતોરાત કૂદીને નાસી ગયા. અંદર રહ્યા અને દાન ગ્રહણ કર્યું તે ભીતરા ખેડાવાળ કહેવાયા. (આભ્યંતર) કિલ્લો છોડી ગયેલા બ્રાહ્મણોની તપાસ કરાવી અને તેમને માનપૂર્વક બેસાડી રાજાએ માફી માગી. દાન ન લેનાર આ બ્રાહ્મણોને પાનમાં 'લી' અક્ષર લખી પાનનાં બીડાં વહેંચ્યાં. પાછળથી બ્રાહ્મણોને ખબર પડી કે જે ગામોને છેડે'લી' આવતો હોય તે ગામો રાજાએ ગુપ્ત રીતે ભેટ આપ્યાં હતાં. તેથી તેઓ ભેટવાળા ખેડાવાળ કહેવાય. સોહડ જોશી અને બીજા તેના સાથી બ્રાહ્મણો ભીતરા કહેવાયા. વેણીવત્સ રાજાના લાડ વાણિયા પ્રધાન વજેપાળે તેમને વૃત્તિ માટે લાડ વાણિયાઓનું ગોરપદું આપ્યું. વેણીવત્સ રાજા સાબરકાંઠા ગેઝેટીઅર પ્રમાણે ઈ.સ. ૮૭૦ થયા હતા. એટલે ઉપરની સાલ ખોટી જણાય છે.

'પુરાતન બ્રહ્મક્ષેત્ર'માં કેટલીક વધુ વિગત સાથે આ કથા આપી છે. આ ગ્રંથમાં જણાવ્યા પ્રમાણે આગંતુક બ્રાહ્મણોએ વેણીવત્સ રાજાએ પૂર્વભવમાં વાછરડાનો વધ કર્યો હોવાથી પુત્રપ્રાપ્તિ માટે યજ્ઞ કરવા અને સવત્સ ગાય સુવર્ણની બનાવીને સુપાત્ર બ્રાહ્મણોને દાનમાં આપવા તેને જણાવ્યું. અહીં મોટા ભાઈ સહિત ૧૪૦૦ બ્રાહ્મણોએ દાન સ્વીકાર્યું, જ્યારે નાના ભાઈ સહિત ૨૫૦ બ્રાહ્મણોએ દાન ન સ્વીકાર્યું એમ જણાવાયું છે. બોમ્બે ગેઝેટીયર વો. ૯માં જણાવ્યા પ્રમાણે ખેડામાં ચંદ્રવંશી મોરધ્વજ નામનો રાજા રાજ્ય કરતો હતો ત્યારે શ્રીરંગપટ્ટમથી ત્રિપ્રવરી શંકર જોશી તથા પંચપ્રવરી શોડ દવે અન્ય બ્રાહ્મણો સાથે આવ્યા હતા. ખેડાના રાજાએ પુત્રપ્રાપ્તિના હેતુથી તેમને દક્ષિણા આપી. મોટા ભાગના લોકોએ દાન સ્વીકાર્યું નહીં અને ખેડા છોડી દઈને 'લી' અંતવાળા જેવા કે ધુમતેલી, ખડાલી, સાંડાણી, સુરેલી વગેરે ૨૪ ગામોમાં

જઈને વસ્યા. આ લોકો બાહ્ય કે બાજ કહેવાયા અને થોડાક જેમણે દાન સ્વીકાર્યું તે ભીતરા કે આભ્યંતર કહેવાયા. 'પુરાતન બ્રહ્મક્ષેત્ર'ના લેખક જણાવે છે ખેડાવાળ બ્રાહ્મણો ખેડબ્રહ્મા અને આસપાસનાં સ્થાનોમાં રહેતા હતા પણ નાગો અને ગરૂડ વચ્ચે ભારે ભારે યુદ્ધો થયાં ત્યારે બ્રહ્મક્ષેત્રના ખેટક બ્રાહ્મણોનો જથ્થો તામ્રપણી નદીના પ્રદેશમાં દ્રાવિડદેશમાં ચાલ્યો ગયો અને કેટલાક વરસો બાદ તેઓ પાછા આવ્યા. આમ વેણીવત્સ કે વેણીવચ્છ રાજાના યજ્ઞના પ્રસંગે તેમના બે વિભાગ પડ્યા હશે. 'લી' અંતવાળા ચોવીસ ગામો ઈડર રાજ્યમાં હાલ પણ આવેલાં છે.' ટૂંકમાં દાન સ્વીકારવું કે ન સ્વીકારવું એ મુદ્દા ઉપર મતભેદ પડતાં ખેડાવાળના બે વિભાગો પડ્યા હતા. દયારામ સિવાય કોઈએ તેમનો ઉલ્લેખ કર્યો નથી. 'મિરાતે અહમદી'માં ખડાતીર અને ખેતવાલનો ઉલ્લેખ છે. કદાચ તેઓ ખેડાવાળ હશે. ૧૪૨૨માં માણેકચંદ્રસૂરીએ 'ખડવડ'નો ઉલ્લેખ કર્યો છે.

**બાજ ખેડાવાળ :**

આ બ્રાહ્મણો સાબરમતી અને મહી વચ્ચેના પ્રદેશમાં વસે છે. વિ. સં. ૯૯૯માં બાજ ખેડાવાળો તેમના ભાટના કથનાનુસાર ચરોતરના પણસોરા, થામણા, ડંડુસર, હાથેજ, નડિયાદ, સોજિત્રા, કણજરી, મોંઘરોળી અને મૂળેજ એમ નવ ગામોમાં વસ્યા હતા. ઈ.સ. ૧૦૨૪માં સૌરાષ્ટ્ર અને ગુજરાતના બ્રાહ્મણો મદ્રાસમાં વસ્યા હતા અને ઝવેરાતના ધંધામાં પડ્યા હતા. ઈ.સ. ૧૦૮૦માં આ બ્રાહ્મણો ચરોતરમાં આવ્યા અને ઈ.સ. ૧૪૪૮માં મહમુદ બેગડા તથા રા' માંડલિકના સમયમાં આ બાજ ખેડાવાળો ઉમરેઠમાં આવીને વસ્યા હતા. ઉમરેઠમાં સૌ પ્રથમ વસવાટ કણજરીના કૌશિક ગોત્રી કીશનજી દવેના વંશજ દવે ઘરણાજી હતા.

સૌરાષ્ટ્રમાં અમરેલી, ભાવનગર, રાજકોટ, મોટા લીલીઆ, ચીતળ, કોટડાપીઠા, જેતપુર, જૂનાગઢ, વીરપુર, ગોંડળ, જામનગર, ધારી, જોશીપુરા, મજેવડી, ધોરાજી, ઉપલેટા, રાણસીકી, શિહોર, પાલીતાણા, ઢસા, કરિયાણા, કુંકાવાવ મોટી અને નાની, બગસરા, અનીડા, દેવળિયા, પીઠવાજાળ, અમરાપુર, ભેંસવડી, કેરાળા, બેડલા, બાબરા, આંકડિયા, ખુશીપુરા, મણાકા, મોટી ખીલોરી, વરેડી, ચુડી, નાથપુર, લુણીધાર વગેરે ગામોમાં તેઓ ગુજરાતમાંથી આવીને વસ્યા છે.

'બાજ ખેડાવાળ' પત્રિકામાં જણાવ્યા પ્રમાણે આજથી એક સદી પહેલાં સૌરાષ્ટ્રના બાજ ખેડાવાળ બ્રાહ્મણોની આર્થિક પ્રવૃત્તિ ખેતી, વ્યાપાર અને નોકરી હતી. નોકરીમાં મુખ્યત્વે શિક્ષકોની નોકરીનું પ્રમાણ વિશેષ હતું. સૌરાષ્ટ્રના બાજ ખેડાવાળમાં જ્ઞાતિનું બંધારણ હતું. સૌરાષ્ટ્રના બાજ ખેડાવાળ બ્રાહ્મણો વેપાર અર્થે સૌરાષ્ટ્રની બહાર નીકળેલા છે. સને ૧૯૧૭ની વસ્તી ગણતરી પ્રમાણે સૌરાષ્ટ્રના બાજ ખેડાવાળ બ્રાહ્મણોની વસ્તીમાં ૭૬૪ કુટુંબો અને વસ્તી કુલ ૩૬૧૮ માણસોની હતી. આજે તો આ વસ્તી અનેકગણી વધી ગઈ છે. આ બાજ ખેડાવાળ ભાઈઓના વડવાઓ (પૂર્વજો) ગુજરાતમાંથી કાઠિયાવાડમાં વેપાર અર્થે તથા રાજ્ય–સંસ્થાનોમાં નોકરી અર્થે ગયેલા. અને ધીરે ધીરે ત્યાં જ નિવાસ કરી રહેલા. સમયના વહેણ સાથે તેમના સંતાનો પણ મૂળ વતનને વિસરી ગયા. અને કાઠિયાવાડ પ્રત્યે મમત્વ બંધાયું. વળી કાઠિયાવાડમાં તેમની સંખ્યા ઠીક ઠીક હોવાથી લગ્ન વગેરે બાબતોમાં પણ ત્યાં જ અનુકૂળતા હોવાથી તેઓને ગુજરાતના બાજ ખેડાવાળોની ખોટ ખાસ જણાઈ નહીં. ○

# અમારી ખેડાવાળ જ્ઞાતિનો ઈતિહાસ

(ઈ.સ. ૧૯૧૦)

ધૂમકેતુ

મહારાજાધીરાજ જયશીખરના પ્રતાપી પુત્ર વનરાજ રણધીર રાજરાજેશ્વર મહારાજના વખતમાં દિલના ભોળા પણ સ્વદેશાભિમાની સદ્‌ગુણોથી ભરપુર નીતિવાન બ્રાહ્મણો હતા. જે વખતે વનરાજ ચાવડાને ભુવડથી નાસી જંગલમાં રખડવું પડ્યું હતું, તથા પોતાની સ્થિતિનુસાર વર્તન કરવું પડ્યું હતું તે વખતે પોતાનો રાજા પોતાના દેશ માટે ગુજરાતી–લોક આતુર હતા. જુના વખતનું વસેલું ખેડા શહેર સદા સ્વદેશાભિમાની લોકથી ભરપુર હતું. તે વખતે ત્યાં વસતા બ્રાહ્મણો ઉપર જણાવ્યા ગુણવાળા હોઈ ખેડાવાળ કહેવાતા. તેઓ સ્વદેશાભિમાનથી તથા હિમ્મતથી ભુવડ રાજાની દરકાર ન કરતાં પોતાના દેશના રાજા વનરાજને મદદ કરી, તેથી જો કે ભુવડ ઈતરાજી થયો, પણ 'અમર કીર્તિપાળ ખેડાવાળ સ્વદેશાભિમાની' ઉપનામશી પ્રસિદ્ધ પામ્યા.


કાલ કાલનું કામ કરે છે. તે પ્રમાણે વનરાજે ભુવડનું મૃત્યુ થતાં રાજ સ્વાધીન કર્યું. (વનરાજ ચાવડો પુસ્તક વાંચો) ત્યાર પછી ખરા અને વફાદાર મિત્ર કામ બજાવે તેવું કામ બજાવનાર ઉંચ બ્રહ્મ ખેડાવાળાને તેણે સારી મદદ આપી તે સાબિત છે.

નિમકહલાલ વફાદાર સ્વદેશાભિમાની ખેડાવાળને ત્યારપછી કેવી સ્થિતિ હતી તે મુળરાજ સુધી જણાયું નથી. મુળરાજ સોલંકીએ પ્રાયશ્ચિત કરી રૂદ્રમાળનો આરંભ કર્યો તે વખતે ખેડાવાળને દાનમાં જમીન (ગુજરાતમાં) આપી હશે. વધારે બ્રાહ્મણની જરૂર પડતાં ઉત્તરમાંથી મગાવ્યા તે ઉત્તરૌદિચ્ય–ઔદિચ્ય જ કહેવાણા.

આ ઉપરથી ખેડાવાળ અસલના ને ઔદિચ્ય પાછળથી આવેલા, તેથી તેને ભાલમાં ગામ દાન આપ્યાં. કાઠિયાવાડમાં તે વખતે ખેડાવાળ હશે તો તેને કાઠિયાવાડમાં દાન જમીન આપ્યું. ત્યારપછી કે પછી ગમે ત્યારે ખેડાવાળ કાઠિયાવાડમાં આવેલા, કે મુળથી જ કાઠિયાવાડમાં વસેલા તે કોઈ અનુમાન લાયક નથી.

(જોડણી મૂળ પ્રમાણે રાખી છે.)

○



રેલ્વે ટીકીટ રીઝર્વેશન
જય જગદીશ
સ્ટેશનર્સ

# કાઠિયાવાડમાં બાજ ખેડાવાળ બ્રાહ્મણો

(સ્થળાંતર અને વસવાટ)

દક્ષિણમાંથી ખેડબ્રહ્માની યાત્રાર્થે નીકળેલા બ્રાહ્મણો ઈડર અને તેની આસપાસ વસ્યાં; અને તેમાંથી બાજ અને ભીતરા એવા બે ભેદ ખેડાવાળોના પડ્યા. આ વાત સૌ કોઈ જાણે છે. ઈડર અને તેની આસપાસના પ્રદેશમાંથી કેટલાક ખેડાવાળો ધંધાર્થે ગુજરાતમાં ફેલાયા. કેટલાક અમદાવાદમાં જઈ વસ્યા. અમદાવાદમાં વસેલા બ્રાહ્મણોમાંથી કેટલાકે રાજકારણમાં પગપેસારો કર્યો; અને અમદાવાદના સુલતાનોના રાજમહેલો સુધી સત્તા જમાવી. આ જમાવટને પરિણામે એકાદ સુલતાનની કપરી નજર આ ખેડાવાળ બ્રાહ્મણો પર પડી; અને એ રાજદ્વારી પુરુષો જીવ બચાવવા અમદાવાદ છોડી ચાલ્યા ગયા.

આ ચાલ્યા ગયેલાઓમાં કોઈ રાયા મ્હેતા નાયક હતા; એવી એક દંતકથા છે. આ મહેતા કુટુંબો કાઠિયાવાડમાં અમરેલી મહાલમાં અત્યારે ખારાપાટને નામે ઓળખાતા પ્રદેશમાં આવેલી 'અરિષ્ટા' નગરીમાં જઈ વસ્યા. સમય જતાં અરિષ્ટનેમી કે એવા કોઈ રજપૂત રાજાના સમયમાં રાજકુટુંબના કોઈ માણસે કોઈ બ્રાહ્મણ બાળા ઉપર અત્યાચાર ગુજાર્યો. તેના પરિણામે નગરીની અંદર જ આ ખેડાવાળ બ્રાહ્મણો અને રજપૂતો વચ્ચે તુમુલ યુદ્ધ થયું. આ યુદ્ધના પરિણામે આખી જ નગરીનો નાશ થયો. અને એ શહેરનાં ખંડિયેરો 'હઠીલાનો ટીંબો' એ નામે પ્રખ્યાત છે. અને ત્યાંની ભૂતાવળ વિશે એવી ભય ભરેલી વાતો છે કે, બપોરે અને મધ્યરાત્રીએ આ ટીંબાનો રસ્તો તદ્દન ઉજ્જડ જ રહે છે.

આ વિનાશમાંથી બચેલા અથવા યુદ્ધ થતા પહેલાં નગરી બહાર નીકળી ગયેલા ખેડાવાળ બ્રાહ્મણો અમરેલી, ચિત્તલ વગેરે સ્થળોએ લેઉઆ પાટીદારોના આશ્રયે જઈ વસ્યા; અને એના પરિણામે તેમના આશ્રયદાતાઓના કેટલાક રીતરિવાજો અત્યારે પણ કાઠિયાવાડના બાજ ખેડાવાળોના લગ્ન પ્રસંગો વખતે જોવામાં આવે છે : જેમ કે કલવો (એક પ્રકારનું ખાણું), તથા લગ્ન વખતે વરરાજાના હાથમાં તલવાર અથવા કટારી આપવી વગેરે.

○


ખેડાવાળ બ્રાહ્મણ પરિવારોને જય મહાદેવ

❑ પ્રદિપભાઈ ત્રંબકલાલ દવે ❑ દીપક (લાલો) ત્રંબકલાલ દવે

**હંસા પ્રોવીઝન સ્ટોર**

૫–સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર સોસાયટી, આફ્રિકા કોલોની પાસે, રાજકોટ. ફોન : ૨૫૭૦૩૧૧

# અતીતના આયનામાં

રાજાશાહીના વખતમાં કેટલાક ખેડાવાળ બ્રાહ્મણો ઉચ્ચ હોદ્દો શોભાવતા હતા. રજવાડાંમાં આવી અનેક ઉચ્ચ પદ્વીઓને કારણે સૌરાષ્ટ્રમાં બાજ ખેડાવાળ બ્રાહ્મણોની વસ્તી ફેલાયેલી છે. તેમને રજવાડાં તરફથી જમીન -- જાગીરો મળતી હતી. તેથી તેમનો ત્યાં કાયમી વસવાટ થયેલો છે. સૌરાષ્ટ્રની અરાજકતાના સમયમાં ઘણાં રજવાડાંની સંરક્ષણની જવાબદારી પણ ખેડાવાળોએ સંભાળી છે. અને જરૂર પડે પોતાના પ્રાણના જોખમે અને ભોગે તે જવાબદારી અદા કરી છે. આથી જ ખેડાવાળ કલમ, કડછી અને બરછીનો નિષ્ણાત ગણાતો રહ્યો છે.

'ગુજરાત સર્વસંગ્રહ'માં બાજ ખેડાવાળ વિશે આ પ્રમાણેની નોંધ છે : ખેડાવાળ મજબૂત બાંધાના, મહેનતુ, કરકસરથી રહેનારા, આગળ પડતા, નાતીલાનો ઉપકાર ન જ લે એવા, અને માથાભારે છે. સૌરાષ્ટ્રના ખેડાવાળોની સ્થિતિ સામાન્ય છે.

જૂના વખતમાં ખેડાવાળો નાણાં ધીરધારનો ધંધો પણ કરતા. ગ્રામ્ય વિસ્તારોમાં તેઓ ખેડૂતો વગેરેને જમીન, દરદાગીના પર ધીરાણ કરતા અને વ્યાજ કમાતા. ખભે ખલતો (ઝોળી) અને તેમાં ખાવા માટે સુખડી, ઘસિયો કે સાથવો તથા પાણી પીવા માટે દોરી–લોટો, એક પંચિયું રાખતા. જ્યાં જાય ત્યાં ચાલીને જ જતા. જ્યાં કૂવો આવે ત્યાં દોરી–લોટા વડે પાણી કાઢી, ભોજન કરતા. હાથમાં દંડો કે જાડી લાકડી રાખી ઉઘરાણીએ સવારે નીકળી પડતા અને સાંજે ઘરે પાછા આવતા. તેમને ચોર, લૂંટારા કે ડાકુઓનો ડર ન હતો. પગમાં ખાસડાં પહેરતા. તેથી ગામડાંઓમાં ખેડાવાળો માટે એક ઉક્તિ ઘણી જ પ્રચલિત હતી :

*ટૂંકી શી પોતડી ને માથે મોટા વાળ,*
*ખસડ પસડ ખાસડાં, એ જાણો ખેડાવાળ.*

ગુજરાતી ભાષાના તેજસ્વી સાહિત્યરત્ન 'ધૂમકેતુ' ઘણી વખત તેમના પ્રવચનમાં આ ઉક્તિ કહેતા. જૂના વખતમાં બાજ ખેડાવાળ બ્રાહ્મણોના જમણવારમાં જમતી વખતે છેક છેલ્લે, ભાત પીરસાતા પહેલાં નજીકના સ્નેહીજનોનાં મુખમાં પરાણે મિષ્ટાન્નનાં બટકાં ખવરાવવા (ખોસવા)માં આવતાં તેને સૌરાષ્ટ્રના બાજ ખેડાવાળો 'ફાસરા' દેવા કહેતા.

## લગ્ન અને કલવો

સૌરાષ્ટ્રના બાજ ખેડાવાળ બ્રાહ્મણોમાં અગાઉના વખતમાં લગ્નનો રિવાજ કેવો હતો એ જાણવા જેવું છે. જાન પરગામ જાય તો બે દિવસ રહેતી. અને રોજ બંને વખત મિષ્ટાન્ન હોય. જાન સવારે ૧૦–૧૧ વાગે આવતી ત્યારે કલવો જમાડવામાં આવતો. કલવામાં દહીંથરાં હોય. તેને ભાંગી તેમાં ગોળ મેળવાતો. અને ઉપર તામડીની ધારથી ઘી પીરસવામાં આવતું હતું. ઘીની વાડકીઓ હતી નહીં. કેટલાક પુરુષો શેર ઘી ઉઠાવી જતા. કલવાની ટંકનું આ ભોજન તો ફરજિયાત હતું. પછી બીજી ટંકે ગમે તે હોય. કળીના લાડુ, જલેબી, મેસૂબ, મોહનથાળ, લાડુ વગેરે પણ કરવામાં આવતા. વરાંઠી લગભગ ફરજિયાત હતી. (વરાંઠી એટલે લગ્ન પછી ઘેર થતો જમણવાર). તેમાં ૩૦–૩૫ રૂપિયા ખર્ચ થતો !

○

# કાઠિયાવાડનું એક જૂનું પેઢીનામું

રાયારામ મ્હેતા

કાઠિયાવાડમાં હાલ વસતા ખેડાવાળો મૂળ ગુજરાતથી ગયેલા. કહેવાય છે કે, તેઓ ક્યારે ગયેલા તેની ચોક્કસ તારીખ મળતી નથી. પણ એ તારીખ પર કંઈક અજવાળું નાખી શકે એવી પેઢીનામાની નાની યાદી મળી આવી છે.

કેટલાંય વર્ષો ઉપર 'રાયારામ મ્હેતા' નામના એક ખેડાવાળ ગૃહસ્થ થોડા માણસોને લઈને કાઠિયાવાડ ગયા. એ મૂળ 'દવે' કહેવાતા. પણ કાઠિયાવાડમાં જઈને મ્હેતાનો ધંધો, દરબારની મ્હેતાગીરી, કે વ્યાજવટું વગેરે કરવાથી મ્હેતા કહેવાયા. એ રાયારામ મ્હેતાના પેઢીનામાનો જે ટૂકડો મળ્યો છે તે નીચે પ્રમાણે છે :

ગંગાદત્ત (મૂળ પુરુષ)

↓

નરસંગ

↓

પદ્માકર

↓

અજો

↓

દામોદર

↓

રાયારામ (જે સૌ પ્રથમ કાઠિયાવાડ ગયેલા તે)

↓

હરિદાસ

↓ ↓ ↓

મોરારજી ગોવિંદજી વેલજી

↓ ↓ ↓ ↓

દામોદર દેવકૃષ્ણ દેવો પદ્માકર

'પહેલા મ્હેતા કલ્યાણકા, ને બીજા મ્હેતા જંડા,
ત્રીજા મ્હેતા શંખાણી, ને ચોથા કાળકંડા.'

એમ કહેવાય છે કે, અલાઉદ્દીન ખિલજીનો સેનાપતિ મલેક કાફૂર ગુજરાતના રાજા કરણ ઘેલાના નાગર પ્રધાન માધવની સાથે ગુજરાત જીતવા ગયો એ વાત સુપ્રસિદ્ધ છે. અને એક એવી દંતકથા છે કે, એ સમયે મલેક કાફૂરને હરસનું દર્દ હતું. એ દર્દની દવાની શોધમાં મલેક કાફૂરને રણછોડ જોશી નામના એક 'બાજ ખેડાવાળ' વૈદ્યની ઓળખાણ થઈ. ઘણી ઘણી આજીજી અને સમજાવટને અંતે વૈદ્યે કહ્યું, 'મ્હારા દેશને દુ:ખ ન દે તો ત્હને દવા આપું' કાફૂરના કોલ ઉપર જોશીએ રામબાણ દવા આપી. અને એનો હરસનો રોગ મટાડ્યો. એના બદલામાં લાવ–લશ્કર આપીને કાફૂરે રણછોડ જોશીના જમાઈને ગુજરાતથી હઠીલાનો ટીંબો જીતવા મોકલ્યા, જેણે હઠીલાનો ટીંબો જીતી ત્યાં પોતાની રાજધાની કરી. એ હઠીલાનો ટીંબો જીતનાર રણછોડ જોશીનો જમાઈ તે 'ગુજરાતના બાજ ખેડાવાળ રાયારામ મ્હેતા.' તેમણે કાઠિયાવાડમાં બાજ ખેડાવાળોનું આવી રીતે પહેલવહેલું થાણું નાખ્યું.

હઠીલાનો ટીંબો જીતવા અંગે એવી દંતકથા છે કે, હઠીલાનો રાજા હઠીસિંહ વ્યભિચારી હતો. એનો અત્યાચાર એટલો બધો હતો કે,ગામની કોઈપણ સ્વરૂપવાન સ્ત્રી મુશ્કેલીથી શીલવતી રહી શકતી. વધારામાં એવું કહેવામાં આવે છે કે, તેની જુલમી હિંમત એટલી હદ સુધી પહોંચેલી કે, એના ગામની પાદરમાં થઈને જતી દરેક જાનની નવવધૂને એ પોતાની મેડીએ એક દહાડો રાખતો અને બીજી સવારે જ જાન ત્યાંથી પસાર થઈ શકતી. એક દિવસ કોઈ ચારણની જાન આવી. અને એમાં ચારણની નવવધૂ ઉપર જુલમ ગુજરતાં એણે શાપ આપ્યો ને પરિણામે ઓચિંતા આખા હઠીલાના ટીંબામાં ભયંકર આગ લાગી. જીવ બચાવવા રાજા ગાભરોગાભરો નાઠો. નાસતી વખતે પાછું ફરીને જોવાની સલાહ ન માનતાં તેણે પાછું વળીને જોયું. ત્યાં ફટાક કરતી વાંસની એક કતળી એના લમણામાં વાગી ને ત્યાં જ એ મરણતોલ થઈ પડયો. હજુ પણ એ જગ્યાએ હઠીઆ રાજાની ખાંભી છે. હઠીલાનો ટીંબો જીતવાનું આ પણ એક કારણ હતું, જેનો રણછોડ જોશીએ દવા આપી મુત્સદ્દીગીરીથી મલેક કાફૂરનો લાભ લીધો.

આ હઠીલાના ટીંબે જવા ભાવનગર સ્ટેટ રેલવેના જીરા સ્ટેશને ઉતરી ત્યાંથી પૂર્વમાં એક માઈલ ભુવા જવું. ત્યાંથી પૂર્વમાં ત્રણ ગાઉ દૂર ધાર છે; જ્યાંથી હઠીલાનો ટીંબો ઈશાન ખૂણે એક ગાઉ થાય. આ ટીંબો ગીરની ધાર પૂરી થતી હોય એ અર્થનું સૂચક છે. આ હઠીલાના ટીંબાને ફરતો બાર ગાઉનો ઘેરાવો હતો. અને નાના મોટા ચાર ટેકરાઓનો બનેલો હતો.

હઠીલાનો ટીંબા જીત્યા પછી આ રાયારામ મ્હેતા તેના દરબાર બન્યા. એમને ઘેર બાર હાથી ઝૂલતા હતા. અને તેરમો હાથી બાંધવાનો મનસૂબો કર્યો. તેવામાં સ્વપ્નમાં દેવીએ દેખા દઈ કહ્યું કે, 'હવે વધારે માયા ના બાંધ.' પણ દેવીની ઉપરવટ થઈને તેમણે તેરમો હાથી બાંધ્યો. અને પછી 'કાગનું બેસવું અને તાડનું પડવું.' એ ન્યાયે બહારનું લશ્કર આવ્યું. અને ગામ ભાંગ્યું. રાયારામ મ્હેતા અને એમની ફોજ કપાઈ જાય, અને શત્રુઓ ગામનો કબજો લે તે પહેલાં તેમણે, એમનાં સ્ત્રી, પુત્રને થોડાક રખાઓ (રક્ષક) સાથે બહાર નસાડી મૂકેલાં. આ હઠીલાના ટીંબાની પૂર્વે એક વાવ છે. વાવ બહુ નાની છે. લોકો તેને સાસુ–વહુની વાવ કહે છે. કોઈના મતે આ વાવ રાયારામ મ્હેતાની બંધાવેલી છે. કોઈ કહે છે, રાયારામ મ્હેતા હઠીલાના દરબારના મ્હેતા ઊર્ફે કારભારી હતા; અને તેમના વખતમાં આ વાવ બંધાવેલી અને હઠીલા પડ્યું ત્યારે તેઓ બંને હયાત હતા. ગમે તેમ હોય પણ પાછળના ભાવનગર દરબારે આ વાવ સમરાવી છે.

હઠીલાનો ટીંબો ભાગવાના આખર સમયે રાયારામ મ્હેતાનાં સ્ત્રી, પુત્ર અને કેટલાક રખાઓ નાસી છૂટેલા તે અંટાળીઆ ગામે આવ્યા. આ અંટાળીઆમાં એક મહાદેવના લિંગની પ્રતિષ્ઠા આ રાયારામ મ્હેતાએ કરાવેલી, એમ કહેવાય છે. અંટાળીઆ મહાદેવ જવા ભાવનગર સ્ટેટ રેલવેના મોટા લીલીઆ સ્ટેશને ઉતરી ત્યાં ઓતરાતા (ઉત્તર દિશા) બે ગાઉ દૂર અંટાળીઆ ગામ જવું પડે. ગામ મૂકી અડધા માઈલના પટવાળી 'ગામડીઉં' નદી પાર ઉતરી જઈએ એટલે 'અંટાળીઆ મહાદેવ' આવે.

જ્યારે હઠીલા ટીંબાની પડયાની, અને રાયારામ મ્હેતાના કપાયાની ખબર સાંભળી ત્યારે ઊગતા સૂરજી મ્હેતાનાં પત્ની આ સ્થાને સતી થયેલાં, અને બચેલા માણસોએ ત્યાં મહાદેવ બંધાવ્યું. આ મહાદેવની પૂજા માટે હજી પણ રાયારામ મહેતાનાં વંશજો 'કલ્યાણકા મ્હેતા' દરેક ભાદરવા માસના પહેલા રવિવારે ત્યાં શ્રીફળ વધેરે છે. અને જો કાર્યવશાત્ ત્યાં જઈ ન શકાય તો ઘેરથી આ મહાદેવની દિશામાં–દિશા તરફ શ્રીફળ વધેરે છે.

આમ દંતકથાઓ અને લોકવાયકા ઉપર રાયારામ મ્હેતાનું હઠીલા, હઠીલાની ગાદી, ગાદીની સ્થાપના, ગાદીની પડતી, વાવની માલિકી, અને મહાદેવની પ્રતિષ્ઠા, આટલાથી રાયારામ મ્હેતા; અને એમના જીવનની સિદ્ધિ લોકોની જીભના પુરાવા ઉપર ટકી રહી છે. નથી એમના માટે ઐતિહાસિક પુરાવા કે લેખો. વધારામાં રાયારામ મ્હેતા પણ ક્યારે થઈ ગયા એની પણ ચોક્કસ તારીખ અત્યારે મોજુદ નથી. કહે છે કે, આ બધી કથાઓ ભાટને ચોપડે લખાયેલી છે. અને જ્યારે જ્યારે ભાટ કાઠિયાવાડમાં ફરે છે ત્યારે ત્યારે આ કથાનું પારાયણ કરી જુના સારા દિવસોની યાદ આપી લોકોને સંતોષે છે. કેટલાક એમ કહે છે કે, એ ભાટના ચોપડા ગૂમ થયા છે. તો કોઈ કહે છે કે, ગુજરાત અને કાઠિયાવાડની સરહદ ઉપરના કોઈ ગામડામાં એ ચોપડા ગીરવે મૂકાયેલા છે.

## કાઠિયાવાડના બાજ ખેડાવાળોનું વસ્તીપત્રક (સને ૧૯૧૭)

કાઠિયાવાડમાં જ્ઞાતિભોજનો થાય છે ખરાં, પણ પ્રમાણમાં થોડાં. કોઈ સાધન સંપન્ન માણસ પાછો થાય (મરણ પામે) ત્યારે તેના કુટુંબીઓ ન્યાત સમસ્તને ભોજન માટે નોંતરે. અને ગામેગામ કંકોતરીઓ લખી મોકલે. ગામ–પરગામથી ન્યાતિલાઓ અગિયારમાના દિવસે આવી, બે દિવસ રહી તેરમાની સવારે વિદાય થઈ જાય. આ પ્રસંગે લ્હાણું કરવાનો રિવાજ છે. આ લ્હાણું વ્યક્તિ દીઠ નહિ પણ ઘર દીઠ આપવામાં આવે છે. આવા મેળાવાઓમાં ગામે ગામથી લોકો આવી ન શકે. અને આવે તો પણ બધાથી આવવાનું બની ન શકે; એ સ્વાભાવિક છે. વળી આવા પ્રસંગે સામાન્ય રીતે મરદો જાય એટલે ઘેર સ્ત્રીઓ અને બાળકો રહી જાય. આવો વિચાર શ્રી હરજી હરિરામ મ્હેતાને સાલવાથી તેમણે ગામેગામ ફરીને જ્ઞાતિભોજન આપવાની હામ ભીડી. આ ભોજનની પાછળ મરણક્રિયા જેવું કોઈ કારણ ન હતું. પણ સમગ્ર બ્રહ્મભોજન એ જ એમનો આશય હતો. અને એમ ગામેગામ અને ઘેરઘેર ફરવાનું થતાં, કોઈ ધન્ય પળે 'વસ્તી પત્રક કરી લેવાય તો ઠીક' એવો વિચાર એમને સ્ફુર્યો, અને વગર મહેનતે અને ઓછા ખર્ચે ટુંક મુદતમાં વસ્તીપત્રક તૈયાર થઈ ગયું. આ ભોજનમાં આશરે રૂપિયા ૧૩૫૦ જેટલો ખર્ચ થયો હતો.

○

# કાઠિયાવાડી કલવો

કાઠિયાવાડના બાજ ખેડાવાળોનો આ ચિરપરિચિત શબ્દ "કાઠિયાવાડી કલવો" એટલે શું ? એવો પ્રશ્ન અન્ય બાજ ખેડાવાળ જ્ઞાતિજનો તેનાથી અજ્ઞાત હોવાને કારણે મનમાં સહેજે ઉદ્‌ભવે. આ અજ્ઞાન ક્ષમ્ય છે. પરંતુ જો કલવાને માનસ, વાચા, અને વ્યક્તિત્વ હોત તો તે પ્રખ્યાત કવિ મિલ્ટનની જાણીતી ઉક્તિ માફક બોલી ઉઠત : "Not knowing me, argues theyself unknown:" (અરે ! તું મને જાણતો નથી ? ત્યારે તો તું પોતે જ અજ્ઞાની છે.)

આ કલવાપુરાણ, આપણા ચૂરમાપુરાણને મળતું છે. આ કલવો એ કાઠિયાવાડના બાજ ખેડાવાળોના લગ્ન પ્રસંગની વિશિષ્ટ વાનગી છે. બીજી કોઈ ન્યાતિ અમારી માફક કલવો કરતી હોય એવું જાણવામાં નથી. ખેડાવાળના ચતુર મગજે કલવાના ગુણને ક્યારે પારખી લીધો અને પોતાની જ્ઞાતિ માટે ક્યારે યોજી દીધો, એ વસ્તુનું અન્વેષણ હાથ ધરાવું જોઈએ. મૂર્તિમંત સાદાઈને જો કોઈ ભોજનમાં ઉતારવામાં આવી હોય તો તે 'કલવો' છે. અને સંપૂર્ણ રીતે ગુણવાળો સાત્વિક ખોરાક પૂરો પાડે એવી એક જ વાનગી કઈ હોઈ શકે એમ જો કોઈ પૂછે તો તરત જવાબ આપી દેવો જોઈએ કે, 'કલવો'. – અને એના અજ્ઞાનના સંપૂર્ણ વિનાશ અર્થે ઉમેરવું કે, 'કાઠિયાવાડની બાજ ખેડાવાળ કોમ ખાય છે, તે જ કલવો. ઉત્તમ પ્રકારના ગુણો ધરાવતી આ ઉમદા વાનગી તરફ આપણા પાકાચાર્યોએ બેદરકારી સેવી હોય એમ જણાય છે.

'કલવો' એ નામની ચિત્તને પ્રસન્ન કરે એવી વસ્તુ તે આ છે : ઘીમાં તળેલાં ઘઉંના લોટનાં મૂઠિયાંનો ભૂકો કરી, તેમાં ગોળ ભેળવી, અને તેને ઘી વડે આર્દ્ર કરી, બહુ જ સિફતપૂર્વક તૈયાર કરેલો એક ખાદ્ય પદાર્થ. એનું સેવન પણ સૌ વાનગીઓ કરતાં જૂદી જ રીતે કરવાનું હોય છે. કલવો ખાવો એટલે કલવો જ ખાવો. તેમાં દાળનો સબડકો, શાકનો સહકાર કે અથાણા–ચટણીનો ચટાકો, એવી કોઈ ચીજ સાથે ના જોઈએ. માત્ર કલવો એકલો જ ખાવાથી ભક્ષણશક્તિ જ્યારે ક્ષિણ થઈ જાય (પેટ ભરાઈ જાય) ત્યારે તેને ફરીથી ઉત્તેજીત કરવા માટે તેમાં દહીં રેડવાની પ્રથા અમારા કાઠિયાવાડમાં પ્રચલિત છે. કલવામાં દહીં રેડવાથી તેને આરોગનારની ભોજનશક્તિ દ્વિગુણીત થઈ જાય છે, એ અનુભવસિદ્ધ વાત છે. ઘી પચાવવામાં દહીં મદદ કરતું હોવું જોઈએ. કારણ કે કલવાનું અન્નપ્રાશન કરનાર વ્યક્તિને કદી વૈદ્ય–દાક્તર પાસે જવું પડ્યું હોય એ જાણવામાં નથી.

'કલવા' તરફનો આ પક્ષપાત, તેના પચી જવાના મુખ્ય ગુણને લીધે વધી જાય છે. અને તે સ્વાભાવિક છે. ઉપરાંત તેના બીજા ગુણો ધ્યાનમાં લેવા જેવા છે. અમેરિકાના પ્રસિદ્ધ શરીરશાસ્ત્રી શ્રી બર્નાર મેકફેડન કહે છે, "Indian Sweet-Ball is the most perfect food." (હિંદુસ્તાનનો લાડુ તે સૌથી સંપૂર્ણ ખોરાક છે.) ઉપરોક્ત કલવો એ લાડુનો એક પ્રકાર જ છે. લાડુ બનાવવા મૂઠિયાં કે ભાખરાને કચરીને તેમાં સગવડ પ્રમાણે ખાંડ કે ગોળ સાથે ઘી ભેળવીને આપણે તેને ગોળ પડઘીવાળો આકાર આપીએ છીએ. જ્યારે ઘીની બુભુક્ષા ધરાવનાર કાઠિયાવાડી બાજ ખેડાવાળોએ એમ નક્કી કર્યું કે, મૂઠિયાંના ગોળ ભેળવેલા ચૂર્ણમાં છૂટથી ઘી રેડવા દેવું અને તેને ઘટ્ટ પ્રવાહી (જાડી રબડી) જેવું કરીને સહેજ ઠરે એટલે તેનું ભોજન

કરવું. આમ જોઈ શકાશે કે આમાં મૂળ તત્ત્વો લાડુનાં જ છે. એટલે આપોઆપ એ પણ એક સંપૂર્ણ ખોરાક છે. આમ લાડુ તરફ પક્ષપાત ધરાવતા આપણા પૂર્વજોએ લાડુ નહિ, પણ લાડુ જેવા સંપૂર્ણ ગુણો ધરાવતો ઘીથી બદબદ એવો 'કલવો' આપણે માટે તૈયાર કર્યો.

કદાચ તમને એમ પણ થશે કે, ખાલી મૂઠિયાંના ભૂકામાં ઘી, ગોળ ભળે, એમાં એવું તે શું ચમત્કારી તત્ત્વ ઉત્પન્ન થઈ જાય છે કે તેને માટે કાઠિયાવાડના બાજ ખેડાવાળો આટલો બધો પક્ષપાત કરે છે ? તો તેને માટે કારણો પણ છે : પ્રથમ તો કાઠિયાવાડ એ સૂકો પ્રદેશ છે. મહા માસમાં પણ તડકો ભારે લાગે છે. જાન દૂરથી આવી હોય, અને એના સ્વાગત સમારંભમાં સહેજે બાર વાગી જાય. એટલે તડકામાં તપી ઉઠેલા એ માનવીય આગંતૂકોની ચિત્તશાંતિ માટે મરી–મસાલા જેવા ગરમ પદાર્થો રહિત (વિનાનું) સ્વચ્છ, સાદું અને સાત્વિક છતાં પૌષ્ટિક ભોજન એમને ધરી દેવું, એમ આપણા પૂર્વજોને લાગ્યું હશે. અને સૂર્યના તાપથી પરાસ્ત થયેલા જાનૈયાઓ આ દહીં મિશ્રિત પૌષ્ટિક અન્નબ્રહ્મથી પ્રસન્ન પણ થઈ જાય એવી તેમની ગણત્રી હશે. આ તેમનો પ્રયોગ સૈકાઓ થયાં, સફળ અને અનુકૂળ થતો આવ્યો હશે, એટલે આ કલવાએ પોતાનું ગૌરવભર્યું સ્થાન આવા લગ્નપ્રસંગે પ્રાપ્ત કરી લીધું હશે. આ કલવો જાન આવે ત્યારે તેને સૌથી પહેલા ભોજન તરીકે આપવામાં આવે છે. એ સિવાય ક્યારે ય પણ કરાતો નથી અગર આપવામાં (પછીના જમણવારોમાં) આવતો નથી.

બીજું એ કે, ખેડાવાળ કોમ તેની સાદાઈ માટે જગપ્રસિદ્ધ છે. એટલે આ સાદું ભોજન તેની વિશિષ્ટતાને કારણે સાદાઈ પણ વ્યક્ત કરે છે. તેમજ જૂના વખતમાં કાઠિયાવાડ એ ઘાસચારાવાળો પ્રદેશ હતો. લોકોની પાસે દૂધાળું પશુધન સારા પ્રમાણમાં હતું. સર્વેને ત્યાં દૂધ–ઘીની સરિતાઓ વહેતી. એટલે આર્થિક દષ્ટિએ ઘરનું ઘી હોવાને કારણે, કલવો પીરસવો એ એમને બોજારૂપ લાગતું નહિ. અત્યારની સ્થિતિ જોતાં અત્યારે કલવો પીરસવો એ ખૂબ જ મોંઘુ પડી જાય. એટલે હવે તેના તરફનો પક્ષપાત ભારે પડી જાય. અને આજના ચટાકેદાર જ્ઞાતિજનો તેને પચાવી શકે નહિ.

વળી બાજ ખેડાવાળ કોમે લડવૈયાઓ સારા પ્રમાણમાં પેદા કર્યા છે, એમ માનવાને પણ કારણ છે. આપણી કોમની શારીરિક શક્તિ અન્ય કોમોની સરખામણીએ સારી જણાય છે. ભૂતકાળમાં આ યોદ્ધાઓને (મૂળ તો કાઠિયાવાડ શૂરવીરોનો અને યુદ્ધોનો પ્રદેશ.) અહીં પોતાની ઘી પચાવવાની શક્તિનું માપ કાઢવાની તક મળતી હશે. અને તે ઉપરથી પોતાની શારીરિક શક્તિનું અભિમાન લેવાને કારણ મળતું હશે, એમ પણ માની શકાય. કારણ કે મુઠિયાંના થોડા ભૂકા ઉપર ઘીની આખી તાંબડી ઊંધી વાળનાર વીર ખેડાવાળો હજુ પણ ક્યારેક નજરે પડે છે. કેળવાયેલો, હતવીર્ય અને નાજૂક એવો આજનો મનુષ્ય આ વસ્તુને પરાક્રમ લેખતો નથી. પણ પહેલાંના પરાક્રમી ખેડાવાળો ઘી પીવાને પરાક્રમ ગણતા અને પોતાના ઘી પીવાના કાર્યમાં દ્વિગુણીત ઉત્સાહથી પ્રવર્તતા. અલબત્ત, આ પરાક્રમ તો માત્ર જ્ઞાતિજમણોની પંગતમાં જ, પોતાને ચોકે નહિ, (પોતાને ઘેર નહિ.) ઈતિ શ્રી કલવાપુરાણ સંપૂર્ણમ્.

○

# સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણોના કુળદેવ–દેવીઓ

(૧) કલ્યાણકા મહેતા / ભટ્ટના દેવ બાબરા પાસે કરિયાણા (જિલ્લો અમરેલી) નિવેદમાં ચોખા ૬૦૦ ગ્રામ, જમણી, શ્રીફળ, ધૂપદીપ હોય છે. માતાજી–કલ્યાણી માતાજી, કરિયાણામાં બિરાજે છે. સુરાપુરા કોટડાપીઠા મુકામે છે. નિવેદ મહાસુદ આઠમના રોજ થાય છે. જેમાં ચોખા, ખીર, વડા, લાપસી અને તલવટ થાય છે.

(૨) ઝંડા મહેતા : કુળદેવી રાંદલ માતાજી છે. જેઓ ધારીમાં શ્રી જીવન મુક્તેશ્વર મહાદેવમાં બિરાજે છે. નિવેદમાં ખીર, રોટલી, લાપસી, વડા, પુરી વગેરે થાય છે. આ બધી સામગ્રી સવાશેરના હિસાબે લેવામાં આવે છે. નિવેદ મહાવદ–૮ના રોજ થાય છે.

(૩) શંખાણી મહેતા : શંખાણી મહેતાના કૂળદેવી મોટા આંકડિયા છે. જેનું નામ કુલેશ્વરી માતાજી છે. કુળદેવતા પણ ત્યાં જ છે.

(૪) કાળાકંડા મહેતા : રાંદલ માતાજી, સનાળા જિ. અમરેલી. તા.કુંકાવાવ.

સુરધન બાપા : બટુકભાઈ પી. મહેતા મુ. બરવાળા બાવીશી, જિ. અમરેલી.

(૫) શાંડિલ્ય જોશી : કુળદેવી ઉમિયા માતાજી. બાબાપુર મુકામે છે. ખીર, રોટલી, શ્રીફળ, લાડુ, પુરી, તલવટ, ફુલવડા એમ નવ નિવેદ થાય છે. મહા અથવા આસોની આઠમે થાય છે.

(૬) પોલત્સ્ય જોશી : કુળદેવી અંબાજી માતા છે. જે જલાલપુર ગામે ઢસા જંકશન પાસે ભાવનગર જિલ્લામાં છે. નિવેદમાં ઘઉંના મીઠા પુડલા, રોટલી, ખીર હોય છે. સુરાપુરાનું સ્થાનક, રાજકોટ – ભાવનગર વચ્ચે ગલકોટડી ચાવંડ રોડને કાંઠે છે.

(૭) વ્યાસ : કુળદેવી લુણીધાર મુકામે છે. મૌલેશ્વરી માતાજી છે. સુરધનબાપા પણ ત્યાં જ છે. ખીર, ખીચડી, લાપસી, વડા, બાકળા, દીવડી, ચીંદરડી, પુરી, તલવટ વગેરે નવ નિવેદ છે. સુરધન બાપાના નિવેદમાં ચોખા, લાપસી, તલવટ, વડા છે.

(૮) ડણાંક : માતાજી મહાલીખ છે. પાંચ નિવેદ લાપસી, વડા, ખીર, રોટલી, તલવટ થાય છે. આ માતાજી રાંદલમાતા તરીકે પણ ઓળખાય છે. ચિતલમાં બિરાજે છે.

(૯) તણસોલિયા દવે : કુળદેવી મહેશ્વરી છે. ગારિયાધારથી આશરે પંદર કિ.મી. વેળાવદરમાં છે. ઘણાં જ્ઞાતિબંધુ લીલિયા પણ જાય છે. નિવેદ આસો સુદ આઠમના રોજ થાય છે. નિવેદમાં ખીર, રોટલી, તલવટ, પુરી, લાપસી વગેરે નવ નિવેદ થાય છે. ચાર વસ્તુ કાચી ધરાવાય છે.

(૧૦) રાકોળિયા દવે : કુળદેવી પિલ્લબાઈ માતા ચિતલમાં છે. નિવેદમાં તલવટ, અડદના

વડા, ઘઉં, ચોખા, શ્રીફળ, ફુલકા, ભાત વગેરે છે. સુરધન બાપા, મોટા કણકોટ (તા. લીલિયા, જિ. અમરેલી) 'કમલાનંદ ભવન'માં બિરાજે છે.

(૧૧) વસોયા દવે : (નિત્યપશ્ચ) નિતાંઈ માતાજી (તુળજા ભવાની) (બગલિયા દવે), મુ. બંડેલી, જિ. ખેડા.

(૧૨) આણંદકા દવે :

૧. સુરધન બાપા ઘુઘરાળા બાબરા પાસે છે. કુળદેવી રેવરાઈ ભવાની માતાજી, આત્રોલી મુકામે છે. દર લાભ પાંચમે ચોરાશી થાય છે.

૨. તેમજ ઘણાં લોકો કુંકાવાવ (મોટી) પણ જાય છે.

(૧૩) પાઠક : કુળદેવી તુલજા ભવાની છે. રાજકોટ જિલ્લાના ખીરસરામાં છે. દેવ નાની કુંકાવાવમાં છે. મહાવદ આઠમ નિવેદ દિવસ છે. તલવટ, વડા, ચોખા, લાપસી, રોટલી થાય છે.

(૧૪) ખંભોળિયા : કુળદેવી શ્રી હિંગળાજ માતાજી છે. તે પાકિસ્તાનના સિન્ધ પ્રાંતમાં બીરાજે છે. ત્યાં જઈ શકાતું નથી તેથી આ પરિવાર દ્વારા જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના શીલ ગામમાં મહેશભાઈ જે. ખંભોળિયાના ઘેર બીરાજમાન કરેલ છે. તેના નિવેદ મહા સુદ–૮ તથા આશો સુદ–૮ના થાય છે. નિવેદમાં વરા પ્રમાણે લાપસી તથા સુખડી થાય છે અને માતાજીને જારવામાં આવે છે. આ પરિવારના સુરાપુરા બાપા જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના માડાવડ ગામે ભીખુભાઈ ખંભોળિયાના ઘેર બીરાજે છે. તેમના નિવેદ આસો વદ–૧૪ના રોજ થાય છે. નિવેદમાં ચોખા સવા પવાલું (૫૦૦ ગ્રામ) તેમાં ખાંડ તથા ઘી નાખી બાપાને જારવામાં આવે છે તથા સવા પ્યાલો તલવટ બાપાને જારવામાં આવે છે. શ્રી આશાપુરા માતાજી માતાના મઢ (કચ્છ)માં પણ આ પરિવાર દર્શને જાય છે.

(૧૫) સીંધણિયા દવે : મૌલેશ્વરી માતાજી મૂળશંકરભાઈ દવેના ઘરમાં રામનગર–૬, બ્રાહ્મણ સોસાયટી, અમરેલી. સુરધન બાપા મૂળશંકરભાઈ દવેના ઘરમાં છે.

○

**કાઠિયાવાડના બાજ ખેડાવાળોની અટકો – ઉપનામો**

(૧) કલ્યાણકા મ્હેતા (૨) ઝંડા મ્હેતા (૩) શંખાણી મ્હેતા (૪) કાળગંડા મ્હેતા (૫) શંખાણી મ્હેતા ભટ્ટ (૬) વ્યાસ (૭) રાંકોળિયા દવે (૮) તણસોલિયા દવે (૯) આણંદકા દવે (૧૦) પૌનસીઆ જોશી (૧૧) શાંડિલસ જોશી (૧૨) પાઠક (૧૩) વસોઈઆ દવે (૧૪) શીંઘાણીઆ દવે (૧૫) ખંભોળીઆ (૧૬) ડ્ણાક (૧૭) ઢગટ (૧૮) ભટ (૧૯) ધાર ભટ

# ભોળા મા'રાજ




(ખેડાવાળોના ખમીરનું દર્શન કરાવતો આ કિસ્સો લેખક શ્રી ગિરજાશંકર કે. વ્યાસના પુસ્તક "પરદેશી સંન્યાસી"માંથી અત્રે પ્રસ્તુત છે. નાના સાહેબ પેશ્વા સંવત ૧૯૪૨ (સન ૧૮૮૬)ના ફાગણ વદી ૬ ને ગુરુવાર તા. ૨૫-૩-૧૮૮૬ના રોજ મોરબીમાં અવસાન પામ્યા. અને ત્યાં એમના દેહને અગ્નિસંસ્કાર દીધો, એવી ત્યાંના નગરશેઠના ચોપડામાં નોંધ છે. એમને રક્ષણ આપનારા લોકોમાં એક બાજ ખેડાવાળા બ્રાહ્મણ પણ હતો. નાના સાહેબ પકડાય તો એમના જે હાલ થાય તે હાલ એમને રક્ષણ આપનારના પણ થાય. તેમ છતાં એ ખેડાવાળ નીડર રહ્યો. અને નાના સાહેબ પેશ્વાએ એમનો પૂરેપૂરો ભરાસો પણ કર્યો. વ્યક્તિએ ખીલવેલા ગુણો સમાજમાં ઉતરે છે; વારસામાં પણ મળે છે. ઘેલા સોમનાથના આ ભોળા મા'રાજ આપણાથી ભૂલી શકાય તેમ નથી.)

૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામ પછી નાના સાહેબ પેશ્વા સૌરાષ્ટ્રમાં જુદા જુદા સ્થળોએ રહેલા. એવું એક સ્થળ હતું ઘેલા સોમનાથ. નાના સાહેબ રોજ શિવપૂજા કરતા. આસપાસ બાવળની ગીચ ઝાડી હતી. તેમાં જરૂર પડે ત્યારે છૂપાઈ જવાની સારી સગવડ હતી. એ પ્રદેશ કાઠી દરબારોનો હતો. એમનાથી ચોર-ડાકૂ તો ઠીક, પણ અંગ્રેજો સુદ્ધાં ડરતાં. એનાથી પણ વધુ આકર્ષણ ઘેલા સોમનાથની પૂજા કરતા સાત્ત્વિકવૃત્તિના બ્રાહ્મણોનું હતું. નાના સાહેબ જ્યારે યુવાન હતા; અને કાશીમાં અભ્યાસ કરતા હતા ત્યારથી જ એમણે બાજ ખેડાવાળ બ્રાહ્મણોને ઓળખ્યા હતા. શૂરા, સત્યવાદી અને ભોળા બાજ ખેડાવાળ બ્રાહ્મણો અહીં ઘેલા સોમનાથની આજુબાજુના વિસ્તારોમાં ઠીક ઠીક પ્રમાણમાં વસતા હતા. કરડ સ્વભાવના ગણાતા કાઠી દરબારો પણ બાજ ખેડાવાળ બ્રાહ્મણોને માન આપતા અને તેમના કહ્યા પ્રમાણે વર્તતા.

નાના સાહેબ ગૌર વર્ણના, પ્રચંડ કાય પુરુષ હતા. તેમની ચાલ ચપળ હતી. આંખો ચમકદાર હતી. એમને કોટડા પીઠા ગામના એક બાજ ખેડાવાળનો સાથ મળી ગયો. એ ખેડાવાળનું નામ હતું 'ભોળાનાથ'. બધા એમને 'ભોળા મા'રાજ' કહેતા. એ શરીરે મજબૂત, બળવાન અને નીડર હતા. બાબરા ગામના અંગ્રેજ થાણાના ઘણા સૈનિકો આ ભોળા મા'રાજના યજમાન હતા. બાબરા ગામના થાણદાર પોતે પણ એમના ભક્ત હતા. શ્રાવણ માસમાં અહીં ઘેલા સોમનાથમાં રહીને આખો માસ રુદ્રાભિષેક કરવાનું નાના સાહેબે વિચાર્યું. ભોળા મા'રાજ પણ અહીં પૂજા કરવા આવતા. એમણે નાના સાહેબને અભય વચન આપ્યું, 'જોખમ આવે તો હું જવાબદાર'. નાના સાહેબ નિશ્ચિંત બન્યા. તેમને પહેલેથી જ ખેડાવાળ બ્રાહ્મણો પ્રત્યે ભરોસો

તો હતો જ.

આ વાતની ગંધ રાજકોટની અંગ્રેજ કોઠીમાં ગઈ. એવી વાત ફેલાવી હતી કે, નાના સાહેબ નેપાળના જંગલમાં મૃત્યુ પામ્યા છે. પણ જ્યાં જરા જેટલી શંકા પડે ત્યાં તરત અંગ્રેજો તપાસ કરતા. ઘેલા સોમનાથમાં આવો કોઈ સાધુ છે એમ જાણતાં અંગ્રેજ પોલીસનો વડો હથિયારબંધ પોલીસની ટુકડી સાથે ઓચિંતો આવી ચઢ્યો. અને એક દિવસ સવારે સંન્યાસી વેશમાં રહેલા નાના સાહેબ અભિષેક કરી રહ્યા હતા ત્યારે એણે સિપાઈઓને મંદિરની ચારે તરફ ગોઠવી દીધા. જમાદારો મંદિરના ચોગાનમાં ખુલ્લા હથિયારે ઊભા અને પૂજા પૂરી થાય એટલે તેમને પકડી લેવા તૈયાર રહ્યા. આથી બ્રાહ્મણો રોષે ભરાયા. ભોળા મા'રાજ પાણીનો લોટો ભરી મંદિરમાં પહોંચ્યા. અને મોટેથી રુદ્રાભિષેકનો મંત્ર ભણતાં ભણતાં નાના સાહેબને બધી પરિસ્થિતિ જણાવી. પછી ઉપાય પણ કર્યો. એક બ્રાહ્મણનું ધોતિયું પહેરી લેવા કહ્યું; અને બીજું ધોતિયું ઓઢવા આપ્યું. એટલામાં પાંચ બ્રાહ્મણો ભગવાનને ધરાવવાનો થાળ લઈને આવી પહોંચ્યા. એમાંથી એકને ખસેડી નાના સાહેબને તેની જગ્યાએ ગોઠવી દીધા. નાના સાહેબ પેશ્વા બીજા બ્રાહ્મણો સાથે ભળી ગયા. અને થાળની સાથે પાછા નીકળી ગયા. અંગ્રેજ અધિકારી સંન્યાસીની રાહ જોતો જ રહ્યો : 'એ ક્યાં અલોપ થઈ ગયો ?'

ભોળા મા'રાજે નાના સાહેબ પેશ્વાનાં ભગવાં કપડાં ગોખલામાં સંતાડી રાખ્યાં. થોડીવારે બાબરા ગામના થાણદાર આવી પહોંચ્યા ત્યારે ભોળા મા'રાજે ગમ્મત કરી : 'ગોરો હાકેમ, બિચારો પ્રસાદ લેવા પણ ના રોકાયો !'

બીજી વાર એક વખત બાવળની કાંટ્યમાં ગોરા સિપાઈઓએ નાના સાહેબનો પીછો કર્યો. પેશ્વા આરામ કરી રહ્યા હતા. એમને જાણ થઈ કે પોતે ઘેરાઈ ગયા છે; પણ વિશ્વાસ રાખ્યો કે, ભોળો એમને નહિ ભૂલે. જરૂર કોઈ ઉપાય કરશે. ભોળા મા'રાજને જાણ થઈ એટલે એ ફિકર એણે પોતાને માથે લીધી. પોતે કુદરતી હાજતે જતા હોય એમ લોટો લઈને કાંટ્યમાં પેઠા; અને નાના સાહેબને મળ્યા. ધોતિયાને છેડે ખજુર, ખારેક, ટોપરાં અને પેંડા બાંધી ગયેલાં. તે પેશ્વાને પહોંચાડ્યાં. અને કહ્યું : 'હમણાં બીજે ખસવાનો વિચાર જ ના કરશો. સિપાઈઓ ઘોડેથી ઉતરતા જ નથી. અને કાંટ્યમાં ઘોડા ફરી શકે એમ નથી. નિશ્ચિંત રહેજો. ખાવાપીવાનું પહોંચાડતો રહીશ.' અંગ્રેજોના સિપાઈઓમાં ઘણા ખરા આ ભોળા મા'રાજને ઓળખતા હતા અને માન પણ આપતા હતા. રાજકોટ એજન્સીએ બાબરાના થાણદારને તપાસ કરવાનો હુકમ કર્યો; પણ એ તો પહેલેથી જ ભોળા મા'રાજના આશ્રિત હતા. અને એમણે આ ભોળા મા'રાજે લખાવ્યો તેવો રિપોર્ટ રાજકોટ મોકલી દીધો : 'રજવાડાનો કોઈ બહારવટિયો છૂપાઈ રહેલો; પણ દરબારના સિપાઈઓ પાછળ પડ્યા છે એમ જાણીને ગીરના જંગલમાં ચાલ્યો ગયો છે. એટલે વધુ તપાસ કરવા જેવી નથી.'

અને નિર્વિઘ્ને શ્રાવણ માસના અભિષેક પૂરા કરીને નાના સાહેબ પેશ્વાને આ ભોળા મહારાજે વિદાય કર્યા. પેશ્વાએ એમને ઈનામ આપવા માંડ્યું. પણ ભોળા મા'રાજ કાંઈ લે ખરા ! એ તો નિસ્પૃહી હતા અને દેશભક્ત પણ હતા.

○

# સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ વિદ્યાપ્રસારક મંડળ – રાજકોટ

સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ જ્ઞાતિના સર્વાંગી ઉત્કર્ષ માટે કાર્યરત આ સંસ્થાના આદ્ય સ્થાપક પ્રણેતા સ્વ. જેઠાલાલ મોરારજી મહેતા હતા. સંસ્થાના પ્રમુખ તરીકે ૧૯૩૪થી ૧૯૫૨ સુધી જટાશંકર નારણજી દવે, ૧૯૫૨થી ૧૯૫૫ સુધી રતિલાલ દામજી દવે, ૧૯૫૫થી ૧૯૮૦ સુધી શંભુશંકર હરિશંકર પાઠક, ૧૯૮૦થી ૧૯૯૨ સુધી ભાનુભાઈ ગૌરીશંકર મહેતા, ૧૯૯૨થી ૧૯૯૬ સુધી જયંતભાઈ હરિશંકર દવે, ૧૯૯૬થી ૨૦૦૧ સુધી ડાહ્યાભાઈ છોટાલાલ જોષી, અને ૨૦૦૧થી જનકભાઈ મગનલાલ મહેતા પોતાની સેવા આપે છે.

સંસ્થાની પ્રવૃત્તિઓમાં વિદ્યાદાન – પુસ્તક સહાય, વિદ્યાર્થીગૃહ, ઉત્સવોની ઉજવણી, રક્તદાન પ્રવૃત્તિ, સાંસ્કૃતિક પ્રવૃત્તિ, પ્રોત્સાહક ઈનામો, વૈદિક સંધ્યા–પૂજા વિધિ શિક્ષણ કેન્દ્ર, વાસણ સેવા, યુવા પ્રવૃત્તિ, મહિલા પરિષદ, જ્ઞાતિસહાય વગેરેનો સમાવેશ થાય છે.

રાજકોટના કાલાવડ રોડ ઉપર રોયલ પાર્ક શેરી નં. ૪માં હાલ આ સંસ્થા કાર્યરત છે. જ્યાં વિશાળ હૉલ અને ૪૦૦ માણસો માટેનું રસોડું થઈ શકે તેટલા વાસણોની સુવિધા છે. સંસ્થા દ્વારા ૨૦૦૨માં હાથ ધરવામાં આવેલ વસ્તી ગણતરી અનુસાર રાજકોટમાં જ્ઞાતિના ૪૫૦ કુટુંબો અને ૩૦૦૦ લોકો વસવાટ કરે છે.

આ સંસ્થા સાથે સંકળાયેલ ઘેલા સોમનાથ ખાતે જ્ઞાતિનું પાકું મકાન છે. જ્યાં જ્ઞાતિજનો વાસણ, પાગરણ વગેરે સુવિધા મેળવી શકે છે.



**શ્રી સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મસમાજના દરેક જ્ઞાતિબંધુઓને ખુબ ખુબ શુભેચ્છા...**

કનકરાય રામજી મહેતા
ભરતભાઈ કનકરાય મહેતા
વિમલભાઈ કનકરાય મહેતા
આદિત્ય વી. મહેતા
રાહુલ બી. મહેતા
આયુષ વી. મહેતા

અનિલભાઈ આર. મહેતા
મનિષભાઈ એ. મહેતા
પ્રશાંતભાઈ એ. મહેતા (સુરત)
હરેશભાઈ એસ. મહેતા (અમરેલી)
ઈન્દ્રવદનભાઈ એસ. મહેતા (સુરત)

સુરેશભાઈ પ્રાણલાલ દવે
યોગેશભાઈ પ્રાણલાલ દવે
મુકેશભાઈ પ્રાણલાલ દવે
પરેશભાઈ પ્રાણલાલ દવે (સુરત)
પ્રદ્યુમનભાઈ જે. મહેતા (રાજકોટ)
સ્વ. વસંતભાઈ સી. દવે (વિસાવદર)

ભીખુભાઈ વી. દવે
કિશોરભાઈ વી. દવે
અનિલભાઈ એચ. દવે
મુકેશભાઈ એસ. દવે
મેહુલભાઈ કે. દવે
મનિષભાઈ કે. દવે
રાઘવભાઈ કે. દવે (અમરેલી)

સ્વ. બાબુલાલ મોહનલાલ વ્યાસ
ધીરજલાલ મોહનલાલ વ્યાસ
દયાળજી મોહનલાલ વ્યાસ
લક્ષ્મીશંકર મોહનલાલ વ્યાસ
પ્રવિણભાઈ બાબુલાલ વ્યાસ
વિવેક કાંતિલાલ વ્યાસ (ઢસા જં.)

**ભરતભાઈ કે. મહેતા (બી.કે.)**
**વિમલભાઈ કે. મહેતા**
૧૬૩/ વિક્રમનગર સોસાયટી, ત્રિકમનગર ૧ની બાજુમાં, એલ.એચ. રોડ, સુરત.
ફોન : ૦૨૬૧ – ૨૫૪૦૯૬૨

○

**કનકરાય રામજી મહેતા**
બ્રાહ્મણ સોસાયટી, શિવમંદિર સામે, અમરલી. ફોન : ૦૨૭૯૨–૨૪૦૪૯૫

# અમરેલીની ખેડાવાળ બ્રાહ્મણ બોર્ડિંગ : જ્ઞાતિના શૈક્ષણિક વિકાસમાં એક વિશેષ ઘટના

કિશોરભાઈ મહેતા

રાષ્ટ્રની આઝાદીના પ્રથમ દાયકામાં સર્વત્ર શૈક્ષણિક વિકાસની ભૂખ વધી. ખેડાવાળ જ્ઞાતિ પણ તેમાંથી અલિપ્ત ન રહી શકે. તે વખતે રાજકોટમાં એક સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ વિદ્યા પ્રસારક મંડળ કાર્યરત હતું. જે વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકો પહોંચાડવાનું સ્તુત્ય કાર્ય કરી રહેલ. પણ તે દિવસોમાં શિક્ષણનો વ્યાપ બહુ જ મર્યાદિત હતો. ગામડામાં વધુમાં વધુ ચાર કે સાત ધોરણ સુધીની સુવિધા હતી. એટલે ૧૯૫૧ થી '૬૦ સુધીમાં વિવિધ જ્ઞાતિના છાત્રાલયો સ્થપાયા.

તે દિવસોમાં ખેડાવાળ બ્રાહ્મણ જ્ઞાતિનો બહુ મોટો સમુદાય – કર્મકાંડ – શ્રીમદ્ ભાગવત કથા – કેટલાક શિક્ષકો – તલાટીઓ વગેરે કામગીરી કરી ગુજરાન ચલાવતાં. સંપન્ન વર્ગ બહુ જૂજ હતો. ૧૯૫૩માં કોટડાપીઠામાં વિક્રમ સંવત ૨૦૦૯ના વૈશાખ વદમાં શ્રી કુરજીભાઈ રતનશીભાઈ મહેતાની ઉત્તરક્રિયા નિમિત્તે શ્રી ત્રિકમજીભાઈ મહેતા અને તેમના પરિવારે યોજેલા નાતતેડા વખતે શ્રી મયારામ પ્રાણજીવન જોષીની દરખાસ્તથી બોર્ડિંગની સ્થાપનાનો વિચાર થયો. અને તેમની જ નિષ્ઠા, મહેનત અને સ્વાર્પણ ભાવનાથી જૂન – ૧૯૫૪માં અમરેલીમાં તદ્દન સામાન્ય સાધનોની વચ્ચે બોર્ડિંગ શરૂ થઈ. આ ઘટના આજે એક અત્યંત મહત્ત્વની ઘટના લાગે છે. કારણ કે બોર્ડિંગ ટ્રસ્ટની સ્થાપના તો થઈ હતી, પણ એક પણ પૈસાની મૂડી નહીં. સીમમાં ખેતર નહીં – ગામમાં ખોરડું નહીં તેવી હાલત હતી. શ્રી



મયારામભાઈના પ્રયત્નો અને સતત ધ્યેયને વળગી રહેવાની ભાવનાથી અમરેલીનાં એ સમયનાં એક સાધન સંપન્ન ગૃહસ્થ શ્રી મણિલાલ રાયારામ મહેતાએ પોતાના કબજામાં રહેલું કસ્બાપા નામે ઓળખાતા વિસ્તારમાં એક કાચું મકાન સંસ્થા શરૂ કરવા ફાળવી આપ્યું. શ્રી મણિલાલ રાયારામ મહેતા તે સમયના અગ્રણી વ્યાપારી હતા. મુંબઈમાં હરિલાલ – મણિલાલની કું. એ નામે તેમનો મોટો વ્યાપાર હતો. અમરેલીના ચોરાપા વિસ્તારમાં તેમને રહેવા માટે પાકું અને સરસ મકાન હતું. જેસીંગપરામાં મહેતાવાડી નામે ઓળખાતા વિસ્તારમાં ત્યારે કાપડની નાનકડી ફેકટરી કાર્યરત થયેલી.

આગળ વધીએ તે પહેલાં જે મકાનમાં બોર્ડિંગની સ્થાપના થઈ તે મકાનને બરાબર યાદ કરી લઈએ. અમરેલીમાં સબજેલ પાસેથી બાજીશાના દરવાજા સુધી જવાનો એક રસ્તો હતો. આ રસ્તે જતા જમણી બાજુથી એક વિસ્તાર શરૂ થતો. તેને કસ્બા પા કહેવાતો. મુખ્યત્વે મુસ્લિમ બિરાદરોની વસતી ધરાવતા આ વિસ્તારમાં બોર્ડિંગનું મકાન આવેલું. એક ડેલી, પછી ઓસરી – બે રૂમ નીચે મોટા પણ માટીના ચણેલા. ભોયતળિયે પણ માટી – સાત – આઠ પગથિયાનો લાકડાનો દાદરો – ઉપર બે રૂમ – તેની ઉપર દેશી નળિયાનું છાપરું – નીચે હતી તેવી જ ઓસરી ઉપર. મકાનના ડાબા ભાગે પ્રમાણમાં મોટું ફળિયું. અને બે બેઠા ઘાટના એક જ માળની કાચી ઓરડી – લાઈટ નહીં – સંડાસ નહીં – પાણી ભરવાના બે ગોળા – પણ સંતોકબેન નામના કામવાળા ડબામાં પાણી ભરી આવે. છાપામાં આવેલી જાહેરાતથી પ્રેરીત થઈ બહુ થોડા વિદ્યાર્થીઓએ સંસ્થામાં દાખલ થવા અરજી કરેલી. આ નોંધ લખનાર તે વિદ્યાર્થીઓ પૈકી એક હતા. પ્રથમ વર્ષે અમો ચાર બહારગામથી આવેલા. બાલાશંકર દવે, ચિમનભાઈ મહેતા, ગીરજાશંકર પાઠક અને આ નોંધ લખનાર એટલે કે કિશોરભાઈ મહેતા પોતે. તેમાં ભાઈ ગીજુ પાઠક સિવાયના ધોરણ ૮માં હતા. અમને એકલું ન લાગે એટલા માટે શ્રી મયારામબાપાના બે ભત્રીજા જે તેમને ઘરે રહી અભ્યાસ કરતા તે શ્રી મનસુખલાલ નરભેરામ જોષી (ધો. ૧૧) તથા તેમના અનુજ શ્રી દલસુખભાઈ જોષી (ધો. ૯)ને અમારી સાથે મુક્યા. અમારા ગૃહપતિ તરીકે શ્રી મોહનલાલ દયારામ મહેતા નામના એક નિવૃત્ત શિક્ષક સેવા આપતા. તેઓ જ રસોઈ પણ બનાવતા. શરૂઆતના સમયમાં શ્રી મયારામબાપા પણ સૂવા માટે અમારી સાથે ઘરેથી દાતણ લઈને આવતા તે યાદ છે.

આ નોંધ લખનારે અગાઉ જૂનાગઢમાં એક–બે બોર્ડિંગમાં થોડો–થોડો સમય પસાર કરેલો. તેની સરખામણીમાં તદ્દન જુદી જ પરિસ્થિતિમાં આપણી બોર્ડિંગ શરૂ થયેલી. આટલી બધી મર્યાદાઓ – સંડાસ – બાથરૂમ કંઈ નહીં – ફાનસના અજવાળે વાંચવાનું – વરસાદના દિવસો હતા – છાપરામાંથી પાણીની ધાર થાય. પણ તેમાં સંતોષ એ બાબતનો હતો કે અમરેલીના પાદરમાં બે નદીઓ આખું વર્ષ વહેતી રહેતી. અમો જે પરિવારોમાંથી આવ્યા હતા, તેમાં આમાંથી ખાસ વિશેષ સમૃદ્ધિ ન હતી. સાથો–સાથ થોડા વખતમાં નવી–નવી સુવિધા થશે તેવી વાતો થતી. પારિવારિક વાતાવરણ મળતું. સાદો ખોરાક પણ અમને પચી જતો. પેટ ભરીને જમતા અને સૌથી વધુ આનંદ એ બાબતનો હતો કે અમોને ફોરવર્ડ સ્કૂલ જેવી શાળા મળી હતી. પ્રથમ વર્ષે માસિક રૂા. ૨૦/– લવાજમ હતું. તેમાં વેકેશન કાપી અપાતા પ્રથમ વર્ષ પૂરું થયું. ત્યારે મારા જેવાને તો રૂા. ૨૦/– પણ પરવડતા નહીં. એ દિવસોમાં શ્રી

મયારામભાઈ સાથે તેમનાં ટેકામાં શ્રી મણિલાલ મયારામ મહેતા, શ્રી વીરજીભાઈ પુરુષોત્તમભાઈ દવે અને અમારા ઘડતરમાં જેમણે સિંહ ફાળો આપ્યો છે તેવા શ્રી ચંદુલાલ કાનજી મહેતા જેમને સૌ સી. કે. સાહેબના નામથી ઓળખતા તેઓ હતા. મોટા આંકડિયાના શ્રી હિંમતભાઈ જોષી પણ સક્રિય હતા. એ સમયે મારે તો અભ્યાસ આર્થિક કારણસર છોડી દેવો પડે તેમ હતો. ત્યારે બોર્ડિંગે એક ક્રાંતિકારી નિર્ણય કર્યો અને માસિક લવાજમ રૂા. ૨૦/– માંથી માત્ર રૂા. ૧૨/– કર્યું. આ નિર્ણયે અમારા જેવાના જીવનમાં નવો વળાંક આપ્યો અને હું એસ.એસ.સી. સુધી ભણી શક્યો.

એ દિવસોમાં બોર્ડિંગ પાસે મૂડી ન હતી. દર વર્ષે દસ–દસ રૂપિયા આપવાના અને પાંચ વર્ષમાં રૂપિયા ૫૧/– આપવાના વચન મેળવેલા. છૂટક મદદ આવે, જમવા માટે થાળી–વાટકી અમો ઘરેથી લાવતા. થોડા રસોઈના વાસણ હતા. અમારે જરૂરી પાગરણ પણ અમે લાવતા. સ્વાશ્રય અને સાદગીના પાઠ અમને શીખવા મળ્યા. આટલી મર્યાદા વચ્ચે પણ અમો પ્રવૃત્તિ કરતા. બીજા વર્ષે પંદર જેટલા વિદ્યાર્થી થયા. સમસ્ત બ્રાહ્મણ બોર્ડિંગમાં અભ્યાસ કરતા શ્રી મનસુખભાઈ મહેતા પણ પોતાના છેલ્લા મહિના આપણી બોર્ડિંગમાં રહ્યાં. દર શનિવારે રાત્રે 'ડીબેટીંગ થાય' અમો અંદરો–અંદર પ્રવચનો કરીએ. વાંસડાના ઠુઠ્ઠાને જમીનમાં ખોડીને ધ્વજ વંદન કરીએ. હસ્તલિખિત અંક તૈયાર કરતા. એક નાનકડું પ્રદર્શન પણ ગોઠવ્યું હતું. અમરેલી જ્ઞાતિના ઘરે–ઘરે જઈ અમો નિમંત્રણો વેંચેલા. આ પ્રદર્શનનું ઉદ્દઘાટન કરવા ફોરવર્ડ સ્કૂલના સ્થાપક શ્રી છોટુભાઈ વિઠલાણી આવ્યાં ત્યારે તો ભયો ભયો થઈ ગયો. પહેલા જ વર્ષે એક નાટક ભજવાયું. સમય જતાં બોર્ડિંગના વિદ્યાર્થીઓ સ્કૂલની વિવિધ પ્રવૃત્તિઓમાં જાણીતા થયા. આ નોંધ લખનારનો અમરેલી શહેરની તમામ શાળાઓ વચ્ચે યોજાયેલ વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમ (૧૯૫૫–૫૬માં) આવ્યો. ઓહો હો થઈ ગયું !

૧૯૫૭–૫૮ એ બોર્ડિંગનું ચોથું વર્ષ. એ વખતે અમો એકંદરે સાત જણ એસ.એસ.સી.માં હતા. અમારે મન તે મોટી વાત હતી. અમારી વાત સ્વીકારી મુરબ્બીશ્રી સી. કે. મહેતા સાહેબે ૧૯૫૭ના ઓક્ટોબર માસમાં લાઈટ–સંડાસની સુવિધાવાળું પ્રમાણમાં સારું મકાન શ્રી વેરાઈ માતાના મંદિર પાસેના વિસ્તારમાં ભાડેથી અપાવ્યું. પહેલી વખત લાઈટવાળા મકાનમાં પ્રવેશી અમો ધન્યતા અનુભવતા હતા. ૧૯૫૮માં અમોએ એસ.એસ.સી.નો જંગ જીતી લીધો. અને બોર્ડિંગના ઈતિહાસનો પણ બીજો તબક્કો શરૂ થયો. ભાડાનું મકાન માત્ર રહેવા માટે જ હતું. રસોડું જૂના મકાનમાં ચાલુ રહ્યું. પણ ક્રમશઃ સંખ્યા વધતા સમાજને સંસ્થાની જરૂરિયાત સમજાવા માંડી. આર્થિક સહાય પણ ઠીક ઠીક મળતી હતી. આમ બોર્ડિંગનું ગાડું ધીમે ધીમે ગબડતું રહ્યું. ૧૯૬૬માં સંસ્થામાં વહીવટમાં પણ નવું લોહી આવ્યું. તે સમયે ઈન્કમટેક્ષમાં નોકરી કરતા શ્રી ભીખુભાઈ દવે જેઓ એમના નાનાભાઈ સાથે બોર્ડિંગના જૂના મકાનમાં વિદ્યાર્થી તરીકે રહેલા. તેઓ અને તેમની સાથેના થોડા યુવાનો સંસ્થામાં સક્રિય રસ લેવા માંડયા. તેમણે એક વિચાર કર્યો જે નામ બોર્ડિંગના ઈતિહાસમાં એક નવું પ્રકરણ આલેખાયું.

બોર્ડિંગના લાભાર્થે એક શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન વિચાર્યું. તે વખતે મૂળ ધારીના વતની પણ જામનગરમાં સ્થાયી થયેલા શ્રી મનહરલાલજી મહારાજનું નામ ઠીક ઠીક

જાણીતું થયેલું. તેઓ જામનગરમાં એક સક્ષમ શિક્ષક હતા. પણ શ્રીમદ્‌ ભાગવતનો ખૂબ જ પરિશ્રમપૂર્વક અભ્યાસ કરી એક વિશેષ કથાકાર તરીકે તેઓ પ્રસ્થાપિત થઈ રહ્યા હતા. તેમણે ગીતા વિદ્યાલયની પ્રવૃત્તિઓ પણ શરૂ કરી હતી. તેનાથી પણ તેમનું નામ ઠીક ઠીક જાણીતું થયેલું. તેમના વ્યાસાસન પદે અમરેલીમાં પ્રથમ એક ભાગવત કથાના આયોજનનો વિચાર થયો. પછી ક્રમશઃ વધતા ૧૦૮ સપ્તાહનું આયોજન થયું. તેમાં અનેક મિત્રો હતા. શ્રી ભીખુભાઈ દવે આ સપ્તાહ સમિતિના અધ્યક્ષ હતા. તેમની સાથે કાર્ય કરનારાઓમાં અનેક મિત્રો હતા. પણ જેમના નામ યાદ છે તેમાંથી ચંદુલાલ વૃજલાલ મહેતા, શ્રી મનુભાઈ દવે, મુ. શ્રી ચંદુભાઈ મહેતા, કિશોરભાઈ દવે, લાભશંકરભાઈ કણકોટવાળા, મનુભાઈ મહેતા, ડાહ્યાભાઈ જોષી સહિત અનેક કાર્યકરોએ સંનિષ્ઠ પ્રયત્નો કરેલા. પરિણામે સપ્તાહનો ખર્ચ કાઢતા અંદાજે ૨૫ હજાર રૂપિયા જેટલી રકમ વધી અને સંસ્થાનું ઘરનું મકાન કરવાના સ્વપ્ન સાકાર થવા લાગ્યા. આ તબક્કે મારે એક વાત નોંધવી જોઈએ કે શ્રી ભીખુભાઈ દવેની દીર્ઘદષ્ટિ અને નિર્ણયશક્તિના કારણે અત્યારે જે મકાન છે તે મકાનની ખરીદી થઈ. કેટલાક કાર્યકરોનો વિચાર પણ ભાડે મકાન છે તે ખરીદવાનો હતો. પણ આ મિત્રો મક્કમ રહ્યા. પરિણામે અમરેલીમાં આજે અત્યંત મહત્ત્વના વિસ્તારમાં સંસ્થાનું મકાન થયું. મકાનની કિંમત અને ફેરફારમાં શ્રીમદ્‌ ભાગવત કથાની બધી આવક પૂરી થઈ ગઈ. અને સંસ્થાને પોતાનું મકાન મળ્યું. ઈ.સ. ૧૯૬૭–૬૮માં વિદ્યાર્થીઓ સંસ્થાના મકાનમાં રહેવા લાગ્યા. ત્યારપછીનો ઈતિહાસ બહુ વિસ્તારથી લખવાની જરૂર નથી. કારણ કે અત્યારની પેઢીનાં ઠીક ઠીક ભાઈઓ તેમનાથી પરિચિત છે.

પૂજ્ય મયારામ બાપાએ સ્થાપેલી આ સંસ્થાની પ્રસિદ્ધિ સમગ્ર સમાજમાં થઈ હતી. શ્રી મયારામભાઈ પછી શ્રી હિંમતલાલ મણિલાલ મહેતા પ્રમુખ સ્થાને આવ્યા. તેમણે પણ ઘણું કાર્ય કરી બતાવ્યું. પછીથી પૂ. મનહરલાલજી મહારાજ પ્રમુખ સ્થાને રહ્યા. તેમના આશીર્વાદથી સંસ્થા વિકસી. ૧૯૭૮માં અષ્ટોક્ષત શિવપૂરાણ દ્વારા સંસ્થાના વિકાસ માટે સારી એવી રકમ એકત્ર થઈ શકી. આ વર્ષોમાં સંસ્થાના રાહબર રહેલા શ્રી ચંદુભાઈ મહેતાએ સંસ્થાને કુશળ નેતૃત્વ પૂરું પાડ્યું. ક્રમશઃ શૈક્ષણિક સુવિધા વધતા છાત્રોની સંખ્યા ઘટવા માંડી. એટલે આ મકાનનો ઉપયોગ સમાજના વ્યાપક હેતુ માટે કરવાનો નિર્ણય થયો. અને ૧૯૯૩માં મકાનમાં મોટા ફેરફાર કરી અત્યારનું સ્વરૂપ અપાયું. તે વખતે શ્રી બટુકભાઈ મહેતાના પ્રયત્નોથી શ્રી જયંતીભાઈ દવેએ ઉદાર દેણગી આપી જ્ઞાતિને પણ સારું એવું દાન આપ્યું અને અત્યારે છે તે મકાન નિર્મિત થયું. શ્રી ચંદુભાઈ મહેતા પછી પ્રમુખની જવાબદારી ખૂબ જ ગંભીરતાપૂર્વક શ્રી ભીખુભાઈ દવે આજ પર્યન્ત અદા કરી રહ્યાં છે.

સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી બટુકભાઈ મહેતાએ સંસ્થામાં લાંબો સમય સંનિષ્ઠ સેવાઓ આપી છે. થોડા સમય અગાઉ સ્વાસ્થયને કારણે તેઓ આ જવાબદારીમાંથી મુક્ત થયા છે. અત્યારે આ જવાબદારી આર.પી. મહેતા સંભાળી રહ્યા છે. શ્રી ભીખુભાઈ દવે વર્ષોથી પ્રમુખ તરીકે સક્રીય સેવા આપે છે. આ સમયે થોડાક વિશિષ્ટ કાર્યકરોને યાદ કરી લઈએ. ઉપર જેમનો નામોલ્લેખ છે તે ઉપરાંત સંસ્થાને પોતાની મૂલ્યવાન સેવાઓ આપના શ્રી ધનભાઈ મહેતા, શ્રી બટુકભાઈ મહેતા બે વખત ભાગવત સપ્તાહ કરી આપનાર શ્રી મધુભાઈ શાસ્ત્રી, શ્રી

રમણિકલાલ પુરુષોત્તમ મહેતા સહિતની સેવાઓને વંદના કરીએ છીએ. નોંધ પૂરી કરતા જેમણે યોગદાન આપ્યું છે તે સૌને વંદના કરી જેમનો ઉલ્લેખ રહી ગયો છે તે આ નોંધ લખનારની ક્ષતિના કારણે છે. તેમ માની તેમને ક્ષમ્યા પ્રદાન કરે તેવી વિનંતી સાથે સૌને વંદન. સાથો સાથ ૫૬ વર્ષના કાર્યકાળ દરમિયાન ૨૫ પૈસાથી શરૂ કરી લાખો રૂપિયાનું દાન આપનાર સૌની ઉદાર ભાવનાનું સ્મરણ કરી તેમનાં પૂણ્ય પ્રતાપે સૌ રૂડા લાગીએ છીએ. તેમનો ઋણ સ્વીકાર કરીએ છીએ. સંસ્થાએ સમાજને ભેટ આપેલા વિશિષ્ટ પ્રતિભાઓ શ્રી પ્રફુલ્લભાઈ દવે, શ્રી વસંતભાઈ પાઠક, શ્રી ભાલચંદ્ર જોષી, શ્રી કિશોરભાઈ દવે સહિતના સૌ પ્રતિભા સંપન્ન મહાનુભાવોને યાદ કરી ગૌરવ અનુભવીએ છીએ.


## પૂણ્ય શ્લોક શ્રી મયારામભાઈ પ્રાણજીવન જોષી

અમરેલી વિસ્તારના ગામડાઓમાં વસેલા જોષી પરિવારોએ પોતાની આગવી પ્રતિભા ઉભી કરી છે. શ્રી ગૌરીશંકર ગોવર્ધનરાય જોષીનું નામ ગુજરાત બહાર પણ જાણીતું છે. પરંતુ અન્ય મહાનુભાવોએ પણ પોતપોતાનાં ક્ષેત્રમાં વિશિષ્ટ યોગદાન આપેલ છે. તેમાં પૂ. મયારામબાપાની પણ આગવી પ્રતિભા છે. સારા લેખક, વિચારક, પત્રકાર, આયુર્વેદના જાણકાર, સમાજસુધારક શ્રી મયારામભાઈ જોષીએ ગ્રામીણ વિસ્તારોમાં પાણીનાં પાળથી પોતાની સેવા પ્રવૃત્તિ વિસ્તારી હતી. જ્ઞાતિસેવાના ક્ષેત્રમાં પણ તેમનું પ્રદાન મોટું છે. તેઓ એક પ્રગતિશીલ વિચાર ધરાવતા હતા. ૫૬ વર્ષ અગાઉ કોટડાપીઠા મુકામે યોજાયેલ નાતતેડા વખતે જ્ઞાતિજનોની સભા યોજી તેમાં તેમણે જે પ્રસ્તાવ મુક્યાં તે યાદ કરવા જેવા છે. ૫૬ વર્ષ અગાઉ તેમણે જ્ઞાતિજનો સમક્ષ વિધવા પુનઃલગ્નની હિમાયત કરી રૂઢીચુસ્તોનો એક વિરોધ અને યજમાનની નારાજગી વહોરી લીધી હતી. એ જ બેઠકમાં તેમણે બોર્ડિંગની સ્થાપનાની વાત કરી જે તેમનાં જીવનનું યશસ્વી કાર્ય બની ગયું.

બોર્ડિંગને પોતાનાં સંતાનથીયે વિશેષ પ્રેમથી ઉછેરી શરૂઆતના દિવસોમાં વિશ્વાસ ઉભો કરવા પોતે બોર્ડિંગમાં રાતવાસો રહેતા. પણ નીતિમત્તા એટલી બધી કે કયારેય બોર્ડિંગનો કણ પણ મોઢામાં મૂક્યો નથી. તેમના ઘરે ગાય હતી. ગાયની સેવા સૌ કરતા. અમો ત્યાં જઈને અને મોટું વાસણ ભરીને છાસ લઈ આવીએ. કરકસર ભર્યો વહીવટ કરી તેમણે બોર્ડિંગની નીંબ મજબુત કરી. બોર્ડિંગમાં શુદ્ધ ઘી મળે. પણ જેટલું માપ પ્રમાણે જોઈએ તેટલું પોતે વજન કરી આપે. ક્યાંય બગાડ ન થાય તેની કાળજી રાખે. જાતે હિસાબ લખે, જાતે પાવતીઓ બનાવે. ૨૫–૫૦ પૈસાની અલગ પાવતી બનાવે. કાર્બનનો સમય ન હતો એટલે દરેક પાવતી બે વખત લખે. પાવતી જાતે ટપાલમાં રવાના કરે. પત્રો લખે, દાન મેળવે, પૂરો સમય સંસ્થા સંભાળે. આવા વ્યવસ્થાપકો સંસ્થાને મળ્યાં તે સંસ્થાનું ગૌરવ હતું.

લગભગ એક દાયકા સુધી બોર્ડિંગનું પ્રમુખપદ ભોગવ્યું. ઉંમરનો તકાજો થતા બોર્ડિંગનો હોદ્દો છોડયો. તેમને બદનામ કરવાના પણ પ્રયત્નો થયા. પણ તેઓ વિચલિત ન થયા. આ દુઃખદ પ્રસંગનું વર્ણન નથી કરવું. શ્રી મયારામભાઈએ સમાજને એક નવો પ્રગતિશીલ વિચાર આપ્યો. અને પોતાના મૌલિક વિચારોથી સમાજને દોર્યો. તેમની આ સેવા ઘણી મોટી હતી. તેઓ આયુર્વેદિક દવાઓ જાતે બનાવતા. કેરાલા ફાર્માસ્યુટીકલ નામની સંસ્થા દ્વારા ખંડાવેલી દવાઓ બહારગામ પણ મોકલતા. આવા પ્રતિભાસંપન્ન શ્રી મયારામભાઈને શત શત વંદન.

## બોર્ડિંગના એક નિષ્ઠાવાન ગૃહપતિ શ્રી મોહનલાલ મહેતા



મોહનલાલ મહેતા

આપણે ઉપરોક્ત નોંધમાં જોઈ ગયા છીએ તેમ બોર્ડિંગને અનેક સંનિષ્ઠ કાર્યકરો મળ્યાં છે. તેમાં બોર્ડિંગના વિદ્યાર્થીઓએ આપેલું નામ 'મોહનબાપા' પણ એક છે. તેઓ એક નિખાલસ, સરળ વ્યક્તિ હતા. એક કુશળ શિક્ષક હતા. એકદમ મરોડદાર અક્ષર, શુદ્ધ જોડણી, કર્મકાંડનું પણ સારું જ્ઞાન અને નખશીખ પ્રમાણિક મોહનબાપા અમારા પિતાશ્રી છે જેમનું અમને ગૌરવ છે.

નિવૃત્તિ પછી ઈ.સ. ૧૯૫૮માં અમરેલીમાં સ્થાયી થયેલા શ્રી મોહનભાઈ મહેતાને ઈ.સ. ૧૯૬૯માં બોર્ડિંગના ગૃહપતિ તરીકે નિયુક્ત કરાયા. તે ઈ.સ. ૧૯૮૧ સુધી પથારી વશ થયા ત્યાં સુધી કાર્યરત રહ્યા.

તેમની વિશેષતા એ હતી કે તેમણે ક્યારેય સેવાનો અંચળો ઓઢયો નહીં. જ્યારે તેઓ જોડાયા ત્યારે માસિક રૂપિયા પંદરનો પગાર હતો. અને છેલ્લે રૂપિયા ૭૫ થયેલો. ક્યારેક હું તેમને કહેતો કે હવે આટલી રકમની તમારે શું જરૂર છે. જરૂર હતી ત્યારે બરાબર છે. હવે બસ કરો. તેમનો હંમેશા જવાબ એક જ 'હું પોતે નોકર છું, સેવા કરવાનું મારું ગજું નથી.' પરંતુ એવી નિષ્ઠાથી કામ કર્યું કે તેમને સેવકની સમકક્ષ ગણવા પડે.

ત્યારે બોર્ડિંગની સ્થિતિ તદન સામાન્ય. બપોરનું થાય ત્યારે સાંજની ચિંતા હોય. તેવા સંજોગોમાં તેમણે અત્યંત સાદગી અને કરકસરથી વહીવટ કર્યો. ક્યારેક વિદ્યાર્થીઓનો રોષ અને અણગમો પણ વહોરી લીધો. પણ પોતે મક્કમ રહ્યાં. જાતે શાકની ખરીદી કરે, વિદ્યાર્થીઓની સંભાળ પણ રાખે, જરૂર પડયે તેમને મદદરૂપ પણ થાય, પરંતુ કોઈ ખોટી વાત સ્વીકારે નહીં. ક્યાંય પણ વધારે પડતો ખર્ચ થાય તો તેને તરત જ રોકે. દરરોજ બે વખત ઘરેથી ચાલીને આવે, પાવતીઓ લખવાનો તો જાણે ઉદ્યોગ હતો. એક પ્રસંગે ૩૦–૪૦ વ્યક્તિઓને નાની–નાની રકમ આપી હોય તે દરેકના નામે અલગ અલગ પાવતી લખે. ગામ દીઠ એક કવર બનાવી રવાના કરે. તેમણે હાથે લખેલી પાવતીઓની સંખ્યા કદાચ એકાદ લાખની થાય.

હું એક સાધન સંપન્ન છાત્રાલયમાં ગૃહપતિ થયો. ત્યારે મને પણ આવી જ કરકસર, સાદગી અને ચોકસાઈનું માર્ગદર્શન અને સલાહ આપી.

એક સિદ્ધહસ્ત શિક્ષક હોવા છતાં સમયે તેમનો વિકાસ ન થવા દીધો. ૮૦ વર્ષનું આયુષ્ય ભોગવ્યા પછી તેમણે વિદાય લીધી. પણ તેમના જીવનના છેલ્લા પંદર વર્ષ બાદ કરતાં બાકીના વર્ષો સતત આર્થિક સમતોલપણું જાળવવામાં વિત્યા હતા. આજે ખેડાવાળ જ્ઞાતિની વાત લખતી વખતે તેમને યાદ કરી કૃતાર્થ થઈએ.

# દક્ષિણ ગુજરાત સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રહ્મ સમાજ–સુરત


### હેમંતભાઈ ભટ્ટ – પ્રમુખશ્રી

આ સૃષ્ટિના સંશયો, ભ્રમ, સંદેહને દૂર કરી સત્યની સ્થાપના કરવી, સમાજને શિક્ષિત કરી યોગ્ય સમજણ તથા માર્ગદર્શન કરવું, તથા દરેક વિદ્યાને સમજીને જે તે વર્ગને શિક્ષિત કરવા, ભલે તે પછી અર્થશાસ્ત્ર હોય, યુદ્ધવિજ્ઞાન હોય, સૃષ્ટિનું વિજ્ઞાન હોય કે જીવન જીવવાની વિદ્યા હોય – દરેકે દરેક ક્ષેત્રમાં આદિકાળથી આ કાર્ય બ્રાહ્મણોએ જ કર્યું છે અને હાલમાં કરી રહ્યા છે; અથવા તો આ કાર્ય કરનારા બ્રાહ્મણો જ છે.

જૂના સંસ્મરણો યાદ કરીએ તો, આપણે જ્યારે સૌરાષ્ટ્ર (કાઠિયાવાડ)માં હતા ત્યારે આપણે કે આપણા પૂર્વજો મુખ્યત્વે શિક્ષકો હતા અથવા કર્મકાંડમાં પ્રવૃત્ત હતા. એક રીતે આ કાર્ય 'પરહિત' સિવાય કશું જ ન હતું. 'પરોપકાર' એ આપણા લોહીમાં ભળેલ એક સદ્‌ગુણ હતો.

સમયાંતરે સમય જતાં શિક્ષણનો વ્યાપ વધતાં, સૌરાષ્ટ્રમાંથી સ્થાનાંતરની પ્રક્રિયાએ જોર પકડ્યું, અને પશ્ચિમ ભારતના પટ્ટા પર મુંબઈથી ઉત્તરે ઉત્તર ગુજરાત તરફ શહેરોમાં આપણી જ્ઞાતિ વિસ્તરવા માંડી અને સ્થાનાંતર થતું રહ્યું. કદાચ એ આપણી વિકાસની પ્રક્રિયા બની ને દેશ અને દુનિયા સામે હાથ મિલાવવા આપણે સક્ષમ બન્યા. શ્રમ, ગમે તેવા વિપરિત સંજોગોમાં જીવવાની કળા, નમ્રતા, વિવેક, સેવાભાવના અને ગમે તે કામ કરવા સદા તત્પર એવી આપણી જ્ઞાતિના ગુણ આપણા વિકાસનાં પાયામાં છે.

૧૯મી સદીના છઠ્ઠા ને સાતમા દાયકામાં સૌરાષ્ટ્રની પ્રાકૃતિક પરિસ્થિતિ વિષમ બની, દુષ્કાળો પડ્યા અને જીવન દુષ્કર બન્યું ! તે દરમ્યાન અહીં સુરત પ્રાકૃતિક સંપદાથી ભરપુર ને હીરા ટેક્ષટાઈલ તેમ જ બીજા ઉદ્યોગોથી ધબકતું શહેર હતું અને દરેક વર્ગના લોકો અહીં આવીને ભૌતિક રીતે સુખી થયા, તે દરમ્યાન એના થોડા વર્ષો પહેલાં અહીં સુરતમાં ૬ થી ૭ કુટુંબોએ સૌરાષ્ટ્રથી સ્થાનાંતર કર્યું હતું. ૧૯૭૬માં અહીં ૧૫ થી ૧૬ કુટુંબો જુદા–જુદા વ્યવસાયો ધરાવતાં


જેઠાભાઈ દવે


હેમંતભાઈ ભટ્ટ


ભરતભાઈ મહેતા

હતાં. પોતાના વતનથી બહાર રહેતા કોઈપણ લોકોમાં પરસ્પર ભાવ અને સહકાર ઉત્તરોત્તર વધે જ છે એ રીતે અહીંના જુનાં પહેલાં આવેલ આપણા જ્ઞાતિજનોએ નવા આગંતૂકો પ્રત્યે હૂંફ તથા માર્ગદર્શનનો સિલસિલો ચાલુ રાખ્યો. અને લગભગ એ જ અરસામાં, ખૂબ જ સંગઠિત થઈને 'દક્ષિણ ગુજરાત બાજ ખેડાવાળ બ્રહ્મસમાજ'ની સ્થાપના થઈ તેમ કહેવામાં જરા પણ સંકોચ નથી. સૌરાષ્ટ્રમાંથી ઝડપથી આવી રહેલાં યુવકો તથા કુટુંબોને અહીં રોજગાર દરેક ક્ષેત્રમાં મળવા લાગ્યો. સુરતનો ઔદ્યોગિક વિકાસ તેમ જ વાણિજ્યના ક્ષેત્રમાં પ્રગતિની અસરથી જુદા–જુદા પ્રોફેશનલ્સ અહીં આવ્યા. શૈક્ષણિક ક્ષેત્રમાં વિકાસથી કેળવણીના સંકૂલોની સ્થાપનામાં આપણી જ્ઞાતિ પાછળ ન રહી. વિધવિધ સરકારી તથા કોર્પોરેટ જગતમાં નેશનલ અને મલ્ટીનેશનલ લેવલના ઔદ્યોગિક સંકૂલોમાં આપણી જ્ઞાતિના કુટુંબોનું આવવાનું શરૂ થતાં આપણું મંડળનું કાર્ય વિસ્તરતું રહ્યું.

૧૯૯૫ પછી સુરત દેશનું સૌથી વિકસતા શહેરોમાં ૮માં ક્રમે થતાં 'મેટ્રો સીટી' બનતાં તો જ્ઞાતિનું વિસ્તરણ ઝડપી બન્યું. અને દરેક ક્ષેત્રમાં જ્ઞાતિજનોમાં પરસ્પર સદ્‌ભાવના તથા સહકારની ભાવના વિસ્તરવા માંડી. અહીંના તથા સ્થળાંતરિત થયેલા ભાઈ–બહેનો, કુટુંબોમાં વૈચારિક બદલાવ – સારી જીવનશૈલી, સંવેદનશીલ અને ભદ્ર વ્યવહાર તથા ઔદાર્ય એ અહીંના આવેલા એ સૌરાષ્ટ્રમાં વસતા પોતાના સગા–સંબંધીઓને બધી જ રીતે માર્ગદર્શન, મદદ તથા હૂંફ આપી–જે એક સારો બદલાવ જોવા મળ્યો. યુવાનોને પ્રોત્સાહિત કરી, રોજગારમાં સ્થિર કરવા તથા સામાજિક ક્ષેત્રમાં પણ મજબુત કર્યા.

દક્ષિણ ગુજરાત બાજ ખેડાવાળ બ્રહ્મસમાજના બધા જ હોદેદારોએ આ બધી બાબતોનો પૂર્ણ અભ્યાસ કર્યો. અને એ રીતે મંડળની પ્રવૃત્તિ આલેખી. જ્ઞાતિબંધુઓની સંવેદનશીલતા તેમની રુચિ નાના બાળકોથી વડીલોની પ્રસન્નતા વધે અને આપણા પુત્ર, પુત્રી અને મહિલાઓમાં રહેલી આપણી ભાતીગળ કલાઓને પ્રોત્સાહિત કરવાના આશયથી નવરાત્રી તેમ જ નૂતન વર્ષના આરંભે સ્નેહમિલન જેવા કાર્યક્રમોનું આયોજન છેલ્લા પાંચ વર્ષ કે તેથી વધુ વર્ષથી થતું



સ્નેહમિલન પ્રસંગે સુરત જ્ઞાતિની વેબસાઈટનું લોન્ચીંગ તેમજ સી.ડી.નું વિમોચન.

રહ્યું છે. જેમાં નાનામાં નાના, આપણા પુત્ર-પુત્રીઓ કે જે કોઈ અન્ય, સંગીત, નૃત્ય, મિમિક્રી, નાટક કે કંઈપણ કૌશલ્ય હોય તે રજૂ કરવા જરૂરી પ્લેટફોર્મ મંડળ આપે છે અને તે માટે જરૂરી મદદ પણ કરે છે. ટૂંકમાં સુશુપ્ત શક્તિને જગાડવી – તેનું આહ્‌વાહન કરવું ને તેને યોગ્ય પ્રોત્સાહન આપવું તે લક્ષ્ય હંમેશા મંડળનું રહ્યું છે.

શિક્ષણના ક્ષેત્રમાં, જેટલો વિકાસ હોવો જોઈએ તેવો નથી થયો પણ ગતિ ધીમે-ધીમે આવતી જાય છે. જો કે બાળકોની કક્ષાએ સારૂ ચિત્ર છે. દર વર્ષે શ્રાવણી પર્વ નિમિત્તે નર્સરીથી એસ.એસ.સી. તથા કૉલેજના ગ્રેજ્યુએશન, પોસ્ટ ગ્રેજ્યુએશન સુધી વિકસિત બાળકોને ઉચિત રીતે પ્રોત્સાહિત કરવા પ્રકાશમાં લાવવાં તથા તેમનું સન્માન કરવું એ મૂળભૂત તથા આપણો પ્રાચીન સિલસિલો સુરતના અમારા મંડળે જાળવી રાખ્યો છે. જે આવનારી પેઢી માટે પણ પ્રેરણાદાયી બનશે અને શિક્ષણનો વ્યાપ વધશે. જુની પેઢીના અહીંના અમારા વડીલો ભલે તેણે કોઈ યુનિવર્સિટીની કે કૉલેજની પદવી ન લીધી હોય પણ ગણતર તથા અનુભવના આધારે તેમના પુત્ર, પુત્રી કે પૌત્રને શિક્ષણ અને સમજણને જ પ્રોત્સાહિત કરે છે, જે અમારા સુરતના જ્ઞાતિજનોની લાક્ષણિકતા છે અને મંડળ તેના માટે ગર્વ અનુભવે છે.

'અન્યોન્ય મદદ તથા સહકાર'ની ભાવના દઢ બનતાં, શિક્ષણ તથા બીજા ક્ષેત્રો જેવા કે તબીબી તથા રોજગારમાં મદદ કરવા ધનરાશિની આવશ્યકતા જણાતા, થોડા વર્ષો પહેલાં મંડળના હોદ્દેદારો ઘરેઘરે ફરીને મંડળના સારા ઉદ્દેશો નક્કી કરીને સુરતના જ જ્ઞાતિ ભાઈ-બહેનો પાસેથી અનુદાન મેળવ્યું. આપણી જ્ઞાતિના ઔદાર્યનો અનુભવ મંડળે કર્યો. અને ચોક્કસ ધ્યેય સાથે તે નાણાંનો સદ્‌ઉપયોગ થવા માંડ્યો.

સુરતના અમારા મંડળે માત્ર સુરત પૂરતું કાર્યક્ષેત્ર સિમિત ન કરતાં, સૌરાષ્ટ્રના કોઈપણ ગામે, ગુજરાતમાં કોઈપણ જરૂરિયાતમંદને તબીબી સહાય કરવા પાછું વાળીને જોયું નથી. તેમ જ દરેક શહેર કે ગામના મંડળને જાણ કરે છે કે, કોઈપણ જ્ઞાતિબંધુ જે જરૂરિયાતમંદ હોય, તેની માહિતી અમને આપશો. કારણ કે જે તે વ્યક્તિને સંકોચ થાય એ સ્વાભાવિક છે, જેથી



બળેવ પ્રસંગે સુરત જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ.

અમારી ક્ષમતા મુજબ તેઓને સહાય થઈ શકે, અને એમાં અમારાથી બધું જ કર્યું છે.

આપણાં લોકવારસા તથા બધાને ગમતાં તહેવારો શ્રાવણીપર્વ, નવરાત્રી, દિવાળી, બેસતું વર્ષની ભાતીગળ ઉજવણી, તેમ જ ભાતીગળ ભોજનનું આયોજનથી આડકતરી રીતે અહીંના જ્ઞાતિસમૂહમાં એક વૈચારિક પરિવર્તન પણ અમને ધ્યાનમાં આવ્યું છે. ૨૧મી સદીમાં પ્રવેશ, (ગ્લોબલાઈઝેશન) વૈશ્વિકરણનો સીધો સ્પર્શ અહીં થયો છે અને પરસ્પર સદ્‌ભાવ અને સન્માનથી બે યુવાનો કે યુવતીઓ ગર્વ લેતાં થયા છે અને કહેતા થયા છે, 'હું બાજ ખેડાવાળ જ્ઞાતિનો છું' – ને તેમની ઓળખ માટે ગર્વનો વિષય બની રહે છે. તે ખૂબ જ સારો સંકેત છે. તેમજ પરસ્પર દ્વેષ કે ઈર્ષા નહિ પણ સહકારને સદ્‌ભાવના આપણા બંનેનું ભલું છે તેવી ભાવના દૃઢ થઈ છે.

ગુજરાત–તેમ જ મુંબઈ સુધી બધા શહેરો તથા નગરોમાં આપણા જ્ઞાતિ મંડળ છે. દરેક મંડળ કંઈ ને કંઈ ઉદ્દેશથી કામ કરે છે, પણ સામાન્ય હેતુ તો જ્ઞાતિની શૈક્ષણિક, આર્થિક ઉન્નતિ તથા પરસ્પર સદ્‌ભાવ એ જ છે, અમદાવાદ, વડોદરા, મુંબઈ, રાજકોટ, અમરેલી વગેરે મંડળોના હોદ્દેદારોને અમારા આવા કાર્યક્રમોમાં આવવા અમે નિમંત્રણ આપીએ છીએ અને તેઓ અવશ્ય આવે છે એ અમારા માટે ગર્વની બાબત છે. તેમ જ અહીંના હોદ્દેદારો પણ આ રીતે અન્યોન્ય સહકાર વધારવા હંમેશા કાર્યરત છે. ને જુદા–જુદા પ્રસંગોએ હંમેશા હાજરી આપી છે. આમ થવાથી જ્ઞાતિસમૂહને શું માર્ગદર્શનની જરૂર છે ? બાળકો, બહેનો તથા યુવાનોના ઉત્કર્ષ માટે શું શું કરી શકાય તેવું વિચારવલોણું જ આપણને આગળ ધપાવશે તેવું અમારું મંડળ સ્પષ્ટપણે માને છે.

અમારું સુરત ખૂબસુરત થતું જ જાય છે, પણ અમને એ પણ ખ્યાલ છે કે અમે સૂર્યપુત્રી તાપીના કિનારે લગોલગ વસેલા છીએ. તાપીના સૌમ્ય અને રૌદ્ર સ્વરૂપનો અમે અનુભવ કર્યો છે. સને ૨૦૦૬ના ભયંકર પુર વખતે અમારા ઘણાં કુટુંબોને તકલીફ થઈ હતી. તે સમયે સ્વયંભૂ રીતે તેનો સર્વે કરીને તાત્કાલિક સામે જઈને મદદ કરી, તેટલું જ નહીં, ગુજરાતના સૌરાષ્ટ્રના મંડળો તરફથી તેમ જ જ્ઞાતિબંધુ તરફથી આર્થિક સહાય અને હૂંફ અમને પ્રાપ્ત થઈ હતી તે અમને કેમ વિસરાય ? તાત્કાલિક સંપર્ક કરી અમને સેવાનો મોકો મળ્યો હતો. જુદા જુદા મંડળો તરફથી મળેલ સહાયથી આજે પણ અમે એટલા જ કૃતકૃત્ય છીએ. છ કે સાત દાયકા



બળેવ પ્રસંગે એકઠા થયેલા સુરતના જ્ઞાતિબંધુઓ.


પહેલાં પૂ. નારણજીબાપા (રાજકોટ) તથા પૂ. મયારામબાપા (અમરેલી)ના દીર્ઘદષ્ટિ, સદ્ભાવના ને જ્ઞાતિપ્રેમ તથા સંવેદનશીલતા જ્ઞાતિનો વિકાસ 'જ્ઞાતિને શિક્ષિત કરવાથી જ થશે' તેવા મંત્ર સાથે સહકાર થયો હતો – જેનું શુભ પરિણામ આજે આપણે માણી રહ્યા છીએ. કાળાંતરે હજુ વિકાસ, સર્વાંગી વિકાસ – દરેક ક્ષેત્રમાં, માત્ર પ્રદેશ કે દેશને ધ્યાનમાં રાખી નહિ પણ વૈશ્વિકરણ સાથે તાલ મેળવવા શું શું કરવું જોઈએ તેવી સભાનતા ઉભી કરવાની ને આવનારી પેઢીને યોગ્ય માર્ગદર્શન તથા પ્રેરણા મળતા રહે – તેવી દરેક પ્રવૃત્તિ મંડળ કરવા કટિબદ્ધ છે. બીજી જ્ઞાતિના સમુહો તેમના જ જરૂરી હોય તેવા, અંધશ્રદ્ધાયુક્ત, આપણી પ્રગતિને અવરોધનારા તથા ઉપદ્રવી રિવાજોને તિલાંજલી આપી રહ્યાં છે. તેનો પણ મંડળે વારંવાર અભ્યાસ કરીને આપણામાં પણ આવી સમજણ ઊભી થાય તેવા પ્રયત્ન કર્યા છે. અને આનું શુભ પરિણામ આપણે જોઈએ છીએ, અનુભવીએ છીએ. જે બાબત કદાચ વર્ણવી ન શકાય.

'સદા સંપર્ક' એ એક હાલની મહત્ત્વની બાબત છે. અને વ્યક્તિ કે કુટુંબો માટેની મૂળભૂત હકીકતોથી જ આપણે નજીક રહીએ છીએ. હજુ પણ કોઈ અજ્ઞાત જ્ઞાતિબંધુ મળે તો 'મૂળ ક્યાંના ?' તમારું 'મોસાળ' તમારું 'સ્વસુર પક્ષ' 'કૂળદેવી' વગેરે વગેરે બાબતોની જાણ થતાં આપણે નજીક નજીક આવતા જઈએ છીએ. Information technologyનું નવું સ્વરૂપ – એટલે આપણી ડીરેક્ટરી. કોણ શું, ક્યાં, કેમ – તેવી નાની જરૂરિયાત આપણાં સંતાનોના સબંધ, લગ્ન માટે પડે છે. તે જોતાં મંડળે જ્ઞાતિની ડિરેક્ટરી પ્રકાશિત કરી પણ વૈશ્વિકરણ જોતાં ગયા વર્ષ – ડિરેક્ટરીને ઈન્ટરનેટ/વેબસાઈટના માધ્યમથી મોડીફાઈડ કરીને આપણી વેબસાઈટ આનું વિધિવત ઉદ્દઘાટન અમારા ગત વર્ષના સ્નેહમિલન વખતે અને રાજકોટ, અમરેલી, ભાવનગર મંડળના હોદ્દેદારોની હાજરીમાં કર્યું. જેનો મંડળને ગર્વ છે. અમારી આ વેબસાઈટનું સરનામું : www. shribajsurat.com પર visit કરવા સર્વે જ્ઞાતિબંધુને અમે આહ્‌વાહન આપીએ છીએ. હાલમાં સુરતમાં આપણી જ્ઞાતિનાં લગભગ ૧૫૦ કુટુંબો રહે છે અને ઉત્તરોત્તર તેમાં વધારો થઈ રહ્યો છે.

અમારા સુરતના તમામ જ્ઞાતિ ભાઈ–બહેનોએ હંમેશા મંડળના તમામ હોદ્દેદારોને સાથ સહકાર તથા માર્ગદર્શન આપેલ છે. વ્યવસ્થા ખાતર જ હોદ્દેદારોની નિમણૂંક સ્વૈચ્છિક અને સેવાની ભાવનાથી થાય છે. અત્યાર સુધીના આવેલા મંડળના પ્રમુખો, સેક્રેટરી તથા સભ્યોએ નિષ્ઠાપૂર્વક સેવા બજાવી છે. તેઓને અમે યાદ કરીએ તો પૂ. વલ્લભજીબાપા, શ્રી મનુભાઈ મહેતા તો પ્રમુખ હતા ત્યારે, પ્રમુખનું કાર્ય નહિ પણ સેવાનું કાર્ય કરતાં અમે જોયા છે. પ્રો. બી. જે. મહેતા તથા શ્રી દીપકભાઈ ડણાક તથા શ્રી જેઠાભાઈ દવેને પ્રમુખપણા હેઠળ સુંદર વ્યવસ્થિત થઈને શિસ્ત ને શિક્ષણ તેમ જ આર્થિક રીતે મંડળ સમૃદ્ધ બન્યું. શ્રી બી. કે. મહેતા એક નવયુવાન સફળ ધંધાકીય કારકિર્દીવાળા પ્રમુખે – મંડળને સારી દિશા આપી બાળકોમાં યુવાનોમાં રહેલી કળાને સંસ્કૃતિને ઉજાગર કરી. યુવાનોમાં મોટીવેશનને કાર્યક્રમોનું યોગ્ય મેનેજમેન્ટ કેમ કરવું તે દિશા બતાવી. આ બધી સિદ્ધિમાં સૌથી મોટું શ્રેય જો હોય તો દરેક જ્ઞાતિબંધુને જાય છે. જેનામાં આ બધી વસ્તુની સ્વીકૃતિ છે, સમજણ છે અને એટલું જ ઔદાર્ય પણ છે. મંડળ જ્ઞાતિના સર્વાંગી વિકાસ માટે – કૃતનિશ્ચયી છે એક 'આપણે બધાં એક થાઓ, આપણા હૃદય એક બને.' 'ૐ સહનાવવતુ ભૂનક્તો સહવીર્યમ્ કરવા વહૈ !' તે ઋચાને આપણે પામવાની છે. ○

# પત્રકાર અને જનસેવક મયારામ જોશી

દોલત ભટ્ટ



સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ જ્ઞાતિ અને તેમાંય શાંડિલ્ય ગૌત્રી જોશી પરિવારમાં કેરાળા – અમરેલી મુકામે શ્રી મયારામભાઈનો જન્મ (સને ૧૮૮૯) સંવત ૧૯૪૫નાં ફાગણ શુદિ ૪ને શુક્રવારનાં થયેલ.

છપ્પનિયા દુષ્કાળ વખતે મયારામભાઈ ૧૨, ૧૩ વર્ષના હતાં. દુષ્કાળથી કાઠિયાવાડનાં લોકોની થયેલી બેહાલી તેઓએ જોઈ હતી. લોકો અનાજ વિના મરતા હતાં, ખેતી પાયમાલ થઈ ગઈ હતી. લોકો પોતાની બેન દીકરીઓને ગુજરાતમાં મોટી ઉંમરનાં પુરુષોને વેંચી આવતાં હતાં, પાંચ દસ વર્ષે આ મોટી ઉંમરના પુરુષો મૃત્યુ પામતાં બાળવિધવાનું પ્રમાણ વધી જવા પામેલ, અને આ પ્રશ્ન સમાજ આગળ ઉપસ્થિત થયો. જેથી તેમણે બાળવિધવા વિવાહ, કન્યા વિક્રયનો વિરોધ તથા કન્યા કેળવણી અંગે સમાજ સુધારણાની ઝુંબેશ શરૂ કરી હતી.

મયારામભાઈએ કેરાળા ખાતે ડૉ. જીવરાજ મહેતાનાં વડીલ બંધુ રણછોડદાસભાઈ મહેતાની પાસે ૪ ગુજરાતીનું જ્ઞાન મેળવ્યું. ડૉ. જીવરાજભાઈ મહેતા કેરાળા ખાતે તેમનાં સહ અભ્યાસી હતાં. ત્યારબાદ નજીકનાં મોટા માંડવાડા ગામે ગુજરાતી સાત ધોરણ ઉત્તિર્ણ કરીને શિક્ષક તરીકેની નોકરી શરૂ કરી પણ શિક્ષકની નોકરીમાં મન નહિં પરોવાતાં પત્રકારિત્વનાં ક્ષેત્રે ઝંપલાવ્યું અને સૌરાષ્ટ્રનાં પત્રકારિત્વની શરૂઆતના સમયમાં સને ૧૯૧૦માં અમરેલી ખાતેથી 'ઉદ્‌ગાર' નામનું સામાયિક તેમણે શરૂ કર્યું. બાદમાં વડોદરા ખાતેના 'હિન્દ વિજય'માં, તથા ગુજરાત સમાચાર પ્રેસમાં જોડાયા. ત્યારબાદ અમદાવાદ ખાતેનાં વર્તમાનપત્રોમાં સબ એડીટર તરીકેની કામગીરી કરી. આવી રીતે વર્તમાનપત્રોની કામગીરી દરમ્યાન અમદાવાદનાં ઉદ્યોગપતિઓ, સાહિત્યકારો તેમ જ રાજકીય આગેવાનો જેવાં કે જીવણલાલ અમરશી, સુખલાલ નાથાલાલ, રણછોડરાય ઉદયરામ વગેરેનાં સંપર્કમાં આવ્યાં. પૂ. મહાત્મા ગાંધીજી તથા અમદાવાદ નગરપાલિકાનાં પ્રમુખ વલ્લભભાઈ પટેલને પણ મળતાં રહેતાં.

વર્તમાનપત્ર જગતમાં સ્વતંત્ર વિચારસરણી ધરાવતાં શ્રી મયારામભાઈને વર્તમાનપત્રનાં માલિકની નીતિ પોતાનાં આત્માનાં અવાજથી વિરુદ્ધ જણાતાં અને પોતાનાં વતન કેરાળા ખાતે રહી, ખેતી સાથે ગ્રામ જનતાની સેવા કરવાનું ઊચીત જણાતા તેઓએ અમદાવાદ છોડી સને ૧૯૨૨–૨૩માં કેરાળા ખાતે મુકામ કરી ખેતીના વ્યવસાય સાથે ગામડાનાં દિનદુઃખી લોકોની સેવા કરવાનું કામ શરૂ કર્યું. સાથોસાથ ગામડાના પ્રશ્નો વર્તમાનપત્રો દ્વારા રજૂ કરતાં રહેતાં. શ્રી મયારામભાઈ કવિ પણ હતા.

આઝાદી મેળવવા શિક્ષણનો વ્યાપ વધારવા અને ખેતી વિકાસ સાધવા તેમણે કરેલી ઝુંબેશ ઉલ્લેખનીય છે. તેમની આ પ્રવૃત્તિઓમાં કવિશ્રી–કલાપીના મિત્રો વડિયા દરબાર શ્રી બાવાવાળા તથા હડાળા દરબાર શ્રી વાજસુરવાળા તેમ જ ઢસા રાયસાંકળી દરબાર શ્રી ગોપાલદાસ દેસાઈ તથા અન્ય નાના મોટા રાજવીઓનો તેમણે સાથ મેળવ્યો હતો.

સને ૧૯૨૨–૨૩નાં અરસામાં ભર ઉનાળામાં પોતે ચાલીને ગીર મોદળા પંથકમાં મુસાફરી કરી રહ્યાં હતાં, ત્યારે ખરા મધ્યાહને ત્રણ ગાવનાં ત્રિભેટે પાણી વિના ટળવળી રહ્યાં હતાં, તેવા સમયે પાણીની વ્યવસ્થાવાળી એક ઝૂંપડી પોતાની દૃષ્ટિએ પડતાં ત્યાં આગળ પહોંચી પાણી પીધું અને પોતાને પ્રતિતી થઈ કે પાણી વિના ટળવળતાં પ્રાણીઓ અને મનુષ્યોની કેવી બેહાલી થાય છે! આ અનુભવે પોતાને પણ પાણી પાવામાં રહેલ મૂલ્ય અંગેની અને સેવાની જીજ્ઞાસા ઊભી થઈ અને આ કામગીરી ઉપાડી લેવાનો નિર્ણય કરી ગુજરાતી વર્તમાનપત્રોમાં પાણીનાં પરબો બેસાડી આપવા સારૂ જાહેરમાં અપીલ કરી. જેનો પ્રતિસાદ સુંદર મળતાં પાણીનાં પરબો બેસાડવાની કામગીરી શરૂ થઈ.

એવો જ બીજો અનુભવ સને ૧૯૨૪–૨૫માં થયો. ભાદ્રપદ માસમાં ગીરમોદળ પંથકનાં ચાંચઈ પાણીઆ ગામોનાં પંથકનાં ઝૂંપડે ઝૂંપડે અને નેસડે નેસડે મેલેરિયા તાવથી પિડતાતા સંખ્યાબંધ લોકોની સારવાર કરવા ગયેલ ત્યારે પોતે જ તાવમાં પટકાઈ પડ્યાં અને નવ મહિના સુધી લાંબી બીમારી ભોગવી હતી. અને ત્યારથી તેઓને ખાત્રી થઈ કે જો કાંઈ ધાર્મિક સેવા કાર્ય કરવા જેવું હોય તો તે લોકોને સમયસર મફત દવા આપવી તે છે અને ત્યારથી ગીર પંથકમાં મફત દવા પૂરી પાડવાની કામગીરી ઉપાડી લેવા જાહેરમાં અપીલ કરી અને મોટા જથ્થામાં આયુર્વેદિક તથા એલોપેથીક દવાનાં પાર્સલો આવી મળ્યા. તેનું વિતરણ પોતે જાતે તેમ જ ગામડાઓનાં શિક્ષકો તથા સેવાભાવી ગૃહસ્થો મારફત જરૂરી લેખિત સૂચનાઓ અને દવાઓની સમજણ સાથે કામગીરી ઉપાડી લેવામાં આવી.

આમ અનેકવિધ પ્રવૃત્તિઓ જેવી કે દુષ્કાળ રાહત, અતિવૃષ્ટિ, રાહતકાર્ય, પશુ નિભાવ કેન્દ્રો, સસ્તા ભાવે અનાજનું વિતરણ, દવાઓનું મફત વિતરણ, પાણીનાં પરબો, ગૌસેવા, ખેતીવાડી, ગ્રામોદ્યોગ, આયુર્વેદનો પ્રચાર, પશુઓ માટેનાં જળાશયો કે વાવ કૂવા ગળાવવા વૃક્ષારોપણ વગેરે પ્રવૃત્તિ કેરાળા ખાતે મધ્યસ્થ કાર્યાલય રાખી શ્રી ગ્રામ સેવા સદન નામની રજીસ્ટર્ડ સંસ્થા સ્થાપી કામગીરી આરંભી દીધેલ. મુંડિયાં રાવણીની આગ હોનારત, ઉપલેટાનું રેલ સંકટ ભેંસવડી ગામ તણાય જતાં ત્યાં આગળ કરેલ મદદ વગેરે કામગીરી પ્રશંસનીય છે. આ બધી પ્રવૃત્તિની રજૂઆતો તેઓ વર્તમાનપત્રો દ્વારા કરતાં રહેતાં અને ગ્રામલક્ષી પત્રકારત્વને તેમણે પોષ્યું, ગ્રામજનતામાંથી નવા પત્રકારો ઊભા કર્યાં.

જીવનભર સેવાકાર્યમાં રત રહી સૌરાષ્ટ્રના દીનદુઃખિયાઓની સેવા કરનાર મયારામ બાપાના જીવનકાર્યોની જાણ પ્રજાને થાય તે માટે ૧૯૯૦–૯૧ના વર્ષમાં તેમની જન્મ શાતબ્દીની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મયારામબાપાના જીવનસંબંધી એક સ્મરણિકાનું પ્રકાશન કરવામાં આવ્યું હતું. ૧૯૬૪માં તેમનું અવસાન થયું.

○

# એકનિષ્ઠ સાહિત્યકાર 'ધૂમકેતુ'

રાજેન્દ્ર દવે


'ધૂમકેતુ'ના જવા સાથે અક્ષર જગતની એક મહાજ્યોતિનો અસ્ત થયો છે.'

'ગુજરાતી ટૂંકી વાર્તાકલાના વિકાસમાં કોઈ એક જ વ્યક્તિ અર્પણની વાત કરવી હોય તો 'ધૂમકેતુ'નું જ નામ લઈ શકાય.'

'આજે પણ ટૂંકી વાર્તાનું જે કાઠું જોઈએ છીએ એની પ્રથમ બાંધણી કરવાનો જશ 'ધૂમકેતુ'ને ફાળે જાય છે.'

'ટૂંકી વાર્તાના મનોરમ કલાદેહને કંડારનાર આદ્ય શિલ્પી તો 'ધૂમકેતુ' જ.'

ઉપરના વિધાનોમાં વિવેચકોએ શ્રી ધૂમકેતુને સાહિત્ય જગતના એક ઊર્મિશીલ, રંગદર્શી ગદ્યકાર તરીકે નવાજ્યા છે ને એ રીતે નવલિકાસમ્રાટનું આગવું સ્થાન પ્રાપ્ત કરી જનારા 'ધૂમકેતુ'ના અવસાનથી ગુજરાતી સાહિત્યે તો ખરેખર એક મહાસમર્થ શિલ્પી ગુમાવ્યો છે. એક વખતની *'શું શાં પૈસા ચાર'*વાળી ગુજરાતી ભાષાની *'પોસ્ટ ઑફિસ'* વાર્તા દેશવિદેશની દશેક જેટલી શ્રેષ્ઠ વાર્તાઓના સંગ્રહ *'ટેન ટેઈલ્સ'* જેવામાં આગવું સ્થાન પ્રાપ્ત કરે એ ગુજરાતને માટે ઓછા ગૌરવની વાત નથી. આવું ગૌરવ અપાવનાર એક મહાન સાહિત્યકાર 'ધૂમકેતુ'ના જીવનને ઘડનારાં ક્યાં બળો હશે ! સમાજે ઉપેક્ષેલાં નીચલા વર્ગના માનવીઓથી માંડી આમ્રપાલી અને મગધનરેશ જેવા વૈભવી પાત્રોની રસસૃષ્ટિને સર્જનારા એ ઊર્મિલ હૃદયે ક્યાં ક્યાંથી પ્રેરણાનાં પીયૂષ પીધાં હશે ? સમાજ જીવનની કઈ એરણ પર એ ઘાટ ઘડાયા હશે ! તેવા પ્રશ્નો સ્હેજે મનમાં ઘોળાયા કરે છે.




તેમણે પોતે જ સ્વકલમે ખેડેલા 'જીવનપંથ'માંથી અને તેમાંથી લાગેલા 'જીવનરંગ'ના વૈવિધ્યમાંથી જ કદાચ એના ઉત્તરો જડી આવે !

પંચાસરનો રાજા જયશિખરી ભુવડ સામે હાર્યો તે સમયના ગુજરાતના ખેડા ગામના બ્રાહ્મણો – બાજ ખેડાવાળ બ્રાહ્મણો કહેવાયા. વનરાજ ચાવડાને એ વખતમાં ભુવડની સામે થવામાં આ બ્રાહ્મણોએ મદદ કરેલી તેથી વનરાજ જ્યારે ગાદીએ બેઠો ત્યારે આ બ્રાહ્મણોએ ગામ ગરાસ દાનમાં આપ્યા. તે સમયથી આ બાજખેડાવાળ બ્રાહ્મણો 'અમર કીર્તિપાળ ખેડાવાળ સ્વદેશાભિમાની'ના ઉપનામથી પ્રસિદ્ધિ પામ્યા.

આ ખેડાવાળ બ્રાહ્મણો સૌરાષ્ટ્રમાં પણ વસ્યા. તેમાં લવજી જોષીનું કુટુંબ કમીકેરાળામાં વસ્યું. બાજ ખેડાવાળ જ્ઞાતિનું આ કુટુંબ કેરાળાના વીરડીયા કણબીનું ગોરપદું અને વૈદું કરતું, આખું કુટુંબ 'ભાભા કુટુંબ'થી ઓળખાતું. લવજી જોષીની ચોથી પેઢીએ રતનજી અને જીવરામ નામે બે ભાઈઓ થયા. આ જીવરામ બાપા એ 'ધૂમકેતુ'ના દાદા. કાઠિયાવાડમાં જ્યારે અક્ષરજ્ઞાનના ગણેશ પણ મંડાયેલા નહિ, તે વખતે આ જીવરામ બાપા કાના માત્ર વિનાના--બોડિયા અક્ષરથી વ્યવહાર ચલાવતા. કાનામાત્રવાળા અક્ષરો લખી શકનાર માણસ 'વેદવાન' – વિદ્વાન ગણાતો. જીવરામબાપાના પુત્ર ગોવર્ધનરામે ત્રણ ચોપડીનું જ્ઞાન મેળવેલું ને બોડિયા અક્ષરોને દેશવટો આપેલો. આટલી મૂડી ઉપર જ ભાભા કુટુંબના 'વેદવાન' છોકરાની પ્રતિષ્ઠા મેળવી; એટલું જ નહિ, ગાયકવાડી અમલદારે 'જમાદારી' આપવાની ઈચ્છા પણ બતાવી.

જીવનભર સવારમાં ભગવાન શંકરને જલાભિષેક કરવામાં જ બ્રાહ્મણત્વની સાર્થકતા જોનાર અને 'બ્રાહ્મણનો છોકરો હાથમાં બંધૂકડી લેશે ત્યારે તો ધરતી રસતાળ થશે. એવું માનનારા જીવરામ બાપાએ જાણ્યું કે છોકરાઓને ગાયકવાડના ફોજદાર બનીને સલામનો મોહ જાગ્યો



'ધૂમકેતુ'ની અધૂરી રહેલી અંતિમ નવલકથા 'ધ્રુવાદેવી'ના અંતિમ પ્રકરણનું છેલ્લું પાનું તેમના હસ્તાક્ષરમાં–

છે, ત્યારે ઊકળી ઊઠ્યા. મોટા દીકરા મૂળજીનો વિનિપાત – જૂનાગઢ તાબાના ચારણની પીપળીનું કારભારૂં લીધું હતું તેથી – દુઃખ ભરેલા હૃદયે જોયો હતો. તેમાં આ વાત સાંભળતાં તેમનો પિત્તો ગયો.

'અલ્યા, તું ભાભા કુટુંબનો છોકરો, આખા ગામની સલામની વાતું કરે છે ? કણબીની એંશી વરસની ડોશી પણ ભાભાકુટુંબના ઘોડિયામાં સૂતેલા દોઢ મહિનાના છોકરાની પણ મરજાદ કરતી નીકળે છે એવી તારી બ્રાહ્મણકુટુંબની આબરૂને ફેંકી દઈને સલામુંનો મોહ થયો ? સપાઈધરમમાં પડવું હોય તો આ ત્રણ તાંતણા તોડી નાખો !'

આવી વિચારસરણીવાળા જીવરામ દાદા યજમાનોનાં ગામડાં સાચવીને આજીવિકા ચલાવતા. પરંતુ આ કેરાળા ગામ ખૂણામાં પડી જતું. રેલવેનું સાધન નહિ ને ખભે ખડિયો ભેરવીને ફરતા ગામોનો પંથ હવે તેમનાથી થઈ શકતો નહોતો; તેથી આ ભાભા કુટુંબે કેરાળાથી વીરપુરનો માર્ગ લીધો. 'ધૂમકેતુ'ના પિતા ગોવર્ધનરામ તથા રતનજીબાપાના બે દીકરા દેવકૃષ્ણ અને દામોદર વગેરે વીરપુરમાં આવીને વસ્યા.

વીરપુરના એ વખતના ઠાકોર સુરસિંહજીએ આ ભાભા કુટુંબને અઢારસોની વસ્તીના ગામ વચ્ચે જમીન આપવા આગ્રહ રાખેલો, તેમ છતાં ગામની બહાર જ જગ્યા પસંદ કરી. કારણ કે, તેમનું મહાન વ્રત હતું : 'બ્રાહ્મણને બંધન નહિ, કોઈની નોકરી નહિ, વસ્તીનો વાસ નહિ.'

વિ. સં. ૧૯૪૩ની સાલમાં જીવરામબાપાએ હાથોહાથ કડિયાકામ કરીને મકાન બાંધ્યાં, જ્યાં વિ.સં. ૧૯૪૯ના માગશર વદ ૯ ને સોમવાર – તા. ૧૨ ડિસે. ૧૮૯૨માં ધૂમકેતુનો જન્મ થયો.

સમગ્ર આયખા દરમ્યાન સ્ટેજ ને માઈકથી દૂર રહેલા, અતડા કહેવાઈ જાય એટલા બધા એકલ વિહારી, મસ્તી અને મિજાજ ભર્યા, માનાપમાનની પરવા વિનાના, આખાબોલા આ લેખકમાં દાદાના–જીવરામબાપાના–જ લોહીના ગુણ ઉતરી આવ્યા હોય :

'સલામુંનો મોહ નહિ, બ્રાહ્મણને બંધન નહિ, વસ્તીનો વાસ નહિ.'

★

વીરપુરમાં જીવરામબાપાના પુત્ર ગોવર્ધનરામને ત્યાં ગૌરીશંકરનો જન્મ થયો. માતાનું નામ ગંગાબા. જીવરામબાપા–જાડાબાપાના બીજા પુત્ર મૂળજીભાઈ ચારણની પીપળીમાં કારભારી. અને દીકરી કેસરબેનને નજીકમાં મોટી કુકાવાવ પરણાવેલાં. ગોવર્ધનરામના ત્રણ પુત્રોમાં ગૌરીશંકર સૌથી નાના; વચેટ અંબાશંકર ભાઈ અને સૌથી મોટા રામજીભાઈ.

ગૌરીશંકરનું હુલામણાનું નામ 'ભીમદેવ' હતું, પણ શરીરે સાવ નબળા. દાદાએ તો યજમાન સાચવવા વીરપુર સ્થળાંતર કર્યું, પરંતુ પિતાએ યજમાનવૃત્તિમાં આવી રહેલા ફેરફારને નીરખીને નાણાં ધીરધારનો ધંધો શરૂ કર્યો.

## ઈતિહાસ પ્રત્યેનો પ્રેમ

ભીમદેવ વિદ્યાર્થીકાળમાં ખાસ કંઈ હોંશિયાર નહોતા. પરંતુ શાળામાં પૂછાતા પ્રશ્નોના

સાચા ઉત્તર આપી શકાય એ માટે થઈને ઘરમાં ખાંખાખોળાં કરી ઘરમાં જે પુસ્તકો હતા તે ફેંદતા એક પુસ્તક મળ્યું, એણે બાળક ગૌરીશંકરને નવું જ માર્ગદર્શન આપ્યું. એ પુસ્તક હતું ખુડખૂડિયા અને બારોટ કૃત ગુજરાતના ઈતિહાસનું.

ભણવામાં તેમને ઈતિહાસ આવતો તેથી એ પુસ્તક તેમણે વાંચી નાંખ્યું. આ પછી તેમને ઈતિહાસનું ઘેલું લાગ્યું કે ઈતિહાસમાં જેટલાં મળ્યા એટલાં નાનામોટા પુસ્તકો વાંચવા જ માંડ્યાં. ઈતિહાસના વાંચનને લીધે અને તેમના પાડોશમાં રહેતા તેમના જ નામેરી એક કવિ સાથેના પરિચયને કારણે તેઓ પણ કવિતા રચતા થઈ ગયેલા. આમ, નવલિકાલેખનના આ સ્વામીએ પોતાના સાહિત્ય સર્જનનો પ્રારંભ વાર્તાથી નહીં પણ કવિતાથી કરેલો અને 'ઉદ્ગાર' નામના માસિકમાં છપાયેલી એમની સૌપ્રથમ કૃતિ એક નિબંધ હતો એ વાતની બહુ ઓછાને જાણ હશે.

## જીવન સંઘર્ષ

વીરપુરમાં સાતમું ધોરણ પાસ કરી ગૌરીશંકર ઈ.સ. ૧૯૦૬માં કુંકાવાવમાં માસિક રૂપિયા ચારના પગારથી શિક્ષક તરીકે નોકરીમાં જોડાયા. પાછળથી તેમની માતાનું પ્લેગને કારણે અવસાન થયું. માતાના અવસાનને કારણે ઘરમાં કોઈ સ્ત્રી સભ્ય ન રહેતા અને વીરપુરની શાળામાં જગ્યા પડતાં તેઓ કુંકાવાવ છોડી વીરપુર આવતા રહ્યા. ઘરમાં સ્ત્રી સભ્યની ગેરહાજરીને કારણે અનાજ દળવાનું, રસોઈ કરવાનું કામ ગૌરીશંકરને કરવાનું આવ્યું, પરંતુ આ કામ કેમ ફાવે ? આખરે બાપ–દીકરાએ એનો રસ્તો શોધી કાઢ્યો. ગૌરીશંકર હાથમાં બોઘરણું લઈ લોટ માંગવા જાય અને જે લોટ મળે તેના રોટલા–શાક રાંધી બાપ–દીકરો પેટ ભરે.

તેમની શાળાના હેડમાસ્તર કે જે મેમણ હતા તેમની પત્નીને સાહિત્યનો શોખ હતો, પણ ભણેલી નહોતી એટલે વાંચતા આવડે નહીં. ગૌરીશંકર તેઓને વાંચી સંભળાવે, નિશાળના પુસ્તકાલયના લગભગ બધાં જ પુસ્તકો આ રીતે ગૌરીશંકરે વાંચી સંભળાવ્યાં. આ પુસ્તકોમાં ઐતિહાસિક નવલકથાઓનું પ્રમાણ વધારે હતું. તેથી તેમણે ઈતિહાસનાં પ્રતાપી પાત્રો સિઝર, સિકંદર, જયસિંહ, સિદ્ધરાજ, વનરાજ, પૃથ્વીરાજ, શિવાજી, મહારાણા પ્રતાપ, હાનિબાલ, નેપોલિયન, પરશુરામ, એકીલીઝ, હેક્ટર, એલેકઝાંડર, શાર્લમન, ફ્રેડરિક, વિશ્વામિત્ર, કર્ણનો પરિચય મેળવી લીધો.

## લેખનનો નાદ

'ધૂમકેતુ'ના વ્યક્તિત્વ ઘડતરમાં શ્રીમન્નથુરામ શર્માના બીલખા સ્થિત આનંદ આશ્રમનો બહુ મોટો ફાળો હતો. આનંદાશ્રમના ધાર્મિક વાતાવરણે જ તેમને લેખનનો નાદ લગાડેલ. માસિક રૂપિયા સાતની નોકરી મળતાં તેઓ બીલખા આવેલા. અહીં તેમને કબીર, નાનક, દાદુ, મીરાં વગેરે સાધુ–સંતો, જોગીઓના તથા ચંદ્રકાંત અને રામાયણના પુસ્તકો વાંચવા મળ્યાં. આનંદાશ્રમના વાતાવરણ વિશે 'ધૂમકેતુ'એ લખ્યું છે : 'એક આખી નવી જ સૃષ્ટિ અહીં હતી. તો મારા નિયમ પ્રમાણે પુસ્તકોના પ્રેમમાં પડી ગયો. અહીં મેં પહેલ વહેલું લખવાનું પણ શરૂ કર્યું. એક, બે નહીં, પણ એક સાથે ૭ નવલકથાઓ શરૂ કરી ! અહીં જ મેં મારા વિદ્યાજીવનનો પાયો નાખ્યો.'

'ધૂમકેતુ' આનંદાશ્રમમાં હતા ત્યારે આશ્રમના વ્યવહારકુશળ અંતેવાસી ગૌરીશંકર

ભટ્ટના મનમાં વસી ગયા. તેમની પુત્રી કાશીબહેનનો હાથ તેમણે 'ધૂમકેતુ'ના હાથમાં સોંપ્યો. બીલખામાં જ તેમને મેટ્રિક પાસ થવાની ઈચ્છા જાગી. તેમણે મહેનત કરી અંગ્રેજી ચોથું ધોરણ બીલખામાં, પાંચમું જેતપુરમાં, મેટ્રિક પોરબંદરમાં પાસ કરી તેઓ કૉલેજનું શિક્ષણ મેળવવા જૂનાગઢની બહાઉદ્દીન કૉલેજમાં દાખલ થયા. અહીં તેમને અંગ્રેજી સાહિત્યની નવલકથાઓનો શોખ લાગ્યો. ઈ.સ. ૧૯૨૦માં તેઓ બી.એ. થઈ ગોંડલમાં રેલવેની નોકરીમાં જોડાયેલ.

## 'ધૂમકેતુ' બની ઝળક્યા

કૉલેજના અભ્યાસ દરમિયાન ગૌરીશંકરે કેટલીક કવિતાઓ રચેલી. એ કૉલેજના મેગેઝિનમાં છપાયેલી પણ ખરી. 'સાહિત્ય' નામના એક સામયિક 'ગુજરાતી સાહિત્યમાં સર્વોત્તમ ગ્રંથ ક્યો અને શા માટે ?' એ વિશે લખાણ મંગાવી રૂા. ૧૦ નું ઈનામ જાહેર કરેલું. આ ઈનામ તેમને મળેલું. 'ગુજરાતી સાહિત્યનાં ગ્રંથરત્નો' વિષય પર યોજાયેલ પરિસંવાદમાં ભાગ લઈ તેઓએ કહેલું : 'ગુજરાતી સાહિત્ય તો અંપગ છે, એમાં નથી વાર્તાઓ, નથી નવલકથાઓ, નથી નિબંધો કે નથી કોઈ એવો પ્રતિભાશાળી લેખક, જેની કૃતિઓ વિશ્વમાં તો ઠીક દેશમાંય માન મેળવવાની યોગ્યતા ધરાવતી હોય.' તેમણે ઈ.સ. ૧૯૨૦–૨૧ના અરસામાં 'ગરવી ગુજરાત'ના સ્વરાજ અંક માટે ખાસ લેખ લખ્યો. એ એટલો આકર્ષક બનેલ કે તેનું મરાઠીમાં ભાષાંતર થયેલ.

ઈ.સ. ૧૯૨૨માં અમૃતલાલ શેઠે 'સૌરાષ્ટ્ર' (હાલનું 'ફૂલછાબ') માટે લખવા આમંત્રણ આપ્યું. જે સ્વીકારી તેમણે 'રાજમુગટ' નામની ધારાવાહિક નવલકથા લખી. માર્ચ ૧૯૨૨માં 'સાહિત્ય'ના એકમાં તેમણે એક વાર્તા લખેલી તેના લેખક તરીકે તખલ્લુસ 'પાગલ' મૂકેલું. 'ધૂમકેતુ' તખલ્લુસનો ઉપયોગ સૌ પ્રથમ વખત તેઓએ 'સાહિત્ય'માં સિદ્ધરાજ જયસિંહ વિશેના લેખમાં કરેલ. 'નવચેતન' માસિકમાં પણ તેમની નવલકથા 'પૃથ્વીશ'ના હપ્તા શરૂ થયા. આમ તેઓ 'ધૂમકેતુ' બની ગુજરાતી સાહિત્યના ગગનમાં ખીલી ઊઠ્યા.

ગૌરીશંકર ગોવર્ધનરામ જોષી 'ધૂમકેતુ' તરીકે ઝળક્યા એપ્રિલ – ૧૯૨૩માં પ્રસિદ્ધ થયેલી તેમની 'પૉસ્ટ ઑફિસ' વાર્તાને લીધે. આ વાર્તાનો હિન્દીમાં અનુવાદ થયેલ. એ ઉપરાંત દેશ–વિદેશની પસંદ કરેલી શ્રેષ્ઠ ૧૦ વાર્તાઓના અંગ્રેજી સંગ્રહ 'ટેન ટેઈલ્સ'માં પણ તે 'ધ લેટર' નામથી પસંદ થયેલ. 'ધૂમકેતુ'એ પોતાના સાહિત્ય સર્જન અંગે લખ્યું છે : 'મારે માટે લખવું એ જાણે એક દિવાસ્વપ્ન બની ગયું હતું. ઘણી વખત હું રાત્રે બે વાગ્યે પણ લખવા બેસી જતો. ફાનસના પ્રકાશમાં વહેલી સવાર સુધી હું લખતો. આવા ઉજાગરા કરીને જ 'ધૂમકેતુ'એ 'નવચેતન' માટે 'પૃથ્વીશ' વાર્તા લખેલી.

## આજીવન સાહિત્યકાર

વિદ્યાર્થીકાળથી માસિક રૂપિયા ચારના પગારથી શિક્ષક તરીકે નોકરીની શરૂઆત કરીને સાહિત્યરસ પોષતા આવેલ 'ધૂમકેતુ' સાહિત્યના સ્વામી હતા. સાહિત્ય વિશે તેમણે લખ્યું છે કે : 'સાહિત્ય જીવનને ઘડવા માટે, બીજાનું જીવન સમજવા માટે, સૃષ્ટિના અંતરંગમાં રહેલી શક્તિ અનુભવવા માટે, મૂલ્ય પરિવર્તન માટે, ધર્મયુગ સ્થાપવા માટે, નવસર્જન માટે, પ્રગતિ માટે અને એક કલ્યાણકારી પ્રેમસૃષ્ટિના વિશ્વવ્યાપી આવિર્ભાવ માટે છે.'

જેમ દરેક સફળ પુરુષની પ્રગતિ પાછળ એક સ્ત્રીનું પ્રેરકબળ રહેલું જ હોય છે એમ 'ધૂમકેતુ'ની સફળતા પાછળ પણ એમનાં પત્ની કાશીબહેનનો બહુ મોટો ફાળો હતો. ગરીબ કુટુંબમાં વહુ તરીકે આવેલાં કાશીબહેને અનેક અભાવો વચ્ચે કંઈ પણ ફરિયાદ કર્યા વિના સદા હસતે મુખે સંસારની નાવ ચલાવે રાખી 'ધૂમકેતુ'ને પ્રોત્સાહન આપેલું. 'ધૂમકેતુ' તેમનું લેખન કાર્ય સારી રીતે કરી શકે તે માટે ઘરનો બધો જ બોજો તેમણે ઉપાડી લીધેલો.

ખૂદ 'ધૂમકેતુ'એ પણ એમના સન્માન સમારંભમાં એક વખત કહેલું કે : 'આજે જેને પ્રતાપે જે કાંઈ સિદ્ધિ હું પ્રાપ્ત કરી શક્યો છું અને જેને કોઈ ઓળખતું પણ નથી એ તો મારી પત્ની છે. મારો ઉગ્ર સ્વભાવ સહન કરીને તેણે મને લખતો રાખ્યો છે.' 'ધૂમકેતુ'નું અવસાન થયું ત્યારે તેમની છેલ્લી નવલકથા 'ધ્રુવદેવી' લખાઈ રહી હતી જે અધૂરી રહી ગયેલી.

## અનસ્ત 'ધૂમકેતુ'

ઈ.સ. ૧૯૨૩માં 'ધૂમકેતુ' ગોંડલથી અમદાવાદમાં આવી અંબાલાલ સારાભાઈની ખાનગી શાળામાં શિક્ષક તરીકે જોડાયા અને મરણપર્યંત અમદાવાદમાં જ રહ્યા. અહીં જ ઈ.સ. ૧૯૨૬માં તેમનો પ્રથમ વાર્તા સંગ્રહ 'તણખા' પ્રગટ થયો. જેને ગુજરાતના લેખકોએ વધાવી લીધેલ. 'તણખા' દ્વારા 'ધૂમકેતુ' સાહિત્યાકાશમાં મધ્યાહ્ને પહોંચી ગયા. આ પછી તો તેમણે ચૌલુકયુગ નવલકથાવલિની ૧૬ નવલકથાઓ, ગુપ્તયુગ નવલકથાવલિની ૧૩ નવલકથાઓ, ૫૦૦ જેટલી નવલિકાઓના ૧૧ ગ્રંથ, ચિંતનાત્મક સાહિત્યનાં ૯ પુસ્તકો, જીવનલક્ષી સાહિત્યના સાત ગ્રંથો અને બાળકોને જ્ઞાન સાથે ગમ્મત કરાવે એવી લગભગ ૭૦ જેટલી પુસ્તિકાઓનું તેમણે સર્જન કર્યું.

'ધૂમકેતુ'એ ગુજરાતી વાર્તારસપિપાસાને સંતોષી એટલું જ નહીં, પણ ટૂંકી વાર્તા એ કેટલું બળવાન કલામાધ્યમ છે તે દર્શાવી આપેલ. વિપુલ સાહિત્યના સર્જન દ્વારા ગુજરાતી સાહિત્યને ખરા અર્થમાં સમૃદ્ધ બનાવવા બદલ ઈ.સ. ૧૯૫૪માં સુરત સાહિત્ય સભાએ તેમને નર્મદ સુવર્ણચંદ્રક એનાયત કરેલ.

'ધૂમકેતુ' શ્રેષ્ઠ સાહિત્યકાર હોવા ઉપરાંત શ્રેષ્ઠ શિક્ષક પણ હતા. અમદાવાદમાં તેઓએ સર ચીનુભાઈ બેરોનેટના કુટુંબમાં પણ શિક્ષક તરીકે સેવા આપેલી. એ વ્યવસાય દરમિયાન અને તે પછી નિવૃત્તિના સમયમાં છેક જીવનના અંત સુધીના લગભગ ચાર દાયકા એમણે સાહિત્ય સર્જનનો પ્રવાહ વહેવડાવ્યો. હર્નિયાની જૂની માંદગીએ પથારીવશ બનાવી દેતાં, અશક્ત શરીરને કારણે પથારીવશ થયા પછી જ તેમણે લેખન પ્રવૃત્તિ છોડેલી. ૧૧ માર્ચ ૧૯૬૫ના રોજ ૭૩ વર્ષની ઉંમરે તેમનું અવસાન થયું.

ગુજરાતી સાહિત્યના આકાશમાં સિતારાઓ તો અનેક જોવા મળેલ છે, પણ ગૌરીશંકર ગોવર્ધનરામ જોષી જેવા 'ધૂમકેતુ' દુર્લભ છે. આજે પણ ગુજરાતી સાહિત્યરસિકોમાં 'ધૂમકેતુ'ની વાર્તાઓ પ્રિય છે. પૉસ્ટ ઑફિસ, ભૈયાદાદા, રજપૂતાણી, બિન્દુ, જુમ્મો ભિસ્તી, પૃથ્વી અને સ્વર્ગ જેવી નવલિકાઓ આજેય ઘરે ઘરે વંચાય છે. જ્યાં સુધી ગુજરાત તેમને હોશે હોશે વાંચતું રહેશે ત્યાં સુધી 'ધૂમકેતુ' અનસ્ત જ રહેશે.

○

# ધૂમકેતુનાં જીવનસંગિની કાશીબહેન

મુકુન્દ પી. શાહ

સ્વ. ધૂમકેતુના સુપુત્ર દક્ષિણકુમાર જોષી તેમનાં બહેન ડૉ. ઉષા જોષીએ તેમનાં માતુશ્રી કાશીબહેનની જીવન ઝરમર આલેખતું ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય તરફથી પ્રગટ થયેલ પુસ્તક 'અમારાં બા–'મી' આપી ગયા અને તે વાંચી ગયો ત્યારે મને પ્રતીતિ થઈ કે જેમ કસ્તુરબા ન હોત તો ગાંધીજી આટલા મહાન ન હોત, જો માણેકબા મહાકવિ ન્હાનાલાલનાં જીવનસંગિની ન હોત તો તેઓ આટલા મહાકવિ બની શક્યા ન હોત તેમ વિશ્વભરમાં ગુજરાતી નવલિકાને ગૌરવ અપાવનાર સ્વ. ધૂમકેતુ સાથે સ્વ. કાશીબહેન લગ્નગ્રંથિથી જોડાયાં ન હોત તો કદાચ 'ધૂમકેતુ'એ આટલા વિપુલ પ્રમાણમાં નોંધપાત્રસર્જન કર્યું હોત કે કેમ તે એક પ્રશ્ન છે.

સ્વ. કાશીબહેને તેમને જે રીતે સાચવ્યા હતા, તેમની પ્રત્યેક જરૂરિયાતોનો ઝીણવટપૂર્વક ખ્યાલ રાખી લેખનક્ષેત્રે તેમને જે અનુકૂળતાઓ કરી આપી હતી અને પોતાના પતિ તથા સમગ્ર કુટુંબની જે રીતે સંભાળ લીધી હતી તે જોઈ મારી ઉપરોક્ત માન્યતાને સમર્થન મળી રહે છે. કાશીબહેનની ઓળખ એક જ વાક્યમાં આપવાની હોય તો બિલકુલ અતિશયોક્તિ વિના કહી શકાય કે કાશીબહેન એટલે આર્ય સન્નારીનું મૂર્તિમંત પ્રતીક.

સ્વ. કાશીબહેનના નિકટના પરિચયમાં મારે આવવાનું બનેલું અને એમના વાત્સલ્યને હું પામી શકેલો એને હું મારું સદ્‌ભાગ્ય માનું છું. મુ. સ્વ. ચાંપશીભાઈની સૂચનાથી 'નવચેતન'ના વાર્તા અંક અને દિવાળી અંક માટે જોશી સાહેબ (ધૂમકેતુ) પાસે વાર્તા લેવા જતો ત્યારે સ્વ. કાશીબહેનનું ભાવભર્યું આતિથ્ય પામી શક્યો છું. સ્વ. ચાંપશીભાઈ અને સ્વ. જોશી સાહેબના અવસાન પછી પણ તેમને ત્યાં જવાનું થતું ત્યારે મારા કુટુંબના અને 'નવચેતન'ના સમાચાર પૂછવાનું સ્વ. કાશીબહેન ચૂકતાં નહિ.



કાશીબહેન અને 'ધૂમકેતુ'

છેલ્લે તેમને મળવા ગયેલો ત્યારે કૃષ કાયા, શરીરમાં તાવ, બ્લડપ્રેશર હોવા છતાં તેમને શ્રી દક્ષિણભાઈએ કહ્યું કે મુકુન્દભાઈ આવ્યા છે ત્યારે પથારીમાંથી બેઠાં થઈ ચાંપશીભાઈના અવસાન પછી પણ 'નવચેતન' ચાલુ રહ્યું છે એ બદલ પોતે વ્યક્ત કરેલો આનંદ અને મને અભિનંદન આપેલાં ત્યારે તેમના મુખ ઉપર જે સ્મિત અને વાત્સલ્યના ભાવ છવાયેલાં મેં જોયા હતા તે આ લખી રહ્યો છું ત્યારે પણ તાદશ્ય થાય છે.

સ્વ. કાશીબહેનનો જન્મ સૌરાષ્ટ્રના બીલખામાં ઈ.સ. ૧૮૯૭માં થયો હતો. આનંદાશ્રમના અંતેવાસી શ્રી ગૌરીશંકર ભટ્ટનાં તેઓ દીકરી. સ્વ. ધૂમકેતુ (ગૌરીશંકર ગો. જોશી) જ્યારે શ્રીમન્ન નથુરામ શર્માના આનંદાશ્રમમાં અભ્યાસાર્થે રહેતા હતા ત્યારે વ્યવહાર કુશળ ગૌરીશંકરના મનમાં વસી ગયા. ગૌરીશંકરે ગૌરીશંકરનું હીર પારખ્યું અને તેમનાં દીકરી કાશીબહેનની સોંપણી તેમને કરી.

ધૂમકેતુ અત્યંત ગરીબ કુટુંબમાં જન્મ્યા હતા. કિશોરાવસ્થા સુધી તો બાપ–દીકરો વીરપુરમાં ઘેરઘેર ફરી લોટ માગી લાવતા અને તેની રસોઈ બનાવી જમતા. આવા ગરીબ કુટુંબમાં હિંમતે કામ ન કરે એવા અભાવો વચ્ચે પણ લેશમાત્ર હિંમત હાર્યા વિના કાશીબહેને કશી પણ ફરિયાદ કર્યા વિના હસતે મુખે સંસારનું નાવ હંકાર્યે રાખ્યું અને ધૂમકેતુને પ્રોત્સાહન આપ્યા કર્યું. અમદાવાદમાં ખાનપુરમાં અંબાલાલ સારાભાઈ કુટુંબ તરફથી મળેલા મકાનમાં રહેતા હતા ત્યારે ત્યાંના પાડોશીઓનો અપાર પ્રેમ પણ કાશીબહેને સંપાદન કર્યો હતો. તેમનામાં માનવતા તો એટલી બધી કે તેમને ત્યાં કામ કરવા આવતી બાઈ પોતાની કુટુંબીજન હોય તે રીતે તેની સારસંભાળ રાખતાં.

વ્યવહારુ પણ જબરાં. ધૂમકેતુ તેમનું લેખનકાર્ય સારી રીતે કરી શકે તે માટે ઘરનો બધો જ બોજો તેમણે ઉપાડી લીધેલો. તેમનાં સંતાનો દક્ષિણકુમાર, ઘનશ્યામભાઈ, અશ્વિનકુમાર તથા ઉષાબહેનને ઉછેરવાનું, તેમના સંસ્કાર અને શિક્ષણમાં ધ્યાન આપવાનું અને ધૂમકેતુના સ્વભાવને સાચવી તેમને અનુકૂળ થવાનું કામ એ જેવું તેવું ન હતું. પણ કાશીબહેન એમાં પાર ઊતર્યાં.


સ્વ. ધૂમકેતુએ પણ પોતાના સન્માન સમારંભ વખતે જાહેરમાં કહેલું કે, 'જ્યારે રામ સીતા અને લક્ષ્મણ વનમાં ગયા ત્યારે ઊર્મિલાને તો કોઈ ઓળખતું પણ નહોતું. તેમ આ બધું હું જેને પ્રતાપે કરી રહ્યો છું અને જેને કોઈપણ ઓળખતું નથી તે તો મારાં પત્ની છે ! તેમણે મારો સ્વભાવ ઉગ્ર હોવા છતાં મને બાળકની જેમ પટાવીને કામકાજ કરતો રાખ્યો છે. છાયાની પેઠે જીવનવિગ્રહના તમામ પ્રસંગોમાં સાથ આપ્યો છે તેનો મારે આભાર માનવો જોઈએ.'

સ્વ. જોશી સાહેબ અને કાશીબહેનના કેવા સંબંધો હતા તે અંગે તેમના સુપુત્રી ડૉ. ઉષાબહેન જોશી લખે છે કે, 'પૂજ્ય બાપુને 'મી'ની હૂંફ (કાશીબાને બાપુ 'મી' કહેતા) અને 'મી'ને એવો જ બાપુનો સહારો. 'મી'ના શબ્દને બાપુ ખૂબ માન આપે. એમ 'મી' કોઈ દિવસ બાપુના શબ્દને ન ઉથાપે. 'મી' માંદી પડી હોય તો તે દિવસે બાપુની તબિયત બગડી જતી. 'મી'ની માંદગી લંબાય તો ઉપવાસી બાપુની પણ માંદગી લંબાય. એવી જ રીતે બાપુની માંદગીમાં અમારું કરેલું કામ 'મી'ની નજરમાં પણ ન આવતું. બધું પોતે જ કરે ત્યારે તેમને શાંતિ થાય.'

O

# ભાગવત કથાકાર મનહરલાલજી મહારાજ

રાજુલ દવે



ધારીથી એક કિલોમીટર દૂર, જૂનાગઢના નવાબે બાંધેલા રેલવેના પુલ નીચે, શેત્રુંજીને કાંઠે સૌરાષ્ટ્રનું એક અલ્પપરિચીત યાત્રાધામ જીવનમુક્તેશ્વર મહાદેવનું મંદિર અને આશ્રમ આવેલા છે. આશ્રમને ઘસીને વહેતો શેત્રુંજીનો પ્રવાહ, ઘેઘુર બગીચો, ચિત્ત પ્રસન્ન થઈ ઊઠે તેવી શાંતિ તેમજ વાતાવરણ જોઈને જગન્નિયતાને પણ પસાર થતાં બે ઘડી જોવાનું મન થઈ જાય. એક સમયના ખ્યાતનામ કથાકાર ગિરધરરામબાપાએ આ અવાવરૂ અને નિર્જન જગ્યાએ આવીને ભેટ બાંધી. ગિરધરરામબાપાનો તપોમય પુરુષાર્થ અને તેમના પુત્રની દીર્ઘદષ્ટિએ જીવનમુક્તેશ્વર મંદિરને આપણું એક નયનરમ્ય તીર્થસ્થક બનાવ્યું છે. ગિરધરરામજીના આ પુત્ર એટલે મનહરલાલજી.

તેમના નામથી ગુજરાતમાં આજે ભાગ્યે જ કોઈ અજાણ હશે. સમાજના વહેણો બદલાઈ રહ્યા છે, ધાર્મિકતાને નામે દંભ વધી રહ્યો છે તેવે સમયે ભારતીય સંસ્કૃતિની વાતો રસમય રીતે સમાજ સમક્ષ રજૂ કરવાની, સેવાની પ્રેરણા આપવાની અને લોકોમાં આધ્યાત્મિક જાગૃતિ લાવવાની એમ ત્રિવિધ કામગીરી મનહરલાલજીએ કરી છે. ઊંચી પડછંદ દેહયષ્ટિ, વિશાળ ભાલપ્રદેશ, ઘેરો અવાજ અને વિશાળ વાચનના અનુભવમાંથી ઘડાઈને આવેલી વાણી, મનહરલાલજીની વિશિષ્ટ પ્રભા ઉપસાવતી.

જેતપુર તાલુકાનું મેવાસા ગામ તેમનું વતન. માધ્યમિક શાળા સુધીનો અભ્યાસ જેતપુરની કમરીબાઈ હાઈસ્કૂલમાં કર્યો. નાનપણથી ભક્તિ પ્રત્યે મનહરલાલજીને અનુરાગ હતો. વિદ્યા ઉપાર્જન માટે અંતરમાં પ્રબળ ઉત્કંઠા હતી. પિતા ગિરધરરામબાપા સારા કથાકાર હતા. ઘરમાં પણ ધાર્મિક વાતાવરણનું પ્રાબલ્ય હતું. આ સંસ્કારોની વચ્ચે મોટા થતાં જતાં મનહરલાલજીએ ચીલાચાલુ શિક્ષણને બદલે સંસ્કૃતિનો અભ્યાસ કરવાનું નક્કી કર્યું. જેતપુરથી જામનગર આવ્યા અને ત્યાંની બહુ જાણીતી સંસ્કૃત પાઠશાળામાં દાખલ થયા. ૧૨ વર્ષ જામનગરમાં રહ્યા. સંસ્કૃત તેમ જ શાસ્ત્રોમાં પારંગત થયા. વાચનની ટેવ નાનપણથી હતી તે

જામનગરમાં પૂર્ણરૂપે વિકસી અને જીવનભર મનહરલાલજીમાં તે રસ યથાવત જળવાઈ રહ્યો. જામનગર પછી મુંબઈમાં ભારતીય વિદ્યાભવનની સંસ્કૃત પાઠશાળામાં એક વર્ષ અને તે બાદ કાશીમાં એક વર્ષ તેમણે ગાળ્યા. ૨૬ વર્ષની ઉંમરે તો સંસ્કૃતમાં પારંગત બની કાશીથી મનહરલાલજી સૌરાષ્ટ્રમાં પાછા આવ્યા. જીવનનો આરંભ જામનગરથી થયો હતો એટલે જામનગરને વસવાટ માટે પસંદ કર્યું. મનહરલાલજીની એક લાગણી બાળકોમાં શિસ્ત કેળવાય, તેમનામાં ચારિત્ર્યનું ઘડતર થાય, બાળકોનાં જીવન સમાજને ઉપયોગી બને અને ઉજ્જવળ કારકિર્દી ઘડાય તે હતી. આ હેતુને નજર સમક્ષ રાખી, જામનગરના કાશીવિશ્વનાથ મંદિરમાં ગીતા વિદ્યાલયની તેમણે સ્થાપના કરી. ગીતાપ્રચાર કરતી ગુજરાતમાં ત્યારે કોઈ સંસ્થા ન હતી. આર્ય સંસ્કૃતિની જીવનધારાને અખંડિત રાખતી એક પુણ્યસલીલાનો આ રીતે ઉદ્ભવ થયો. ગીતા વિદ્યાલયની પ્રવૃત્તિઓને મનહરલાલજીએ વિકસાવીને પલ્લવિત કરી છે. સૌરાષ્ટ્રમાં ૩૦, ગુજરાતમાં ૪ અને જમશેદપુરમાં ૧ મળી વિદ્યાલયના ૩૫ કેન્દ્રો આવેલા છે. ગીતા વિદ્યાલયોના માર્ગદર્શક તથા પથદર્શક મનહરલાલજી છે. ભારતીય સંસ્કૃતિના સંસ્કારો આ વિદ્યાલયો થકી રેડાય છે. શ્લોકગાન, સામસામી અંતકડી આદિ જોઈને હિંદી માસિક 'કલ્યાણ'ના સંચાલક હનુમાનપ્રસાદ પોદાર જેવી વ્યક્તિ પણ હર્ષવિભોર બની ઊઠી હતી.

ગીતા પ્રત્યે મનહરલાલજીને અનહદ અનુરાગ. ગીતા, વાલ્મિકી રામાયણ અને ભાગવત પર તેમનો ઊંડો અભ્યાસ. પ્રખર ભાગવત કથાકાર તરીકે તેમની ખ્યાતિ. ૩૫ વર્ષથી તેમની વાણી ગુજરાત તેમજ બૃહદ ગુજરાતમાં રેલાઈ રહી છે. રસક્ષતિ થયા વગર વિવિધ રસોનું રસમય વર્ણન કરવાની શૈલી, કથા સાથે દ્રષ્ટાંતોની રસિકતા, અર્થસૂચક તથા સચોટ સંવાદોથી મનહરલાલજી કથાના ગૂઢ રહસ્યોને સરળ લોકભાષામાં લોકો સમક્ષ રજૂ કરે. આગળ જણાવ્યું તેમ તેમનું વાચન વિશાળ અને સાહિત્યના પ્યાસી. એટલે કથામાં તેનું પ્રતિબિંબ પડતું રહે.

ઘણી શાળા, બોર્ડિંગો, મંદિરો કે સંસ્થાના લાભાર્થે મનહરલાલજીએ ભાગવત સપ્તાહો કરી છે. દ્વારકાના સદ્ગત શંકરાચાર્યજીએ તેમની કથા બેસાડી હતી. ભાગવતના સૌથી અઘરા ૧૧મા સ્કંધનું તેમણે જે ભાવવાહી નિરૂપણ કર્યું તેથી શંકરાચાર્યજી પણ ખુશ થઈ ગયા હતા. મનહરલાલજીની કથાઓ થકી સમાજોપયોગી કેટલાયે સત્કાર્યો સિદ્ધ થયા છે. મનહરલાલજીની કથાનું વિધાયક બળ સમાજસેવાની પ્રવૃત્તિ હતું.

તેમના દ્વારા ધારીના જીવનમુક્તેશ્વર મહાદેવનું નવસર્જન પણ એક અનુપમ ઘટના છે. મનહરલાલજીના પિતા ગિરધરરામબાપા અહીં આવી વસ્યા હતા. આજે આ સ્થળ યાત્રાસ્થળ તો છે જ, સાથે પક્ષીતીર્થ તથા વૃક્ષતીર્થ પણ છે. શેતલના કાંઠે ૧૨ વીઘા જમીનમાં લીંબુ, ચીકુ, આંબા, કેળ, જામફળીની ઘેઘુર વનરાજીમાં મોરલા અને અન્ય પક્ષીઓના ગહેકાટથી ગાજતા નૈસર્ગિક વાતાવરણમાં મનને આહલાદ આપતો આશ્રમ લોકોના આકર્ષણું કેન્દ્ર બન્યો છે. મનહરલાલજીની દષ્ટિ વૈજ્ઞાનિક. વૃક્ષારોપણના સફળ પ્રયોગથી તેમણે એક સમયની અવાવરૂ ભૂમિને નવપલ્લવિત કરી છે. મીઠી આંબલી, આંબળા, અંજીર જેવા આયુર્વેદિક દષ્ટિએ ઉપયોગી વૃક્ષો અહીં ઉછેરવામાં આવ્યા છે.


*ભાવ તિલક કેસરનું કીધું, અંગ વિભૂત ભરીને રે;*
*ભાવ સહિત ભજે જે ભોળાને, ના'વે જનમ ફરીને રે,*

જીવનમુક્તેશ્વર મહાદેવના મંદિરમાં શિવ – પાર્વતીની બે કલામય પ્રતિમાઓ સ્થાપિત થયેલી છે. સ્વામી અખંડઆનંદજીના ગુરૂ ઉડિયાબાબાનો વૃંદાવનમાં આશ્રમ છે. ત્યાં જેવી પ્રતિમાઓ છે, તેવી જ આબેહૂબ બે મૂર્તિઓ અહીં છે. સૌરાષ્ટ્રના અન્ય દેવસ્થાનોમાં શિવ–પાર્વતીની આટલી રમ્ય મૂર્તિઓ બીજે કયાંય નથી.


ગીતાના બોધ દ્વારા બાળકોમાં સંસ્કારનું રોપણ કરનાર આ ભાગવત કથાકારનું તા. ૧૬ જૂન ૨૦૦૧ના રોજ ૭૩ વર્ષની વયે અવસાન થયું. તેમનો સંસ્કારવારસો હાલ તેમના પુત્ર ડૉ. કૃષ્ણકાંતભાઈ દીપાવી રહ્યા છે.

તેઓના માર્ગદર્શન હેઠળ રાજકોટની ગીતા વિદ્યાલય બાળકોના સર્વાંગી વિકાસ માટે કાર્ય કરી રહી છે. જયાં બાળકોનું ભગવદ્ ગીતા, રામાયણ, સંસ્કૃત સ્તોત્રના અધ્યયન દ્વારા સંસ્કારસિંચન થાય છે. તેમ જ જનરલ નોલેજની પ્રશ્નોત્તરી, મહાપુરુષોના જીવનચરિત્ર, બાળવાર્તા, બાળ ગીત, બાળ પુસ્તકાલય, વકતૃત્વસ્પર્ધા, નિબંધ સ્પર્ધા વગેરે દ્વારા બાળકોનો સર્વાંગી વિકાસ થાય છે. આ ઉપરાંત ઉનાળામાં વિનામૂલ્યે છાશનું વિતરણ, વિનામૂલ્યે નિદાન, સારવાર કેમ્પ, મેડીકલ સાધન સહાય, નોટબુક વિતરણ, શૈક્ષણિક માર્ગદર્શન, બાળમજૂરી નાબુદી વગેરે અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

○





PARAG



Science Lab.
Speciality
Education Essentials
Designer & Developer

525, M.G.Road, Shop No. 3 & 4 Court Compound,
Opp. Indore Press Club, INDORE - 452 007.




Ph. : (0731) 2432918
Mob. : 09425072746
E-mail : paragtoys@gmail.com

Teaching/Training aids School Games, Toys & Sports Goods,
Play Ground Equipments, School Furniture, Movement activity Products,
Supplemental Learning Products

# પ્રફુલ્લ દવે : તમે સાંભળો ને ગીત હું ગાયા કરું

સરોજ અ. પોપટ



ગુજરાતને ગાતું કરવાનો જીવનભર પુરુષાર્થ કરનારા ગીત–સંગીતકાર અવિનાશ વ્યાસ હયાત હતા ત્યારની વાત છે. એક ફિલ્મના ગીતનું રેકોર્ડિંગ હતું. રેકોર્ડિંગ પૂરું થતાં વરસોના અનુભવી રેકોર્ડિસ્ટે બહાર આવીને અભિનંદન આપતાં કહ્યું -- 'આ છોકરાને ક્યાંથી લઈ આવ્યા અવિનાશભાઈ ? એના કંઠમાં ગજબની કુદરતી સમતુલા છે. પહેલીવાર રેકોર્ડિંગ કરે છે છતાં અમારે કોઈ સૂચન કરવું પડ્યું નથી. એના કંઠમાં આરોહ–અવરોહની, સ્વરની ફિરતની અને શબ્દોને અનુરુપ ભાવને કંઠમાં ઢાળવાની ગજબની સમતુલા છે. વાહ !' અવિનાશભાઈએ પોતાની પડખે ઊભેલા સોહામણા યુવાનનો ખભો થાબડતાં કહ્યું – 'બેટા, આ અભિપ્રાય સાંભળીને છકી ના જતો. કુદરતે તને સારો ગાયક બનાવ્યો છે. હવે તું સારો માણસ પણ થજે.

.... રેકોર્ડિંગ પછી ચા–પાણી પીવાતાં હતાં ત્યાં ઉપેન્દ્ર ત્રિવેદી પણ હતા. એક ભાઈએ સહજપણે ટકોર કરી. ઉપેન્દ્રભાઈએ રેકોર્ડ થયેલું ગીત સાંભળ્યું નહોતું એટલે આ ટકોરથી થોડા છેડાઈ પડ્યા. પેલા ભાઈ બોલ્યા : 'હવે મહેન્દ્ર કપૂરને કહી દેવું પડશે કે હિન્દી–પંજાબી ગીતો ગાઓ. ઉપેન્દ્રભાઈએ તરત કહ્યું – 'જરા વિચારીને આવું બોલવું જોઈએ.' વાતાવરણ કલુષિત થાય એ પહેલાં અવિનાશભાઈએ બાજી સંભાળી લીધી. ઉપેન્દ્રભાઈને રેકોર્ડ થયેલું ગીત સંભળાવ્યું. સ્વરના નશામાં ઉપેન્દ્રભાઈ પણ ઝૂમી ઉઠ્યા.


સોહામણા વ્યક્તિત્વવાળા એ યુવાનને ગુજરાત–સૌરાષ્ટ્રના સંગીત રસિકો જુદી જુદી રીતે બિરદાવે છે. કોઈ એને ગુજરાતનો મહંમદ રફી કહે છે. કોઈ એને સંતવાણીનો અષાઢી ગાયક ગણાવે છે. પરંતુ એ તો નમ્રતાથી કહે છે : 'હું તો પ્રફુલ્લ દવે છું અને મને લોકો મારા નામથી ઓળખે એ જ મને વધુ ગમશે.' સતત પાંચ વર્ષના શ્રેષ્ઠ ગાયકનો એવોર્ડ મેળવી જનાર આ હલકદાર ગાયક મળવા જેવો માણસ પણ છે. લાંબા સમયથી એમને મળવાની ઈચ્છા હતી. એના વિશે જાતજાતની વાતો સાંભળી હતી. મેઘાણી જયંતિ વખતે એમની સાથે બે ત્રણ કલાક ગાળવાની તક મળી ગઈ. પતિ–પત્ની બંને સાથે મુંબઈ આવ્યાં હતાં. પ્રફુલ્લભાઈને પૂછેલા કેટલાક સવાલોના વધુ વિગતે જવાબ એમનાં પત્ની ભારતીબહેન આપતાં હતાં. (આ એ જ

પ્રસિદ્ધ સ્વરસાધક ભારતીબહેન કુંચાલા જેને લોકસાહિત્યના ચાહકો લાંબા સમયથી ડાયરાઓમાં સાંભળતા આવ્યા છે.)

પ્રફુલ્લભાઈ બાજ ખેડાવાળ બ્રાહ્મણ પરિવારના સપૂત છે. પોતે એક પ્રતાપી જ્ઞાતિના છે તેનું એમને ગૌરવ છે. પ્રફુલ્લનાં માતાપિતા વિશે જાણવાનું વધુ રસપ્રદ છે. એના પિતા દેવશંકર દવે પ્રાથમિક શાળાના શિક્ષક હતા. તેમની ૪૦ વરસની કારકિર્દીમાં કદી એકે લાલ શેરો મરાયો નથી. શિસ્ત, નીતિ, નિયમિતતા અને કર્મનિષ્ઠામાં માનનારા. જીવનભર હાથે વણેલી ખાદીનાં કપડાં પહેર્યાં છે. એ અચ્છું ગાય છે. બાળકોને રસ પડે તેવા બાળકાવ્યો રચતા. ચુસ્ત ગાંધીવાદી. ગાંધીજીની હત્યા થઈ ત્યારે ગામના બ્રાહ્મણોએ લાપસી રાંધીને ખાધેલી. પણ દેવશંકરે લાપસી ન ખાધી. ઉલટું કોઈ સ્વજન ગયા હોય તેમ માથાંબોળ નાહ્યા. એમના બાળગીતો વિશે પ્રફુલ્લભાઈને પૂછતાં તેમણે એક બે સરસ દાખલા આપ્યા :

*'ઝગમગતા તારલાની જોડી, આકાશે કોણે ચોડી ?*
*ઓ બા મને કહેજોને, વાત એવી થોડી...'*
*'રાત જાગીને પુસ્તક ગોખું કે ઊંઘ મને કેમ આવે ?'*
*'મારા માથે પરિક્ષાની તોપું કે ઊંઘ કેમ આવે ?'*

જેટલા સારા કવિ તેટલા જ સારા ગાયક. કંઠ મધુર. જો કે પ્રફુલ્લના ચિત્તમાં પિતાની



પ્રફુલ્લ દવેના પિતા, કાકાઓ અને (નીચે બેઠેલા) પિતરાઈ ભાઈ સ્વ. બાલકૃષ્ણ દવે.

સ્મૃતિ બીજી રીતે પણ સચવાયેલી છે. 'મને ગણિત બરાબર આવડતું નહોતું. બાપુજી સાથળ પર ફૂટપટ્ટી મારતા. આંખે આંસુની ધારા વહે. પાટીમાં લખેલા આંકડા રેલાઈ જાય. બાપુજી સોટી વાગે ચમચમમાં માનનારા કડક શિક્ષક હતા.

બાની વાત કરતાં પ્રફુલ્લ લાગણીભીના થઈ જાય છે. 'મારી બાનું નામ મણિબહેન. બામાં વ્યવહાર, કળા અને બુદ્ધિ ત્રણેનો સંગમ હતો. ટૂંકા પગારમાં ઘર ચલાવવાની તેમનામાં આગવી સૂઝ હતી. એનાં ગાયેલાં હાલરડાં ધોળ અને રાસડા આજેય મારા સાક્ષાત મનમાં ગૂંજે છે. બાએ ધર્મભાવના પોષી છે. એનો એક આગ્રહ હતો : આખો દિવસ ગમે ત્યાં ભટકો પણ સાંજે સંધ્યાટાણે હાજર થઈ જવાનું. મારે મારા હાથથી દીવા કરવાના, બાના આદેશને કારણે હું દીવા કરતો પરંતુ એ દીવામાં ભક્તિ નહોતી. બાની આજ્ઞાનું પાલન કરવાની ફરજ માત્ર હતી.'

આમ ભજનો અને રાસગરબા ગાવાનો પ્રફુલ્લને ગળથૂંથીમાંથી વારસો મળ્યો છે. દવે પરિવારનું વતન મૂળ અમરેલી પણ ત્યાં જે મકાનમાં રહેતા એ વસ્તારી કુટુંબને નાનું પડતાં દેવશંકર દવે બગસરા રહેવા આવ્યા. પ્રફુલ્લે પ્રાથમિક શિક્ષણ બગસરામાં મેળવ્યું. ચારથી સાત ધોરણ હડાળા ગામમાં ભણ્યા. બગસરાથી પાંચ કિલોમીટર દુર હડાળા છે. આઠમું ધોરણ ભૂપત બહારવટિયાના ગામ વાઘણિયામાં ભણ્યા. ફરી નવથી અગિયાર ધોરણ અમરેલીમાં ભણ્યા.

શાળામાં ક્યાંય સંગીત શીખવા મળ્યું ?

'આમ તો બા બાપુનું સાંભળીને હુંય બાળપણથી ગાતો. ઘરમાં વાજું (હારમોનિયમ) પડેલું. હૈયાઉકલતથી એ વગાડતાં શીખ્યો. જે કંઈ ગાતો તે હારમોનિયમમાં બેસાડવાનો પ્રયાસ કરતો. એમાંથી હાથ બેસી ગયો. કંઠ પહેલેથી સારો એટલે શાળામાં શિક્ષકો ગવડાવતા. શાળામાં પ્રાર્થના કે ભજનો મારે જ ગાવાના આવતા. શાળામાં મહેમાનો આવે ત્યારે મારે કાંઈક ગાવું પડતું. પરંતુ ખરેખરો મોકો આઠમા ધોરણ પછી મળ્યો. ૯ થી ૧૧ ધોરણમાં મારે સંગીત અને ડ્રોઈંગ એ બે વિષયમાંથી પસંદગી કરવાની હતી. મેં સંગીત પસંદ કર્યું. ત્યારે રમેશભાઈ ઉપાધ્યાય સંગીત શિક્ષક હતા. તેમણે મારામાં સંગીતનું પદ્ધતિસરનું શિક્ષણ સિંચન કર્યું.'

વિદ્યાર્થી તરીકે પ્રફુલ્લ ખૂબ તેજસ્વી પરંતુ આર્થિક પરિસ્થિતિ સાથ આપે એવી નહોતી. એક સગી બહેન પૂરતી સારવારના અભાવે માંદગીનો ભોગ બની ખપી ગઈ. દેવશંકરભાઈ પ્રફુલ્લને ડૉક્ટર બનાવવા માગતા હતા. પરંતુ આર્થિક વિષમતાને કારણે આયુર્વેદની તબીબી શાખામાં દાખલ થયા. હૉસ્ટેલમાં રહેવાના પૈસા નહોતા. એક તપસ્વી બાવાજીની વાડી હતી. બાપ–દીકરો બાવાજીને વિનંતી કરવા ગયા. બાવાજી દુર્વાસાની જેમ અતિ ક્રોધી સ્વભાવના હતા. પરંતુ ત્યારે સારા મૂડમાં હતા. પ્રફુલ્લને વાડીમાં રહેવાની રજા આપી. જૈન વણિક ભોજનાલયમાં જમી આવે. પાછળથી બાવાજીએ જમવાની વ્યવસ્થા કરી આપી. બદલામાં પ્રફુલ્લ સ્વેચ્છાએ વાડીનું બાગકામ, વાસણ માંજવા વગેરે કામો કરી આપે. આયુર્વેદની તબીબી ડિગ્રીનો પાંચ વરસનો અભ્યાસક્રમ હતો. થોડા મહિનાઓ પછી એક સુખી

મિત્રની સહાયથી હૉસ્ટેલમાં રહેવાની સગવડ થઈ ગઈ.

અભ્યાસ પૂરો થવાના છેલ્લા વરસે રાજ્યકક્ષાનો યુવક મહોત્સવ હતો. એમાં મિત્રોના આગ્રહથી પ્રફુલ્લે ગાયું. ત્રીજું ઈનામ મળ્યું એટલે ઉત્સાહ વધ્યો. તબીબ થયા પછી ભાવનગર, જૂનાગઢ અને જામનગરમાં ઈન્ટર્નશીપ કરી. દરમિયાન બીજે વરસે ફરી યુવક મહોત્સવમાં ભાગ લીધો. તેમાં પ્રફુલ્લને પ્રથમ પારિતોષિક મળ્યું. એથી ગાવાનો ઉત્સાહ વધતો રહ્યો.

ધંધાદારી ગાયક થવાનું પ્રોત્સાહન શી રીતે મળ્યું ? તબીબ તરીકેની પ્રેક્ટીસ શા માટે છોડી દીધી ?

પ્રફુલ્લે મીઠું મલકતાં સરસ વાત કરી. ઈન્ટર્ન તરીકેનું છેલ્લું વરસ જામનગરમાં હતું. દર વરસે નવરાત્રિના કાર્યક્રમોમાં રાસગરબા ગાતા. 'લગભગ ૧૯૭૨–૭૩નો સમય હશે. અમદાવાદથી તેડું આવતાં પ્રફુલ્લ જામનગરથી અમદાવાદ આવેલા. ત્યાં મંચ પર રાસ લેવાય અને પ્રફુલ્લ પરદા પાછળથી ગાય. એના ગળામાંથી 'મણિયારો' વહેતું હતું. ઓડિયન્સ પર જાણે સંમોહન કર્યું. બધાં વિચારતા હતા કે આ વળી ક્યો ગાયક હશે ? ઓડિયન્સમાં મધુસુદન વ્યાસ પણ હતા. આ મધુસુદન વ્યાસ અમદાવાદ એજ્યુ. કૉલેજના અધ્યાપક હોવા છતાં ગુજરાતી લોકસાહિત્યનાં ઊંડા અભ્યાસી છે. એ અમદાવાદમાં 'લોક સંસ્કૃતિ વર્તુળ–ડાયરો' નામે સંસ્થા ચલાવે છે. આ મધુસુદન વ્યાસને પ્રફુલ્લના કંઠે 'મણિયારો' સાંભળતાં એક વિચાર આવ્યો. જામેલા કલાકારોનો ડાયરો તો બધા કરે. આવા ઉગતા કલાકાર છોકરડાંઓમાં રહેલી પ્રતિભા બહાર આણવી જોઈએ.

માત્ર વિચાર કરીને બેસી રહે એ મધુસુદન વ્યાસ નહીં. તેમણે ૭૫–૧૦૦ છોકરા–છોકરીઓને સ્ટેજ પર ભેગાં કર્યાં. વ્યવસ્થિત પ્રચાર કર્યો અને લોકસાહિત્યનો એક વિશિષ્ટ કાર્યક્રમ યોજ્યો : 'યૌવન વીંઝે પાંખ.' આખું સભાગૃહ ખીચોખીચ. એમાં સ્વ. હેમુ ગઢવીના પુત્ર બિહારી ગઢવી, ઝવેરચંદ મેઘાણીના પુત્રી મુરલી મેઘાણી, પ્રફુલ્લ દવે, ભારતી કુંચાલા અને બીજા અનેક જુવાનિયાઓએ લોકગીતો અને ભજનોનો વરસાદ વરસાવ્યો. બધાં રસતરબોળ હતાં. પ્રફુલ્લે 'મણિયારો' રજૂ કર્યો. એને ત્રણવાર વન્સમોર મળ્યા. અને આખા અમદાવાદમાં પ્રફુલ્લ દવે જાણીતું નામ થઈ ગયું. જ્યાં જાય ત્યાં 'મણિયારો' ગાવાની ડઝનબંધ ફરમાયશ આવે. આવા એક કાર્યક્રમમાં ગૌરાંગ વ્યાસ (અવિનાશ વ્યાસના પુત્ર), પત્રકારો નિરંજન મહેતા અને દિગંત ઓઝા તથા અરુણ ભટ્ટ પણ હાજર હતા. તેમને પ્રફુલ્લની ગાયનશૈલી પસંદ પડી ગઈ. તેમણે પોતાની આગામી ફિલ્મ 'લાખો ફુલાણી'માં પ્રફુલ્લને એક ગીત ગાવાની ઓફર કરી. સંગીતકાર તરીકેની ગૌરાંગભાઈની પ્રથમ સ્વતંત્ર ફિલ્મ. પાર્શ્વગાયક તરીકે પ્રફુલ્લની પણ એ પ્રથમ ફિલ્મ. એ પછી તેમણે કદી પાછું વળીને જોયું નથી.

સ્વભાવે પ્રફુલ્લ અંતર્મુખ છે. ઝાઝું બોલતા નથી એટલે અતડા અને અભિમાની હોવાની છાપ પડી ગઈ છે. પરંતુ એકવાર તમારી સાથે આત્મિયતા થઈ જાય પછી ખીલે એટલે એવા કે તમે સાંભળ્યા જ કરો. જ્યોતિષમાં માને છે પણ અંધશ્રદ્ધા નથી. એ જ રીતે ઈશ્વરને એક પરમશક્તિ તરીકે માને છે પરંતુ મૂર્તિપૂજા કરતા નથી. રજનીશજીના લોજિકથી ખૂબ પ્રભાવિત છે. રજનીશજીનાં પુસ્તકો ખૂબ વાંચ્યા છે. ખોરાક ખૂબ સાદો. બાજરાના રોટલા અડદની

દાળ અને છાશ બહુ ભાવે. તેમણે હળવા સ્વરે કહ્યું – 'બ્રાહ્મણ છું પણ જમવાનું વળગણ નથી.'

સ્વભાવે પ્રફુલ્લ ખુદ્દાર છે. સ્વતંત્ર મિજાજના છે. જૂનાગઢમાં એકવાર કાર્યક્રમ હતો. પ્રફુલ્લની આઈટમ આવી ત્યારે પહેલી હરોળમાં બેઠેલા ધારાસભ્યો અને ગુજરાતના એક માનનીય મંત્રીજી આરામથી ગપ્પાં મારતાં હતા. પ્રફુલ્લે તરત તેમને ટોક્યા. વિનયથી પણ મક્કમ સ્વરે કહી દીધું : 'મારી આઈટમ ન ગમતી હોય અથવા અહીં પણ કોઈ મહત્ત્વની ચર્ચા કરવાનું યાદ આવ્યું હોય તો કૃપા કરીને બહાર જઈને વાત કરી આવો.' એ જ રીતે એક કાર્યક્રમમાં ગુજરાતના ગૃહપ્રધાન ખાસ્સા મોડા આવ્યા. થોડી ધમાચકડી મચી ગઈ. પ્રફુલ્લે પોતાના ભજનમાં લેઈટલતીફને તેજાબી ચાબખા માર્યા. એ ઈશુના પેલા ઉપદેશમાં માને છે : 'બીજા પાસેથી તમે જેવા વર્તનની અપેક્ષા રાખતા હો તેવું વર્તન તમે તેની સાથે રાખો.'

'તમે ગાયકનો વ્યવસાય સ્વીકાર્યા પછી ઘણો પરિશ્રમ ઉઠાવ્યો છે. કદી કોઈ સંગીતકાર સાથે અથડામણ કે મનદુઃખ થયું છે ? કદી તમે કોઈને ગાવાની ના પાડી છે ?'

મક્કમપણે હા પાડતા પ્રફુલ્લે એક પ્રસંગ કહ્યો. હિન્દીમાં ઉત્તમોત્તમ ફિલ્મો બનાવનારા શ્રી વિજય ભટ્ટની 'નવરંગ ચૂંદડી' ફિલ્મમાં અવિનાશભાઈએ 'પેમલાપેમલી'નું એક તોફાની ગીત પ્રફુલ્લને ગાવાનું કહ્યું. પ્રફુલ્લે અગાઉ ભજનો વધુ ગાયાં હતાં. તેની ઈમેજ 'સાત્વિક ગાયક'ની હતી. તેણે ગાવાની ના પાડી દીધી. 'આ સાથે રેકોર્ડિંગ રુમમાં સન્નાટો છવાઈ ગયો. અગાઉ અવિનાશભાઈને ના પાડવાની કોઈએ હિંમત કરી નહોતી...' પ્રફુલ્લે પ્રસંગ સંભારતાં કહ્યું – અવિનાશભાઈની છાપ એવી હતી કે રીઝે તો રાજ આપે ને ખીજે તો ખેદાનમેદાન કરી નાખે. અવિનાશભાઈ પ્રફુલ્લને એક ઓરડામાં લઈ ગયાં. ત્યાં માત્ર બે જણ હતા : પ્રફુલ્લ અને અવિનાશ વ્યાસ.

પ્રફુલ્લના ખભે હાથ મૂકીને અવિનાશભાઈએ કહ્યું – 'જો બેટા, મને ના પાડી તે પાડી. બીજીવાર કદી ના ન કહેજે. ગાવાનો તારો ધંધો છે. ક્યારેક ભજન ગાવું પડે ને ક્યારેક મરસિયો. ક્યાંક ગઝલ ગાવી પડે ને ક્યાંક ટાહ્યલું ગાવું પડે... ધંધો લઈને બેઠા પછી આ કરું ને પેલું ન કરું એવો છોછસંકોચ ન ચાલે.' પ્રફુલ્લને એ વાત ગળે ઊતરી. ત્યારથી ભજનગાયકની ઈમેજ ગઈ. ફિલ્મના હીરો માટેનાં ગીતો શરુ થયાં. 'જો કે એને ઘણીવાર ચાહકોના કાગળો આવે છે કે તમારે અમુકતમુક ગીત નહોતું ગાવું જોઈતું.' સંગીતકારો વિશેનો પ્રફુલ્લનો અભિપ્રાય રસપ્રદ છે : 'અવિનાશભાઈ અને મહેશકુમાર પોતાની તરજ સમજાવી દઈને પછી મારી રીતે ગાવાની છૂટ આપી દે. ગૌરાંગ વ્યાસ કે સલિલ ચૌધરી પોતાની તર્જ બાબત બહુ ચોક્કસ. એને વળગી રહેવાનો આગ્રહ રાખે. પુરુષોત્તમ ઉપાધ્યાય હસતાં રમતાં કામ કરાવી લે. કલ્યાણજી–આણંદજી કહેશે : 'ગુજરાતના સંગીત રસિકોનો તમને વધુ અનુભવ છે. તમારું સૂચન આવકાર્ય છે.' લોકગાયકોમાં પ્રફુલ્લ સ્વ. હેમુ ગઢવી, દુલા કાગ, કહાનદાસ બાપુ અને સંત નારાયણ સ્વામિની ગાયકીને મુક્તકંઠે બિરદાવે છે. સ્ત્રીગાયિકોમાં દિવાળીબહેનનો અવાજ વધુ ગમે. રાજકોટના હેમંત ચૌહાણનો અવાજ પણ પ્રફુલ્લને ગમે છે. 'સ્વરની ચોકસાઈ બાબતમાં મને આજ લગીમાં બે અવાજે રડાવ્યો છે : કહાનદાસ બાપુ અને પુરુષોત્તમ ઉપાધ્યાયે. તેય લાઈવ પ્રોગ્રામમાં નહીં. રેકોર્ડ કરેલી કેસેટ સાંભળતાં રડી પડાયું.'

ચાહકોના કાગળો આવે છે ? એ પ્રશ્નના જવાબમાં ભારતીબહેન બોલી ઊઠ્યાં : 'ઈ હું તમને કહું. એમને છોકરીયુંના કાગળો બહુ આવે છે. કોઈ લખે તમે મારા રામ છો. હું તમારી શબરી છું. કોક એમને ભાઈ બનાવીને કાગળ લખે. કોક વળી એવું લખે છે કે મારું સર્વસ્વ તમારા પર ઓળઘોળ કરવા તૈયાર છું. કોકનો એવો કાગળ આવે કે ખોબલે ખોબલે 'કસુંબીનો રંગ' પાયો ઈ અમે જરીકે ભોંય પર ઢોળાવા દીધો નથી...' નવરાશમાં ઘેર હોય ત્યારે વાંચતા કે ગાતાં સ્થળકાળનું કે પત્નીનું ય ધ્યાન ન રહે એવું ભારતીબહેન કહે છે. 'છાપા વાંચે કે ગાતાં હોય તે દિ' નહાવાનું ય ઠેકાણું ન રહે. સાંજે નહાય. પરિવાર સાથે બહુ રહ્યા નથી પણ ઘણાં બધા માટે ખૂબ લાગણી છે. બધાના સુખનો પહેલો વિચાર કરે.'

પ્રફુલ્લ આરબ દેશો ખાસ કરીને દુબઈ અને બ્રિટનમાં કાર્યક્રમો કરી આવ્યા છે. સાથે ડાયરી કે ચોપડી રાખતા નથી. યાદશક્તિ કેમેરાની આંખ જેવી છે. છેલ્લા થોડા સમયથી તો ગીતો પણ રચે છે. તેમની રચનાઓમાં આક્રોશ અને સંતાપ બહુ હોય છે. એક બે દાખલા વાચકોને ગમશે. પ્રફુલ્લ લખે છે :

***'વગડે જાતા વળગે એ કારણ કહેવાય***
***વગર કારણે વળગે એ રાજકારણ કહેવાય***
***(પણ) કારણનું તો મારણ છે : મંત્રતંત્રને સાધો***
***રાજકારણનું નથી નિવારણ ઈથી રહેજે આઘો.'***
***'શ્રીમંતની સમસ્યા : શું કરીએ તો ભૂખ લાગે ?***
***ગરીબોની સમસ્યા : ભૂખ લાગે તો શું કરીએ ?***
***શ્રીમંતોની ઈજ્જત તેમની દૌલત હોય છે.***
***ગરીબોની દૌલત તેમની ઈજ્જત હોય છે.'***
***'દઈને બોતલ દારુની ને રૂપિયા દસની નોટ***
***ખૂટલ જનતા ખરીદાય છે, લઈને કિંમતી વોટ'***


પ્રફુલ્લ દવે વિશે લખવા યોગ્ય વાતોની ખોટ નથી. તેમને (વિજ્ઞાન ખુલાસો ન કરી શકે તેવો) ચમત્કારી અનુભવ પણ થયો છે. વાત ઘણી લાંબી છે. યાદગાર અનુભવો ઘણા થયા છે. એવો એક અનુભવ, મુંબઈના ફિલ્મ સેન્ટરમાં ફિલ્મ 'જંતરવાળો જુવાન'ના ગીતનું રેકોર્ડિંગ હતું. પ્રફુલ્લ સાથે આશા ભોંસલે સહગાયિકા હતાં. ગીતના અંતરાઓ વચ્ચે પ્રફુલ્લે દુમેળિયા (લોકસાહિત્યમાં વપરાતા એક) છંદમાં ગાવાનું હતું. આ છંદ અટપટો અને અઘરો ચડાવ ઉતારવાળો છે. પ્રફુલ્લ ગાતા હતા ત્યારે ચાલુ રેકોર્ડિંગે આશા ભોંસલે બોલી ઊઠી : 'વાહ વાહ !' રેકોર્ડિંગ અટકી પડ્યું. રેકોર્ડિસ્ટે આશાબાઈને ટોક્યાં કે તમે વરસોના અનુભવી થઈને આ ચાલુ રેકોર્ડિંગે વાહ વાહ કેમ બોલી ઊઠ્યાં ? આશા કહે – 'આ ગુજરાતી યુવાને એટલું સરસ ગાયું કે મારાથી રહેવાયું નહીં.'

એવા પ્રફુલ્લ દવેએ છૂટા પડતાં કહ્યું – વાચકોને મારો એક સંદેશો આપી દેજો : 'તમે સાંભળો ને ગીત હું ગાયા કરું મારી સામું જુઓને હું મલકાયા કરું.'

○

# 'વીસમી સદીના દલપતરામ' : કવિ નાથાલાલ દવે

ભાસ્કરભાઈ ખારોડ



ગુજરાતી સાહિત્યક્ષેત્રે કવિ નાથાલાલ દવેનું પ્રદાન ઉચ્ચ કક્ષાનું અને મૂલ્યવાન રહ્યું છે. ૧૯૩૪માં ક. મા. મુનશીના 'ગુજરાત' માસિકમાં દવેની જાણીતી ગઝલ 'રજા ત્યારે હવે દિલબર ! અમારી રાત થઈ પૂરી.' પ્રગટ થઈ. ૧૯૩૪થી તેમની સાહિત્યયાત્રા ૧૯૮૬ સુધી અવિરત ચાલુ રહી. ઉમાશંકર જોષીની પ્રસ્તાવના સાથે (૧) કાલિંદી ૧૯૪૨માં (૨) જાહ્નવી ડોલરરાય માંકડની પ્રસ્તાવના સાથે ૧૯૬૧માં (૩) સ્વાતંત્ર્ય પ્રભાત ૧૯૪૭માં (૪) પિયાબિન આ.–૨ ૧૯૭૩માં, પ્રીતનો ગુલાબી રંગ આ.–૨ ૧૯૮૧માં વગેરે તેમના સુગેય ગીતો અને શુદ્ધ છંદોબદ્ધ કાવ્યોના માતબર સંગ્રહો કવિતારસિકોમાં આદર પામ્યા છે. કાલિંદી – મહર્ષિ કર્વે યુનિવર્સિટીમાં પાઠ્યપુસ્તક, પિયાબિન – સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગરમાં બી.એ. માં પાઠ્યપુસ્તક. દવેનાં કાવ્યોની સંખ્યા : ૧૫૦૦, તેમનાં કાવ્યસંગ્રહો કુલ ૨૧.

નાથાલાલ દવેનો જન્મ ૩–૬–૧૯૧૨. જન્મસ્થાન – કુંડલા તાલુકાનું ભુવા ગામ. પિતા – ભાણજી કાનજી દવે, આયુર્વેદના અભ્યાસી, સંસ્કૃતપ્રેમી, માતા–કસ્તુરબા. બાર વર્ષની વયે દવેનાં લગ્ન સમવયસ્ક નર્મદાબહેન સાથે. પ્રસન્ન મધુર ગૃહસ્થાશ્રમ. અભ્યાસ – શામળદાસ કૉલેજ ભાવનગરમાં બી.એ. – ૧૯૩૪. એમ.એ. – ૧૯૩૬, મોન્ટેસોરી ટ્રેઈન્ડ – ૧૯૪૬, બી.એડ. : વડોદરા કૉલેજ ૧૯૪૫, સ્નાતક – નયી તાલીમ : સેવાગ્રામ ૧૯૫૨.

૧૯૫૦માં નાથાલાલ સેવાગ્રામમાં ગાંધીજીના આશ્રમમાં એક વરસ રહ્યા, ત્યારે વિનોબાજી, કાકા કાલેલકર, મશરુવાળા, આર્યનાયકમ્ આશાદેવી કુમારપ્પા વગેરેના નિકટના સંપર્કમાં આવ્યા. ગાંધી–વિચારને તેમણે આત્મસાત્ કર્યો. વળી નાગપુરના મરાઠી લેખક અનંત શેવડે, 'કૃષ્ણાયન'ના કવિ દ્વારકાપ્રસાદ મિશ્ર, 'બાપુ'ના લેખક સિયારામશરણ ગુપ્ત, કવિ દિનકરજીના પરિચયમાં આવ્યા. પછી ગુરુકૂળ સોનગઢ, નયી તાલીમની સંસ્થાઓ બાર્ટન ટ્રે. કૉલેજ–રાજકોટ, હંટર ટ્રે. કૉલેજ–મોરબી, પ્રેમચંદ રાયચંદ ટ્રે. કૉલેજ–અમદાવાદ, ગ્રેજ્યુએટ્સ બેઝિક ટ્રેઈનિંગ કૉલેજ–માંગરોળ વગેરે ખ્યાતનામ સંસ્થાઓમાં પ્રિન્સિપાલ તરીકે

તેમની કારકિર્દી યશસ્વી અને ઉજ્જવળ રહી. તે પછી ગઢડા મહાલના લીટરસી ઑફિસર તરીકે સુરેન્દ્રનગર, રાજકોટ, ભાવનગર વગેરે જિલ્લાના શિક્ષણાધિકાર તરીકે તેમ જ રાજ્ય શિક્ષણ ભવનના રીડર પદે રહીને એક સંન્નિષ્ઠ કાર્યદક્ષ અમલદાર તરીકે દવેએ ખ્યાતિ તથા લોકચાહના મેળવ્યાં હતાં. ૧૯૭૦માં ૫૮ વર્ષની વયે જી. બી. ટી. સી. માંગરોળના પ્રિન્સિપાલ પદેથી નાથાલાલ દવે નિવૃત્ત થયા.

૧૯૫૦–૫૧ના સેવાગ્રામમાં ગાંધીઆશ્રમના નિવાસ પછી દવેની કવિતા ગ્રામજીવન પ્રતિ સવિશેષ અભિમુખ બની. મહેનતનાં ગીત–૧૯૫૨, જનતાને કંઠે–૧૯૫૨, લોકકંઠે–૧૯૫૩, સોનાવરણી સીમ–૧૯૫૫, હાલો ભેરુ ગામડે–૧૯૭૮, ભીની માટીની સુગંધ–૧૯૮૧, સીમ કરે છે સાદ–૧૯૮૨, ભૂદાન–યજ્ઞ–૧૯૫૯ વગેરે તેમના ગ્રામજીવનનાં આનંદ–ઉલ્લાસનાં સરલ સુગેય ગીતો સ્વ. મેઘાણી યોજતા તેવા સૌરાષ્ટ્રના મધુર લોકઢાળમાં પ્રગટ થતાં રહ્યાં. ભૂદાનયાત્રામાં વિનોબાજી સૌરાષ્ટ્રમાં આવ્યા ત્યારે નાથાલાલ દવે તેમની પદયાત્રામાં જોડાયા હતા. રામનારાયણ પાઠકે તેમને 'પરિવ્રાજક કવિ' તરીકે ઓળખાવ્યા છે. ગુજરાતના ગ્રામ્યવિસ્તારોમાં દવેનાં લયમધુર ગીતોનો ગુંજારવ આજે દ્વારિકાથી ડાંગ સુધી સર્વત્ર સંભળાય છે. ૧૯૮૨માં વડોદરાનાં વિઠ્ઠલભાઈ પટેલ સંચાલિત સંસ્કારપરિવાર તરફથી સ્વ. મેઘાણી પછી ગીતોને જીવતાં – વહેતાં રાખવા માટે 'સંસ્કાર એવોર્ડ' આપીને નાથાલાલ દવેનું સન્માન કરવામાં આવ્યું હતું. ૧૯૮૩માં ગ્રામજીવનનાં સરલસુંદર ગીતો માટે સ્વરાજઆશ્રમ, વેડછીમાં જુગતરામ દવેને હસ્તે નાથાલાલને રૂ. ૧૧૦૦નું ગ્રામસ્વરાજ પારિતોષિક આપવામાં આવ્યું હતું.

૧૯૪૭માં ભારતને સ્વતંત્રતા પ્રાપ્ત થઈ ત્યારે 'સ્વાતંત્ર્યપ્રભાત' નામના કાવ્યસંગ્રહથી નાથાલાલ દવેએ આઝાદીને વધાવી હતી. પણ તે પછી રાષ્ટ્રજીવનમાં અનેક વિસંવાદો જાગ્યા. તેથી લોકવિરોધી પરિબળો સામે નાથાલાલે પોતાની કલમ ઉપાડી, અને રાજકારણની અસંગતિઓ વિશે અનેક ધારદાર વેધક માર્મિક કટાક્ષકાવ્યોનું સર્જન કર્યું. દવે સમગ્ર વીશમી સદીના શ્રેષ્ઠ ગુજરાતી વ્યંગ કવિ છે. તેમનાં કટાક્ષકાવ્યોમાં કટુતા નથી, નિરાશા નથી.. અસુંદરનો સ્પર્શ નથી. તેમનું મિતાક્ષરી સ્પષ્ટકથન ચોટદાર હોય છે. (૧) ઉપદ્રવ ૧૯૭૫, (૨) ઉપદ્રવ–૨–૧૯૭૯. (૩) ચુનાવપર્વ–૧૯૭૯, (૪) હળવે હાથે આ–૨ ૧૯૮૨, (૫) જન–જાગૃતિનો ઉત્સવ ૧૯૮૪, (૬) મુખવાસ ૧૯૮૨. આટલી ઊંચી કક્ષાના અને આવી મોટી સંખ્યામાં નીડર નિખાલસ કટાક્ષકાવ્યો લખનાર દવે એક જ કવિ છે. તેથી વિવેચકોએ તેમને 'વીશમી સદીના દલપતરામ' એવું બિરુદ આપ્યું છે.

*'દવેએ હાસ્યકટાક્ષનું કમાલ કીધું કામ,*
*વીસમી આ સદી તણા જાણે દલતપરામ'*

– પ્ર. ત્રિવેદી

શ્રેષ્ઠ હાસ્યકવિતા માટે મુંબઈના 'હસાહસ' માસિકે યોજેલી સ્પર્ધામાં રૂ. ૨,૦૦૦નું પ્રથમ પારિતોષિક ૧૯૮૫માં પ્રાપ્ત થયું હતું. તે માટે વડોદરામાં સ્વાતંત્ર્યસૈનિક કમળાશંકર પંડ્યાએ સન્માન સમારંભ ૩–૨–૮૫ના રોજ યોજેલ, તે વખતે હાથરસથી હિંદી હાસ્યકવિ

કાકા હાથરસીએ 'કવિવર નાથાલાલ કા બઢે માનસન્માન' કાવ્ય સાથે આશીર્વાદ પાઠવ્યા હતા.

નાથાલાલ દવેએ ૧૧૦ જેટલી સુંદર નવલિકાઓ લખી છે. તેમની વાર્તાઓના પાંચ સંગ્રહ પ્રગટ થયા છે. પ્રથમ સંગ્રહ (૧) ભદ્રા ૧૯૪૫નો શ્રેષ્ઠ વાર્તાસંગ્રહ ગણાયો હતો. (૨) નવું જીવતર ૧૯૪૬માં, (૩) ગુજરાતની શ્રેષ્ઠ હાસ્યકથા ઊડતો માનવી ૧૯૮૦માં, (૪) ૧૯૭૭માં શિખરોને પેલે પાર, ૧૯૭૦–૮૦ના દાયકાના શ્રેષ્ઠ વાર્તાસંગ્રહ તરીકે રૂા. ૧૧૦૦ નું 'સજની' પારિતોષિક, અમૃતલાલ યાજ્ઞિકના વરદ હસ્તે, તથા સાહિત્યપરિષદનું રૂ. ૧૦૦૦નું ઈનામ. (૫) દવેનો પાંચમો વાર્તાસંગ્રહ મીઠી છે જિંદગી, રમણલાલ સોનીની પ્રસ્તાવના સાથે ગુર્જર ગ્રંથભવન તરફથી ૧૯૮૫માં પ્રગટ થયો છે, તેને વિસનગર પારેખ ગ્રંથાલય તરફથી ૧૯૮૬નું પારિતોષિક પ્રાપ્ત થયું છે. નવલિકા ક્ષેત્રે નાથાલાલ દવેનું પ્રદાન મૂલ્યવાન લેખાય છે. અનેક અભ્યાસી વિવેચકોને મતે ધૂમકેતુ, દ્વિરેફ, મેઘાણી અને ગુલાબદાસ બ્રોકર જેવા ગુજરાતી ભાષાના શ્રેષ્ઠ નવલિકાસર્જકોની સાથે નાનાલાલ દવેની ગણના થાય છે. યશવંત શુકલ તેને 'નિતાંતસુંદર નવલિકાઓ' કહે છે. ઈશ્વર પેટલીકર 'શિખરોને પેલે પાર'ને 'ભારતની શ્રેષ્ઠ વાર્તાઓમાં સ્થાન પામે તેવી કલાકૃતિ' ગણે છે.

૧૯૫૧–૫૨ મનહર રસકપૂરની ગુજરાતી ફિલ્મો 'કહ્યાગરો કંથ' તેમ જ 'કન્યાદાન'માં ગીતો -- ગાયિકા શ્રીમતી ગીતા દત્ત; 'શરદપૂનમ' ફિલ્મમાં સંવાદો. ૧૯૪૮માં 'વિરાટ જાગે' નાટક, 'આદર્શ દંપતી', 'ફરી પરીક્ષા' દવેનાં એકાંકી ખૂબ પ્રચાર પામ્યાં હતાં. કૃષ્ણવીર દીક્ષિત લખે છે– 'શી આહ્‌લાદકભરી જીવનયાત્રા ! એ ઈશ્વરની કૃપા બને તમારો સ્વકીય જબરદસ્ત પુરુષાર્થ, ઈશ્વરદત્ત પ્રતિભાનો તમે ઉત્તમ વિનિયોગ કરી જાણ્યો. ભાઈ વાહ ! ખરી સાતત્યભરી અને નિષ્ઠાભરી સાહિત્યોપાસના !'

સુજ્ઞ વિદ્વદ્‌વર્ય હરિભાઈ ચૌહાણ લખે છે : 'આ પ્રકૃતિપ્રેમી પ્રવાસરસિયા વિનમ્ર સજ્જન એવા નાથાલાલ દવે મોટા ગજાના કવિ ગણાય છે. કટાક્ષકવિતામાં તો આ વીસમી સદીમાં અનન્ય એવા નીડર, નિર્દંભ, નિખાલસ સર્જક છે, તેમ જ ઉત્તરોત્તર ઉચ્ચ કક્ષાના વિવિધ સાહિત્યસર્જનથી નાથાલાલ દવે કાન્ત, કલાપી, મેઘાણી તથા ઉમાશંકર, સુંદરમ્‌ની હરોળના કવિ લેખાય છે. તેમના ઉત્તમ સાહિત્ય–પ્રદાનથી અગ્રસ્થાનના અધિકારી સર્જક તરીકે તેમની ગણના થાય છે.

આ અભ્યાસી જીવનું વાચન પણ એટલું જ વિપુલ છે. અંગ્રેજી લઈને તે સ્નાતક થયા હતા. શેક્સપિયર, બર્નાર્ડ શૉ, ઈબ્સન, બાયરન–શેલી–કીટ્સ, વર્ડ્ઝવર્થ, બ્રાઉનિંગ ટેનિસન વગેરે કવિઓ : ડ્યુમા, વિક્ટર હ્યુગો, બાલ્ઝાક, ડિકન્સ, થોમસ હાર્ડી, ટોલ્સટોય, રોમા રોલાંની કૃત્તિઓનું તેમણે સારી રીતે પરિશીલન કર્યું છે. સંસ્કૃત સાહિતયનું તેમણે ઊંડું અવગાહન કર્યું છે. ઉપનિષદો, વાલ્મીકિ, મહાભારતકાર ભગવાન વેદવ્યાસ, કાલિદાસ, ભવભૂતિ. ભાસ, જગદેવ વગેરેનો શ્રી નાથાલાલે વ્યસ્થિત અભ્યાસ કર્યો છે. રામકૃષ્ણદેવ, વિવેકાનંદ, કૃષ્ણમૂર્તિ અને શ્રી અરવિંદના સાહિત્યના તે આજીવન ઉપાસક રહ્યા હતા. આવા અનુભવો અને અભ્યાસને કારણે દવેના સાહિત્યજસર્જનમાં વિષયોનું વૈવિધ્ય આવ્યું છે, તેમ જ કાવ્યોની કક્ષા કાયમ ઊંચી રહી છે. ૧૯૯૩માં આ કવિનું અવસાન થયું.

○

## માયાપાશ

ભીંત ફાડીને પીપળી રે ઉગ્યો,
જીરણ એની કાયા
રે હો જીરણ એની કાયા.
કાંકરી ચૂનો રોજ ખરે ને,
ધ્રૂજે વજ્જર–પાયા ! –ભીંત
પાંદડે પાંદડે તેજ ફરુકે,
મૂળ ઉંડેરાં ઘાલે,
રે હો મૂળ ઉંડેરાં ઘાલે :
ચોગમ આડા હાથ પસારી
ગઢની રાંગ ફાલે.
રે હો ગઢની રાંગે ફાલે. ભીંત...
કોક કોડીલી પૂજવા આવે,
છાંટે કંકુ–છાટા :
સૂતરનો એક વીંટલો છોડી
ફરતી એકલ આંટા,
રે હો ફરતી એકલ આંટા. – ભીંત
ભીંત પડી, પડ્યો પીપળો એક દી
ડાળિયું સાવ સુકાણી,
રે હો ડાળિયું સાવ સુકાણી :
ચીરતો એનું થડ કુહાડો,
લાકડે આગ મુકાણી,
રે હો લાકડે આગ મુકાણી. – ભીંત
જડને ટોડલે ચેતન મ્હોરે,
પૂજવા આવે માયા,
રે હો પૂજવા આવે માયા :
લાખ કાયા લોભ–તાંતણે બાંધે,
મનવા ! કેમ બંધાયા ?
મારા મનવા ! કેમ બંધાયા ? – ભીંત.

– વેણીભાઈ પુરોહિત

:: સ્થાન સમર્પિત ::
શ્રીમતી શારદાબેન કિશોરભાઈ મહેતાની સ્મૃતિમાં
આનંદ પ્રકાશભાઈ જોષી દ્વારા

# સંસારી સંત હરિશંકર દવે

દોલત ભટ્ટ

દામનગર ઉપર દિલાવર દિલના દાતાના ઉર જેવું પ્રભાત ઊઘડી ગયું છે. મંગળા આરતીની ઝબૂકતી જ્યોત જેવી તેજની ટશરૂ ફૂટી રહી છે. ભગવાન શ્રીકૃષ્ણના સુદર્શન ચક્ર જેવા સૂરજદેવના પગલે પગલે કંકુવરણી કન્યાની ટચલી આંગળીના ટેરવા જેવી પદમની પાંખડીઓ પુલકિત બની રહી છે.

એવે વખતે ગોદડિયા બાપુ ભક્તોથી ભીંસાઈને બેઠા છે. હરિરસની હેલી હિલોળા લઈ રહી છે. અલખના ઓલિયાની આંખમાંથી અમી ઝરણાં વહી રહ્યાં છે. ભરાવદાર કાયા માથે કૌપીન પડ્યું છે. વ્રજમાં વિહરતા કાનને ખંભે ઝૂલતી કાળી કામળીની જેમ ત્રાંબાવરણાં તેજે ઝળહળતા જોગીના ખંભે ભાતીગળ ગોદડી ઝૂલી રહી છે. આ ભેખધારી બાપુનું નામ રામદાસ, પણ લોકમુખે નામ 'ગોદડિયા બાપુ' બોલાઈ રહ્યું છે.

માલ–મિલકત, મેડી ખજાના જેને ખપતા નથી, જેની માલમિલકત એક ગોદડીમાં ગારદ થઈ જાય છે એવા આ ગોદડિયા બાપુ જ્યાં પગ ઠેરવે ત્યાં આસન, જ્યાં ઉતારો કરે ત્યાં આશ્રમ અને જ્યાં રામનામનું રટણ કરે ત્યાં મંદિર. ચાર દીવાલના ઓરડામાં રામદાસ બાપુનો ઉતારો નહિ. અઢારેય આલમના આઠેય પહોર જેના પંડ્યને જોઈ શકે એવા ઉઘાડા આભ નીચે આળોટનારો અવધૂત. ઓરડાની આડશથી અળગો રહેનારો ઓલિયો પગ માથે પગ ચઢાવીને બેઠો છે. ભક્તો અછો અછો વાનાં કરી રહ્યા છે. માયાને મોકળી મૂકનાર સાધુની મીઠી નજર મારગ માથે તોળાઈ રહી છે. નજર સામે સૂરજનાં કિરણો આવતાં આંખ્યું માથે હાથનું નેજવું કરીને લાંબી નજરે જોયું તો અંગ માથે લંગોટી ખભે ગોદડી નાખેલ એક માણસને આવતો ભાળ્યો. તેથી અચરજ પામીને બાપુ વેણ વદ્યા, 'એલા ! આ વેશ કાઢીને કોણ આવે છે ?' સૌની આંખો મારગ માથે મંડાઈ રહી.

ગોદડિયા બાપુના શિષ્ય થવા આવેલ ચિતળનો હરિશંકર નામનો દવે નૂખનો બ્રાહ્મણ. હરિશંકરના બાપ ભૂરા દવેનો ચિતળમાં ડંકો વાગે. ચિતળ માથે બાપદાદાનું ગોરપદું. કાઠી દરબારોમાં ભૂરા દવેનો પડ્યો બોલ ઝિલાય. ભૂરા દવેનું નીકળ્યું વેણ કોઈથી ઉથાપાય નહિ એવી બ્રાહ્મણોની બોલબાલા. પણ ભૂરા દવેના ઘરના ઘોડા અવળા હાલે. પંડ્યના પાંચેય દીકરા ભજન ગાય. સાધુસંતોનાં ચરણ સેવે. સાધુની ઊભે પગે ચાકરી કરે. સાધુની ચાકરીમાં જાણે અનહદ આનંદની મોજ માણે. પણ ભૂરા બાપા આકળ–વિકળ થાય. એનાથી આ ખમ્યું ખમાય નહિ. દીકરાઓને ભજન ગાતાં સાંભળી ભૂરા બાપા ઠપકાનાં વેણ ઠપકારે.

ભજન તો વેરાગી ગાય. બ્રાહ્મણના દીકરા તો વેદ પુરાણ પઢે. ભાગવત સપ્તાહ માંડે. હોમ–હવન કરે. પંડિતાઈ પડતી મૂકીને ભજનને રવાડે ક્યાં ચડ્યા ?

પણ પાંચેય પુત્રોમાંથી ભૂરા બાપાનું એકેય વેણ કોઈએ કાને ધર્યું નહિ. દીકરાઓ છાનાછૂપા સાધુસંતના સથવારે ગયા.

હરિશંકરે ટપાલ ખાતામાં ટપાલીની નોકરી લીધી. ટૂંકો પગાર તોય સાધુને હરિ–હરિ કરાવવાનું પાકું. પણ એક બાજુ બાપના બોલ, બીજી બાજુ નીમ. હરિશંકર ત્રણ ગામની પગપાળા ટપાલ પુગાડીને અધરાતે ઘરે આવે ત્યારે સાધુસંત તો હોય જ. ગામના પાદરમાં પગ મૂકે ત્યાં પેટમાં ફડકો પડે. બાપાના બોલની બીક મોટી તોય સાધુને લઈને ડેલીમાં દાખલ થાય. આથમણી અને ઊગમણી ઓસરીમાં ઢોલિયો ઢળાવી આડે પડખે થયા હોય તો આથમણી ઓસરીમાં ઉતારો આપે. હરિશંકર ટપાલી પોતાનાં ઘરવાળાને હળવેકથી કહે :

'સાધુ મા'રાજ ભેળા ભોજન કરશે. ગાંજાના દમ માર્યા છે તો પ્રસાદ થાય તો કોઠે ટાઢક વળે. ને આંખ્યુંમાં અંજાયેલા ઘેઘૂર કેફ ઊતરે.'

ઘરમાં ઘી, ગોળ અને લોટ ત્રણેયની તાણ. ઘરવાળા કોઈ શેઠિયાની ખડકી ખખડાવે. ઉછી–ઉધારા કરીને લઈ આવે. સાધુને પ્રસાદ જમાડીને ધણીને રાજી રાખે.

આવા હરિશંકર દવેને ગોદડિયા બાપુનો ભેટો થઈ ગયેલો. ત્યારથી મનમાં એક જ રટણ – શિષ્ય થાવું તો રામદાસ બાપુનો. પણ સંસારમાંથી કેમેય કરીને મોહ છૂટે નહિ. નેકદિલથી નોકરી કરનારા હરિશંકરે એક દિ' મનને મનાવ્યું કે, સંસાર અસાર છે. અપેક્ષાઓનો કોઈ અંત નથી. જેનો અંત નથી તેનો તંત કરીને તૂટી મરવામાં કાંઈ માલ નથી.

હરિશંકરે ટપાલીનાં ખાખી લુંગડાં ઉતારી નાખ્યાં. લાલ તૂઈ મૂકેલી ટોપીને તિલાંજલિ દીધી. પાતળી કાઠીની શામળી કાયા ઉપર એક કૌપીન વીંટ્યું. ખભે ગોદડી નાખી હરિશંકર હાલી નીકળ્યો. ચિતળને પડતું મૂકી ઢસા પૂગ્યો. તો વાવડ મળ્યા કે ગોદડિયા બાપુ દામનગરમાં બેઠા બેઠા રામનામની માળા જપે છે. વાત સાંભળતાં જ હરિશંકરે દામનગરનો કેડો પકડ્યો.

હિમાલયનું હૈયું છેદીને સાગરમાં સમાઈ જવા નીકળેલી નદીના ધસમસતા પ્રવાહની જેમ હરિશંકર સાધુનાં ચરણમાં સુખ પામવા જઈ રહ્યો છે. ડાયરો બધો તાજુબ થઈને જોઈ રહ્યો છે. જેવો હરિશંકર પાસે પૂગ્યો કે તરત જ બાપુની આંખો ચકળવકળ થઈ.

હરિશંકરે સંતનાં ચરણ પકડીને વેણ કાઢ્યાં : 'બાપુ સંસાર છોડીને આવ્યો છું. મારો હાથ પકડો.'

'એલા હરિશંકર તારું પેટ બાવો બનશે ? આ શું વેશ કાઢ્યો છે ? છોકરાં નાનાં છે. સંસાર માંડીને બેઠો છે. જો આમ આડોઅવળો થયો છે તો રામદુહાઈ છે. ગોદડિયા બાપુના બોલ સાંભળી હરિશંકર દવે તો જાણે થીજી ગયા. હરિશંકર ભગવો ભેખ ઉતારીને ઘેર પાછો વળ્યો. ત્યારે રામદાસ બાપુએ સાધુ તરીકેનું શ્રેષ્ઠ શિખર સર કર્યું.

નોંધ : હરિશંકરભાઈ દવે ચિતળમાં બટુક હનુમાનજીના મંદિરમાં પોતાનું શેષ જીવન સેવાપૂજામાં ગુજારતા. પૂ. ગોદડિયા બાપુનાં દર્શન આ કોલમ–રાઈટરે ઢસા જંક્શનમાં ઘણી વખત કર્યાનો લાભ પ્રાપ્ત થયો છે. ભાવનગરના મહારાજા શ્રીકૃષ્ણ કુમારસિંહજી પણ પોતાના રાજ્યમાં વિહરતા આ મહાન ભક્તને ભક્તિભાવપૂર્વક માનતા હતા. હરિશંકરભાઈ દવેના પુત્ર જાણીતા ભજનિક અને લોકકલાકાર બાલકૃષ્ણ દવેનું મોટું પ્રદાન રહ્યું હતું.

○

# લોકગાયક બાલકૃષ્ણ દવે

દોલત ભટ્ટ

કાઠિયાવાડમાં ચિતલ ગામના જશવંતગઢ પરામાં ભુરા વિદ્યારામ દવે નામના બાજખેડાવાળ બ્રાહ્મણના ખોરડે પિતા હરિશંકર અને માતા કાન્તાબેનને ત્યાં તા. ૧૨–૧૨–૧૯૩૨ના દિવસે પ્રથમ સંતાન અવતર્યું. દવે પરિવારનું પહેલું જ સંતાન હોવાથી લાડમાં બાલકૃષ્ણ નામ પડ્યું.

બાળક બાલકૃષ્ણને નિશાળે દાખલ કરવાનો દિવસ આવ્યો. મનેકમને તેણે નિશાળે જવાનું શરૂ પણ કર્યું. પરંતુ સમગ્ર પરિવારમાં બાલકૃષ્ણનો લાડ સૌથી વધુ દાદીમા સંતોકબા પુરતા. ચિતલની ગામઠી શાળામાં ત્રણ વર્ષના અભ્યાસ પછી ભણતરનો જેને કંટાળો આવ્યો હશે એવો બાલકૃષ્ણ દાદીમાની સાથે સત્સંગ ધુનમાં જવા માંડ્યો. સંતોકબા બાલાના પગે ઘુઘરા બાંધીને....

***સખી આજ આનંદનો ઓઘ વળ્યા સાહેલી રે***
***મુને મળ્યા શ્રી નટવરલાલ વનરાવન કુંજમાં સાહેલી જી રે***

જેવા હવેલીમાં વૈષ્ણવોને પ્રિય એવા પદો ગાતાં અને સત્સંગી સ્ત્રીઓ હાથની તાલીઓના ઠેકા દેતી અને ૧૦–૧૧ વર્ષનો બાલકૃષ્ણ પગના ઠેકા દઈ નૃત્ય કરતો. જે નૃત્ય ડાયરાઓના સ્ટેજ પર જિંદગીની છેલ્લી પળ સુધી કર્યું.

સમય વીતતો ગયો બાલકૃષ્ણ બાળક મટીને યુવાન થયો. દાદા ભુરા દવેને પોતાનો પૌત્ર ભણતો ના થયો તેનું કાયમ દુઃખ રહેતું. પિતા હરિશંકર મૂળ સંતવાણીના આરાધક, સાધુ સંતોનું સાનિધ્ય અને ભજનો ગાવા, સાંભળવા એજ એક માત્ર પસંદગી, ટપાલીની નોકરી તો



આજીવિકા માટે કરતા કે એક સમય છોડી પણ દીધી પુછ્યું કેમ ? બાપા રામને જેમ કરવું હશે તેમ કરશે.

***જાહી બીધી રાખે રામ તાહિ વિધી રહીએ.***

એ તેનો જીવનમંત્ર હતો.

બાળક મટી જુવાન થયેલ બાલકૃષ્ણે દાદાના અણગમાના કારણે બને ત્યાં સુધી ઘરની બહાર રહેવાનું શરૂ કર્યું. ફક્ત બે ત્રણ ટંક જમવા પુરતો જ ઘેર આવે, બાકીનો સમય રઝળપાટ, સ્ટેશનથી ગામ અને ગામથી સ્ટેશન, રડીયાખડીયા મુસાફરોને લાવતી લઈ જતી ગામની સમખાવા પુરતી એક ઘોડાગાડીવાળાને મદદ કરવી, ચાની હૉટલમાં જઈ કપરકાબી ધોઈ દેવા, ગામના ચોરે બેસીને ગામગપાટા હાકતાં નિવૃત્ત વૃદ્ધજનો સાથે બેસવું. ઓચિંતા આવી ચડતા કોઈ સાધુ ફકીરની સેવા ચાકરી કરવી, નટ, બજાણીયા, મદારી, ગોડીયા, પુરબીયા, ચુંદડીયા બ્રાહ્મણો અને ભવાઈનો વેશ લઈને આવતા ભવાઈના પેડાની પાછળ રખડવું. આ બધી યુવાન બાલકૃષ્ણની સમય પસાર કરવાની મનગમતી પ્રવૃત્તિઓ બની ગઈ. ભવિષ્યમાં આજ પ્રવૃત્તિઓ બાલકૃષ્ણ દવેમાં પાંગરવા મથતા લોકતળાના છોડને ખાતર બનવાનું કામ કરી ગઈ.

લોક કલાકાર બનવા માટે લોકજીવનનો તલસ્પર્શી અભ્યાસ અનિવાર્ય છે.

જીવન અસ્તિત્વને ટકાવવા મથતો દિશાસૂઝ વિનાનો બાલકૃષ્ણ મહા મહિનાની કડકડતી ઠંડીમાં એક રાત્રે ગિરનાર પર્વતની તળેટીમાં થાણાપતિ અવંતિકા ભારતીબાપુના ઉતારે જઈ ચઢ્યો. લાંબા ઓડીયાવાળવાળા બાલકૃષ્ણમાં રૂપ અને રાગ બરાબર ખીલ્યા હતા.

વૈરાગી સાધુ ભારતીબાપુએ કહ્યું, 'રામસાગર લે અને એકાદ વાણી સંભળાવ' શીવરાત્રીની ભાંગતી રાત્રે બુલંદ ગળામાંથી એક ભજન સર્યું, 'ભાલાવાળા મારી ભેરે રહેજો, પોખરણગઢના પીર તમને પળ પળ સમરુ ધીર' ત્યાં હાજર સર્વે સાધુ સંતો, શ્રોતાઓ ડોલી ઊઠ્યા, ભારતીબાપુએ કહ્યું, 'બાલારામ મેળો પુરો થાય ત્યાં સુધી આ રાવટીમાં જ રહેજો અને પછી મારી સાથે અમદાવાદ આવવાનું છે.'

એ વખતે અમદાવાદની સાંકડી શેરીમાં મફતલાલ શેઠ મીલના કાપડની એજન્સીનો ધંધો કરે પણ માહ્યલો ધર્મ ધ્યાનનો, ભારતીબાપુએ મફતલાલને કહ્યું શેઠ આ વખતે આપણી રાવટીમાં આવી ચડેલ આ રતનને સાચવી લ્યો. ભવિષ્યમાં એક જશવંતો કલાકાર બનશે.

અને નહીં તો લેભાગુ બાવાઓની જમાતમાં ભળી જઈને ગાંજા ચરસમાં જિંદગી ખતમ કરી નાંખશે. સો ગળણે ગાળી પીનાર વણીકે પળના વિલંબ વિના બાપુનો આદેશ માથે ચડાવ્યો ને કહ્યું બાપુ મારું વચન છે એને જ્યાં સુધી રહેવું હોય ત્યાં સુધી મારે ત્યાં રહી શકે છે.

હું જીવું છું ત્યાં સુધી તેને જાકારો નહીં મળે. અત્યારે તો એને જમવા બેસાડી દઈએ.

થાળી પીરસાણી આખા ઘર માટે તપેલું ભરીને બનાવેલું સરગવાનું શાક બાકીના સભ્યોનું શું થશે તેનો વિચાર કર્યા વિના ગમાર ગામડીયા બાલકૃષ્ણે ઝાપટીને પૂરું કરી નાખ્યું અને વાણીયાની ડાહી જાતે એક ક્ષણનો પણ અણગમો બતાવ્યા વિના ખવરાવી દીધું.

થોડો સમય આ રીતે પસાર કર્યો અને ફરી પાછું રઝળવું અને ભટકવું એ જ જેની

પ્રકૃતિમાં વણાઈ ગયા હતા એવા બાલકૃષ્ણ ભારતભરના શહેરોમાં ગોઠવાય તો કાર્યક્રમો કરવા નીકળી પડ્યા. અમદાવાદથી જે ટ્રેનમાં બેઠા હતા એ ડબામાં એક વિધવાબહેન પોતાના નાના નાના પાંચ બાળકોને લઈને દિલ્હી તરફ જતા હતા.

સામે બેઠેલા યુવાન બાલકૃષ્ણની સાથે વાતો કરતા કરતા પુછ્યું, બેટા રસોઈ બનાવતા આવડે છે. યુવાને કહ્યું, આજદીન સુધી સાધુ સંતોની રસોઈ જ કરી છે.

સ્ત્રીએ કહ્યું, 'દિલ્હી આવવું છે ? અમારે ત્યાં રસોઈ બનાવજે. મારા બાળકોનું ધ્યાન રાખજે.' બાલકૃષ્ણને ભાવતું હતું અને વૈદ્યે બતાવ્યું.

ઉપડ્યા દિલ્હી અને માંડ્યા રસોઈ રાંધવા. એકાદ મહિના પછી બાલકૃષ્ણે પૂછ્યું, 'બેન તમારા ઘરવાળા કોણ હતા ? એનું નામ શું હતું ?'

સ્ત્રીએ ઊંડો નિસાસો નાંખીને કહ્યું, 'બેટા એ આજે હોત તો તને રસોઈ ના કરવા દેત.'

પણ પોતાની સાથે રાખીને તને કસબ જે તારા ગળામાં છે તેને બરાબર પલોટીને તૈયાર કરત, એનું નામ ઝવેરચંદ મેઘાણી હતું.

ઝવેરચંદ મેઘાણીનું નામ પડતા બાલકૃષ્ણે દોડીને ચિત્રા દેવીના ચરણોમાં દંડવત પ્રણામ કર્યા અને કહ્યું અરે મા મારા ક્યા ભવના પુણ્યનું પ્રતાપ હશે કે આજે મેઘાણીબાપુના બાળકોની સેવા કરવાનું સદ્ભાગ્ય મને મળ્યું.

હું તમારો દીકરો તમે મારી મા, ચિત્રાદેવીએ કહ્યું કે બેટા હું તને મારો દીકરો જ સમજું છું. પણ તું રસોડામાં ગોંધાઈ રહેવા જન્મ્યો નથી. અને હું તારી પાસે રસોઈ બનાવ્યે રાખું તો મારા સ્વ. પતિ મને ક્યારેય માફ ના કરે, તું લે આ પૈસા અને ગુજરાતમાં જઈ મારા પતિએ રઝળી રખડીને જે સાહિત્ય, ગીતો, વાતો, એકઠા કર્યા છે તેને પ્રજા સમક્ષ તને આવડે તે રીતે રજુ કર. સમાજમાંથી રસોઈયા ઘણાં મળશે, કલાકારો ભાગ્યે જ મળે છે.

રાંધણકળા અને ગાયનકળાનો સદ્ઉપયોગ કરજે. ભણતર અને ગણતર વિના ફક્ત કોઠાસૂઝથી અને કોઈની પણ સલાહ માર્ગદર્શન વિના જ ચાર દશકા લોકસાહિત્ય સંગીતના ક્ષેત્રમાં અનેક ચડતી પડતી, તડકી છાંયડી, સન્માન–અપમાન, સુખભરી દુઃખભરી, રાજીપાની નારાજગીની, પસંદગીની નાપસંદગીની, સફળતાની નિષ્ફળતાની, લાભ હાનીની એકલતાને કોરી ખાતી અને સમુહમાં રહેવા છતાં એકલતાને શોધી બાલકૃષ્ણ દવેની જિંદગીના રંગમંચ પરથી વિદાય પણ તા. ૫–૩–૧૯૯૭ની વહેલી સવારે એક સાચા અને નખશીખ નિરૂપદ્રવી અને કળા, મંચ અને પોતાના વહાલા શ્રોતાજનોને વફાદાર રહેનાર કલાકારને છાજે તેવી રીતે થઈ.

અમદાવાદમાં શિવરાત્રીની રાત્રે સંતવાણીનું સફળ સંચાલન કરી શિવતાંડવસમુ નૃત્ય કરી પોતાના વતન ચિતલ જવા માટે ગીતામંદિર બસ સ્ટેન્ડથી બસમાં જવા નીકળેલા આ અલગારી કલાકાર ચિતલ પહોંચ્યા તો ખરા પરંતુ ખાલી ખોળિયા સાથે ને જે જમીનમાં જન્મીને આળોટીને જન્મારો કાઢ્યો તે જ જમીનમાં રાખ થઈને ભળી જવા માટે.

○

# શક્તિશાળી અંતર્મુખ કવિ : વ્રજલાલ દવે

રમણલાલ જોશી



૧૮ જુલાઈ, ૧૯૯૪ના રોજ કવિ વ્રજલાલ દવેનું અવસાન થતાં ગુજરાતી ભાષાએ એક સાચા શક્તિશાળી કવિ ગુમાવ્યાં ! 'આશાસ્પદ' શબ્દ વિવેચનમાં લપટી લઢણ બની ગયો છે. બાકી વ્રજલાલ દવેને આપણે અમૂક આશાસ્પદ સર્જક કહી શકીએ. સાહિત્ય રસિકો જેમની પાસે ધરખમ રચનાઓની અપેક્ષા રાખી શકે એવા કવિ, વ્રજલાલ દવેનો પરિચય મને ક્યારે થયો ? ભાષા સાહિત્યભવનમાં હું સંશોધન–અધ્યાપન કાર્ય કરતો હતો ત્યારે તે એમ.એ.નો અભ્યાસ કરતા હતા. હું એમને મુરબ્બી વિદ્યાર્થી કહેતો ! એક વાર મશરૂવાળાના 'જીવન શોધન' વિશે હું વર્ગમાં વક્તવ્ય આપતો હતો ત્યારે વૈચારિક મુદ્દા તેઓએ આબાદ તારવી બતાવેલા.

વ્રજલાલ દવે વિચાર કરનારા માણસ હતા. ૧૯૫૬માં તેમણે એમ.એ.ની પરીક્ષા મુખ્ય વિષય ગુજરાતી સાથે પસાર કરી. ગુજરાતીમાં તે યુનિવર્સિટીમાં પ્રથમ આવેલા અને તેમને કે. હ. ધ્રુવ પારિતોષિક પણ મળેલું.

કાવ્યો તો નાની ઉંમરથી રચતા. તેમનું પ્રથમ કાવ્ય 'પ્યાસ મારી' એ વખતના તેમના અધ્યાપક મનસુખલાલ ઝવેરીએ ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટના મેગેઝીનમાં પ્રગટ કરેલું. એ પછી તો 'કવિલોક', 'નિરીક્ષક', 'વૈશાખી', 'મંજરી' વગેરેમાં એમનાં કાવ્યો પ્રગટ થયેલાં. ૧૯૭૬માં તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'એકાંતોની સોડમાં' પ્રગટ થયો. રૂપાલી પ્રકાશને એ પ્રગટ કરેલો. તેમની ઈચ્છા હતી કે તેમનાં કાવ્યો વિશેનો મારો પ્રતિભાવ પુસ્તક સાથે જોડાય. સંગ્રહના ચોથા પૂંઠા ઉપર મેં 'એકાંતોની સોડમાં આજનું અનુસંધાન' એ શિર્ષકથી નીચે પ્રમાણે લખેલું :

'મને આ રચનાઓ ગમી છે. એકાંતોના સોડ સેવી આ વિશ્વ સાથેનો સંબંધ સદા તાજો રાખે છે એની પ્રતીતિ આનંદપ્રેરક છે. આસપાસના વિશ્વ સાથેનો સંબંધ અને એને પરિણામે અહીં વિષય અને પ્રકાર ઉજાસનું વૈવિધ્ય ઠીક ઠીક જળવાયું છે. કાવ્યાત્મક ક્ષણોની સૂઝ આ કવિને છે અને આવી કેટલીક ક્ષણોને એમણે સુરેખ મૂર્ત કરી આપી છે. સભાન કવિકર્મના ચમકારા પણ ક્યાંક ક્યાંક વરતાયાં. પ્રથમ કાવ્ય 'વીણું ક્ષણો' ઘણું નિવેદિત કરે છે.

વ્રજલાલ દવેની કવિતામાં પ્રણય અને પ્રકૃતિ એ બે સનાતન વિષયો છેડાયા છે. આ બંનેમાં તેમની આગવી અનુભૂતિ અને ગ્રામપ્રદેશની વાણીના લહેકાવાળી ધારદાર અભિવ્યક્તિ ધ્યાન ખેંચે છે. આ કવિએ 'ધરા–રસ'નો જે આસ્વાદ કરાવ્યો છે તે આ સંગ્રહની એક લાક્ષણિકતા બની રહેશે.

સંગ્રહની મોટાભાગની રચનાઓ સંમાર્જિત – refind કહી શકાય એવી છે. 'જરાસંઘનું સપનું' જેવી રચનામાં dual personality નો વિરોધાભાસ અસરકારક રીતે નિરૂપાયો છે. આ અને 'ધરતીનું સ્વપ્ન' જેવી રચનાઓમાં કલાસિકલ ટોન સિદ્ધ થયો છે.

સંગ્રહની ગીતરચનાઓ જુદો ઉલ્લેખ માગી લે છે. આપણી પ્રશિષ્ટ ગીત પરંપરાનું સાતત્ય જાળવતાં જાળવતાં આજની સાથે પણ એટલું જ અનુસંધાન જાળવી રાખે છે.

એ પછી તો તેમણે ઘણાં કાવ્યો લખ્યાં અને ગુજરાતનાં પ્રતિષ્ઠિત સામયિકોમાં પ્રગટ થયાં. 'ઉદ્દેશ'માં પણ મેં પ્રગટ કરેલાં. પણ સંગ્રહ કરવા વિશે તે ઉદાસીન રહ્યાં. એમના અવસાન બાદ ૧૯૯૬માં 'અનન્ત એકાન્તે' સંગ્રહ પ્રગટ થયો. એમાં અગાઉના 'એકાન્તોની સોડમાં'ની અને બીજી રચનાઓ આપવામાં આવી છે.


વ્રજલાલ નાનજીભાઈ દવેનો જન્મ ૨૬ જાન્યુઆરી ૧૯૨૩ના રોજ શિક્ષક–પિતાને ત્યાં રાણપુરમાં થયો હતો. માતાનું નામ હરિબાઈ વતન નાની કુંકાવાવ (સૌરાષ્ટ્ર). તેમણે પ્રાથમિક – માધ્યમિક શિક્ષણ સૌરાષ્ટ્રમાં જુદી જુદી જગ્યાએ મેળવ્યું. ૧૯૪૨માં મુંબઈ યુનિવર્સિટીની મેટ્રિક્યુલેશનની પરીક્ષા પસાર કરી. કેન્દ્રમાં તે પ્રથમ આવેલા. બી.એ. તેમણે ધર્મેન્દ્રસિંહજી કૉલેજમાં કર્યું. ૧૯૫૪માં બી.એડ. થયા. ૧૯૫૬માં એમ.એ. જુદી જુદી હાઈસ્કૂલોમાં તેમણે શિક્ષક તરીકે કામ કરેલું. કૉલેજ (જે પાછળથી એચ. કે. આર્ટ્સ કૉલેજ થઈ)માં ગુજરાતીના વ્યાખ્યાતા તરીકે કામ કર્યું. ૧૯૬૧માં અમદાવાદમાં સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજમાં અધ્યાપક તરીકે નિમાયા. ૧૯૮૩માં નિવૃત્ત થયા બાદ અમદાવાદમાં વાચન–લેખન કરતા. એક શિક્ષક અને અધ્યાપક તરીકે તે સંનિષ્ઠ હતા અને વિદ્યાર્થીપ્રિય હતા. 'જયહિંદ' દૈનિકમાં 'ચિત્ર અને રેખાઓ' નામે કોલમ લખતા. થોડો સમય તેમણે 'બુદ્ધિપ્રકાશ'ના સંપાદક તરીકે પણ કામ કરેલું. દ્વૈમાસિક 'વૈશાખી'નું સંપાદન પણ કરેલું. ગુજરાતી સાહિત્ય પરિષદના એક મંત્રી તરીકે પણ સેવાઓ આપેલી.

તેમના કાવ્યસંગ્રહ 'એકાન્તોની સોડમાં'ને ગુજરાત રાજ્યનું પારિતોષિક મળેલું. મારા સંપાદન હેઠળ પ્રગટ થતી 'ગુજરાતી ગ્રંથકાર શ્રેણી'માં મેં 'નરસિંહરાવ' વિશે લઘુગ્રંથ તૈયાર કરવાનું તેમને સોંપેલું. તેમણે નિષ્ઠાપૂર્વક મોનોગ્રાફ તૈયાર કરી આપ્યો તે ૧૯૭૮માં પ્રકાશિત થયો હતો. આ ઉપરાંત તેમણે ઘણા વિવેચન લેખો લખ્યા હતા. સાંગોપાંગ અભ્યાસ, સાહિત્યતત્ત્વની સૂઝ અને પૂર્વગ્રહમુક્ત મૂલ્યાંકન એ વ્રજલાલ દવેના વિવેચન લેખોનાં આગળ તરી આવતાં લક્ષણો છે. તેમણે ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી પ્રગટ થયેલા 'કાવ્ય સંચય ભાગ–૨'ના એક સંપાદક તરીકે પણ કામ કરેલું. 'રંગતરંગ'ના ૧૫મી એપ્રિલ '૯૩ના અંકમાં શ્રી રાધેશ્યામ શર્માએ આ 'સાક્ષરનો સાક્ષાત્કાર' કરાવ્યો ત્યારે એનું શીર્ષક આપેલું, 'વ્રજલાલ દવે : કાયા વજ્રની, માયા કોમળની' એ યથાર્થ છે. આ ઈન્ટરવ્યૂમાં છેલ્લો પ્રશ્ન હતો : 'આપને ભાવિ જગત કઈ રીતે સ્મરે તો ગમે ?' વ્રજલાલ દવેનો જવાબ આ પ્રમાણે છે : 'દોસ્તી બાંધવા જેવો જણ હતો એવું મનાય તો ગમે'. ખરેખર વ્રજલાલ દવે મૈત્રીના માણસ હતા. અત્યંત સ્નેહાળ.

○

# નાટ્યકલા અને સાહિત્યકલાનો સંગમ
# નિર્ભયભાઈ ભટ્ટ

રમણલાલ જોશી



નિર્ભયભાઈ ભટ્ટે ધર્મકથાઓ, લોકકથાઓ અને બાલસાહિત્યમાં પુસ્તકો લખ્યાં છે. તેમની સાહિત્ય–સંસ્કાર ક્ષેત્રની સેવાઓ માટે ગુજરાત રાજ્ય શિક્ષણ ખાતા તરફથી બાલસાહિત્ય–નિર્માણ શિબિરમાં લેખક તરીકે ઉપસ્થિત રહ્યાનું પ્રમાણપત્ર મળેલું. સમસ્ત બ્રહ્મ સમાજ રાજકોટ તરફથી પણ તેમનું અભિવાદન કરવામાં આવેલું. શિક્ષણક્ષેત્રે પણ તેમણે ગણનાપાત્ર સેવાઓ આપી હતી.

તેમણે 'રંગ છે જવાન', 'કચ્છના મોરચે' જેવી પુસ્તિકાઓ, અનેક એકાંકીઓ, બચુભાઈ બચરવાળા' જેવાં રેડિયો નાટિકાઓ 'સત અને વટનું બહારવટું' જેવી લોકકથાઓ, વિવિધ બાળવાર્તાઓ, પ્રાસંગિક લેખો, શૈક્ષણિક લેખો વગેરે લખ્યા છે. જુદાં–જુદાં દૈનિકોમાં ડોંગરેજી મહારાજ, કૃષ્ણશંકર શાસ્ત્રી આદિની ભાગવતકથાઓના વિસ્તૃત અહેવાલો આપ્યા છે.

નિર્ભયભાઈ ગૌરીશંકર ભટ્ટનો જન્મ તા. ૧ નવેમ્બર ૧૯૨૧ના રોજ થયો હતો. અભ્યાસ મેટ્રિક સુધીનો હોવા છતાં તેમણે સ્વકેળવણીથી પોતાનો વિકાસ કર્યો. ૧૯૪૨ના ડિસેમ્બરમાં બોટાદમાં પ્રાથમિક શિક્ષક તરીકે કામગીરી કરી વિદ્યાર્થીઓમાં દેશપ્રેમનું સિંચન કર્યું. ૧૯૪૪માં ભાવનગર રાજ્યના શિક્ષણ ખાતામાં, ૧૯૪૮માં સૌરાષ્ટ્ર રાજ્યના શિક્ષણ ખાતામાં અને પછી દ્વિભાષી મુંબઈ રાજ્ય અને ગુજરાતમાં લગભગ ૩૭ વર્ષ સેવાઓ આપી. પ્રૌઢ શિક્ષણ ક્ષેત્રે પણ તેમની સેવાઓ સ્મરણીય છે. મુંબઈ રાજ્યમાં પ્રાથમિક શિક્ષકો માટેના નાટ્ય શિબિરમાં, ઉપસ્થિત રહીને નાટ્યશાસ્ત્ર સિદ્ધાંતોની તાલીમ આપી છે. તેમણે 'ફૂલછાબ', 'નૂતન સૌરાષ્ટ્ર', 'જનસત્તા', 'જયહિંદ' વગેરેમાં લેખો લખ્યાં છે.

રાજકોટમાં 'સૌરાષ્ટ્ર રંગ મંડળ' નામે નાટ્ય સંસ્થા સ્થાપી એના પ્રમુખ તરીકે તેમ જ 'રંજ જ્યોત'ના મંત્રી તરીકે સેવાઓ આપી છે. અનેક કલાકારોને પણ પ્રેરણા અને હૂંફ આપેલી. ધંધાદારી તેમજ અવેતન નાટ્ય સંસ્થાઓના દિગ્દર્શક તરીકે કામ કરવા ઉપરાંત શાળા, કૉલેજો, મહિલા સંસ્થાઓ અને અનેક શૈક્ષણિક સંસ્થાઓમાં નાટકોનું દિગ્દર્શન કર્યું હતું. 'ફૂલછાબ'માં

ગુજરાતી રંગભૂમિની ગૌરવગાથા' આલેખી હતી. નાટ્ય ક્ષેત્રે અનેક દિવંગત કલાકારો વિશે લેખો લખી ગુજરાતને એનો પરિચય કરાવ્યો હતો. નિર્ભયભાઈ અનેક જાહેર સંસ્થાઓ સાથે પણ જોડાયેલા રહ્યા છે. અનેક ચેરીટેબલ ટ્રસ્ટો, સૌરાષ્ટ્ર સાહિત્યસભા વગેરે સાથે સંલગ્ન રહી જાહેર સંસ્કારો વિતરણના કાર્યક્રમોમાં પોતાનો સહકાર આપ્યો છે.

ચોરવાડ–વેરાવળ વચ્ચે હરિ ૐ આશ્રમ પ્રેરિત વીર સાવરકર અખિલ ભારતીય તરણ સ્પર્ધામાં પણ પોતાની સેવાઓ આપી હતી. સ્વાતંત્ર્ય સેનાની તરીકે પણ તેમણે દેશભક્તિથી પ્રેરાઈને આઝાદીની લડતમાં પોતાનો સહૃદય ફાળો આપ્યો હતો અને નવી પેઢીમાં પણ સ્વદેશભક્તિની ભાવના પ્રસારી હતી.

ટૂંકમાં પત્રકારત્વ, નાટ્યલેખન, સંસ્કાર પ્રવૃત્તિ, શિક્ષણ, જનજાગૃતિ વગેરેમાં નિર્ભયભાઈનું પ્રદાન નોંધપાત્ર છે. 'નાટ્યપથ'નામે કલાકારોની ડિરેક્ટરી ૧૯૮૯--૯૦માં પ્રગટ કરી તેમણે એક કરવા જેવું કામ કર્યું હતું.

કિશોરાવસ્થાથી રાષ્ટ્રીય લડતમાં તેમણે ભાગ લીધો ત્યાંથી આરંભી સાહિત્ય, શિક્ષણ, નાટ્ય અને પત્રકારત્વના ક્ષેત્રોમાં તેમણે નોંધપાત્ર યોગદાન આપ્યું છે. તા. ૧૫–૪--૧૯૯૬ના રોજ નિર્ભયભાઈનું અવસાન થયું.

○


સૌરાષ્ટ્ર બાજખેડાવાળ બ્રહ્મ પરિવારોને 'જય પરશુરામ'

**અંકુર શૈક્ષણિક સંકુલ**

ધોરણ ૧ થી ૧૦ અને ૧૧–૧૨ (સામાન્યપ્રવાહ–વિજ્ઞાનપ્રવાહ)

સરદાર ચોક, જેતપુર

અને

પટેલનગર, નકલંક આશ્રમ પાસે, જેતપુર.

**સ્વ. જે. કે. મહેતા પીટીસી કોલેજ**

પટેલ નગર, નકલંક આશ્રમ પાસે, જેતપુર.

સંચાલક : હર્ષદભાઈ જે. મહેતા ○ ભદ્રેશભાઈ જે. મહેતા

# જૂની રંગભૂમિના કલાકાર લાભુભાઈ ભટ્ટ

નિર્ભયભાઈ ભટ્ટ



લોર્ડ કલાઈવની ભૂમિકામાં લાભુભાઈ


સૌરાષ્ટ્રની વ્યવસાયી રંગભૂમિ માટે ઈ.સ. ૧૯૩૯થી ૧૯૪૯નો એક દસકો બુઝાતા દીપની છેલ્લી જ્યોત ઝળકે એવો સમય હતો. પણ... આથમતી સંધ્યામાં પ્રકાશની નૂતન જ્યોત ઝળકી... રંગભૂમિ આળસ મરડી ફરી બેઠી થતી હોય એવી રંગકર્મીઓને આશા બંધાઈ...!

રાજકોટનાં મયાશંકર માસ્તર, ચીમન ચકુડો, શંકરલાલ (કૉલેજ ગર્લ) જેવા કલાકારોને નાટક કંપની ચલાવવાના કોડ જાગ્યા. તેમણે 'ચેતન નાટક સમાજ'ની શરૂઆત કરી. કંપની લઈને જેતપુર ગયા. રંગમંચ પર અભિનય સાથે સીન–સીનેરી, વેશભુષા અને વીજળીની કરામત માગ વધતી જતી હતી. તેમણે લાભુભાઈ ભટ્ટને મેનેજર તરીકે રોક્યા. કંપની જૂનાગઢ આવી. 'વણઝારી વાવ' થિયેટરમાં ચીમનભાઈનો અભિનય, દામુભાઈની કથાવસ્તુ અને લાભુભાઈની વીજળીની કરામતે જૂનાગઢ વિસ્તારને ઘેલુ લગાડ્યું. પ્રેક્ષકોની વ્યવસ્થા સંભાળવાની જવાબદારી પણ લાભુભાઈએ આવતાવેંત સંભાળી. 'લવ–કુશ'માં અશ્વમેધ યજ્ઞનું દશ્ય આવે... તેમાં જીવંત ઘોડો પ્રેક્ષકો સમક્ષ લાવવાનો હતો. એક ઘોડી તો હતી, પણ રંગમંચ પર તેને કેમ લાવી શકાય ? હરિભાઈએ મુંઝવણ કહી. લાભુભાઈએ એ કામ પોતે કરશે, એ કહ્યું. શત્રુઘ્નના પાત્રમાં રંગમંચ પર ઘોડો લઈને આવતા લોકોએ હર્ષથી વધાવ્યા. ઉપરાંત શત્રુઘ્નના સૈનિકોનું લવ સાથેનું યુદ્ધ, જેમાં અગ્નાસ્ત્ર, વારીસ્ત્ર (જળ) વીજળી દશ્યો ઉમેરી લાભુભાઈએ જાણે વાલ્મીકી આશ્રમના કુદરતી વાતાવરણમાં યુદ્ધ ભૂમિ ખડી કરી દીધી હતી !

'આહુતિ યાને ૧૮૫૭' નાટકમાં લોર્ડ ક્લાઈવની ભૂમિકા ભજવી શકે એવા કલાકારની શોધ હરિભાઈ કરતાં હતાં. તેમની નજર લાભુભાઈ પર પડી. લાભુભાઈ સંમત થયા. શરીરથી સૌષ્ઠવ, અંગ્રેજ જેવો કરડાકીભર્યો ચહેરો, એટલી જ ઊંચાઈને લીધે આ ભૂમિકા સફળ રીતે ભજવી, એ પછી તો ઉષાકરણ, મુરલીધર, ગરીબકથા, રામરહિમ જેવા નાટકોમાં પણ ભૂમિકા ભજવી. લાભુભાઈ ભટ્ટનું બાળપણ પીઠડિયા (જેતપુર)માં વિત્યું. કિશોરાવસ્થામાં જેતપુર આવ્યા. તેઓ જે કામ સંભાળે તેમાં પારંગત, ઘોડેશ્વારી, મોટર ડ્રાઈવીંગ, વીજળી (ઈલે. ઈલ્યુઝન)માં પૂર્ણ નિષ્ણાત હતાં. એપ્રિલ ૧૯૯૨માં તેમનું અવસાન થયું.

○

# માતૃ દેવો ભવ:
# પિતૃ દેવો ભવ:



પિતાશ્રી નિર્ભયભાઈ ભટ્ટ
સ્વ. તા. ૧૫–૪–૧૯૯૬



માતુશ્રી મધુબેન ભટ્ટ
સ્વ. તા. ૨–૧૧–૧૯૯૫

ફૂલને ડાળીથી ઉતારી, ફૂલ હણવા નથી,
વિંધવા ચાહીએ ના, તેથી હાર પણ ધરવા નથી,
શબ્દોનાં મોતી પરોવી, લો તમને કરીએ અર્પણ,
વાત્સલ્ય સંભારણા કયારેય, દિલથી અળગા કરવા નથી...

<u>પ્રેમાળ સ્મૃતિમાં...</u>

રેખા ડી. ભટ્ટ
નીતા એચ. ભટ્ટ
શિલ્પા એન. ભટ્ટ
ભક્તિ બી. ભટ્ટ

મૈત્રી હસીત મહેતા
નૈયા, ખુશી, કલગી અને
યુવરાજ – રાજકોટ.

દીપક એન. ભટ્ટ
હેમેન એન. ભટ્ટ
નીકુ એન. ભટ્ટ
ભાર્ગવ ડી. ભટ્ટ

# ભાવાંજલિ



શિવપ્રસાદ રામજીભાઈ જોષી
સ્વ. તા. ૯–૫–૧૯૮૬

પૂજ્ય પિતાશ્રી તેમજ
માતુશ્રી જેમની
પ્રેરણા અને હૂંફ
અમારા જીવનપથને સતત
ઉજાગર બનાવે છે.



વિમળાબેન શિવપ્રસાદ જોષી
સ્વ. તા. ૧૬–૩–૨૦૦૮


મુકુંદરાય શિવપ્રસાદ જોષી
હેમેન્દ્ર શિવપ્રસાદ જોષી
ધર્મેન્દ્ર એમ. જોષી
અભિજીત એચ. જોષી

શ્રીમતી રેખા દીપકભાઈ ભટ્ટ
શ્રીમતી જોલી મહેન્દ્ર દવે

પોસ્ટ ઓફિસ રોડ, આઝાદ ચોક, જૂનાગઢ.

# ચિત્રકાર બળવંત જોશી

નટુ પરીખ




બળવંતભાઈ કહે છે : 'ભારતીય પરંપરાગત કલા મારું દર્શન છે, એ મારી અનુભૂતિ છે. મારી ચિત્રશૈલી ભારતીય ચિત્રકલા ઉપર આધારિત છે.

બળવંતભાઈ જોષીએ પરંપરાગત શૈલીઓમાંથી કલાતત્ત્વ લઈ નિજી શૈલી વિકસાવી છે. તેમના રંગના ઘટકો અજંતા, રાજપૂત અને પહાડી છે. ક્યાંક ગુજરાતનાં ભીંતચિત્રોના ઘટકો પણ છે. તેમના રંગો યલો ઓકર, ઈન્ડિયન રેડ, વ્હાઈટ બર્ન્ટ સઈના રેડ અને રેડ બ્લેકથી તો ક્યારેક રંગમાં તીવ્રતા રજૂ કરે છે.

૮૦ વર્ષની ઉંમરે તે કહે છે કે 'ગીત ગોવિંદ' પરની સીરીઝનાં ચિત્રો પૂરાં કરવાં છે. ૧૭ જેટલાં તો તૈયાર છે. આ પીઢ કલાકારના સમગ્ર કામ પર દષ્ટિપાત કરતાં એમ લાગે છે કે એમનું ખેડાણ ખૂબ મોટું ને ઊંડાણવાળું છે. રંગોની તો તે નવી નવી સંવાદિતા રચે છે. તે અવનવાં પોત કરતાં થાકતા નથી. તેમની કલા સાથે કસબ પણ વિકસ્યો છે. તેમનું સર્જન વિપુલ છે એટલું જ નહિ, પણ તે ઊંચી કોટીનું છે.

અદ્યતન કલાના પ્રવાહો જોયા પછી તેમને ભારે ખલેલ થયેલી. શું કહું ? કયે રસ્તે જાઉં ? આ બધા પ્રશ્નો પછી નિશ્ચય કર્યો કે સર્જન તો કરવું જ છે, અને પોતાની શૈલી તો છે જ. તે જ રાખીને કામ કરવું છે. કલાના સાગરમાં અનેક પરિવર્તનો આવ્યાં છે ને આવશે, પરંતુ જે ચિત્રોમાં કલાતત્ત્વ, રંગસંયોજન અને કંઈક જોવા જેવું છે તે જીવનમાં જ છે. આ દઢતા પછી કામ અટક્યું નથી. તેમનાય અનેક ભાવકો છે.



તેમનાં ચિત્રોમાં સૌરાષ્ટ્રનાં પાત્રો છે, વેષભૂષા છે. તેમની વેષભૂષા જાળવીને તેને નવો ઘાટ આપે છે. ભાતભાતનાં વૃક્ષો ને ગાયોનાં વૃંદ દેખાય છે. કૃષ્ણ–ગોપી તો નવાં નવાં સ્વરૂપે આવે છે. ક્યારેક બંસીધર તો ક્યારેક માખણચોર, ક્યારેક નાગદમન – આવા પૌરાણિક વિષયોની ખોટ નથી. દ્વિ–પરિમાણવાળાં એમનાં ચિત્રો મોટા કદનાં મ્યુરલને માટે યોગ્ય છે. તે ખોડીદાસ પરમાર

કે ફુ. મંગલસિંહજીથી જુદા પડે છે. તે મોડર્ન માસ્ટર નથી, પણ ઑલ્ડ માસ્ટર તો છે. તેમની નિષ્ઠા ને સૂઝસમઝ તેમનાં ચિત્રોમાં છે. તે પ્રત્યેક આકારને રેખાથી બાંધે છે. તે દ્વિ--પરિમાણમાં કામ કરે છે, જે અદ્યતન કલાનું પ્રથમ લક્ષણ છે. તેમને તો કાલિદાસનાં નાટકો ગમે છે. બસ તે પાત્રો એમની સૃષ્ટિ છે. તેમણે મધ્યપ્રદેશના કાલિદાસ સમારોહમાં વારંવાર ચિત્રો મોકલી ઈનામો મેળવ્યાં છે. તે ઓછા રંગોની પેલેટ વાપરે છે. તેમનું ચિત્ર ઈમારતની જેમ ઈંટ મૂકતાં મૂકતાં બંધાય છે ને રંગોનું મનોહર સામ્રાજ્ય રચે છે. શહેરી જીવન જીવતાં લોકોને એ કડીઆળી ડાંગ, ચોરણાં ને મૂછાળા લોકો ગમે છે. તેમનું વિષય--વૈવિધ્ય ખૂબ છે. તે આઈફેકસના સન્માનિત કલાકાર છે.

તેમનું ઘર અને સંસાર શાંત જીવનનું સ્મરણ કરાવે છે. પોતે તો ખૂબ શાંત, મિત્રો મહેમાનો માટે ખૂબ આદર. તેમને ૩ દીકરી અને ૧ દીકરો છે. દીકરી ગીતા પરદેશ છે ને ચિત્રકાર છે. આ ચિત્રકારના પિતા અંબાશંકર જોષી શિક્ષક હતા. તેમણે દીકરાની શક્તિ પારખી લીધેલી. બળવંતભાઈને પણ ચીતરવું ગમતું. તેમણે આરંભમાં રાજા રવિ વર્માની નકલો કરેલી. પિતાએ પુત્રનો રસ પારખી તેના અભ્યાસ માટે મુંબઈથી શ્રી અડુલકરની બે ચિત્રપોથીઓ લઈ આવેલા અને કહેલું, 'આ લે, તને આ બુકો ઉપયોગી થઈ પડશે.' બળવંતભાઈના પિતા ચોટીલાની શાળામાં આચાર્ય હતા. ત્યારે ૫–૧૧–૧૯૨૮ના રોજ જન્મ થયેલો. અંબાશંકર જોષીના એ ચોથા પુત્ર હતા. અંબાશંકર ધૂમકેતુના મોટા ભાઈ હતા. ધૂમકેતુને લીધે બળવંતભાઈને રવિભાઈનો પરિચય થયેલો. ધૂમકેતુની પણ કલાદષ્ટિ ખરી, જેનો બળવંતભાઈને લાભ મળતો. બળવંતભાઈ અમદાવાદ આવે ત્યારે ધૂમકેતુને તે ચિત્રો બતાવતા. ધૂમકેતુએ એક વખત કહ્યું, 'ચાલ ભાઈ, હું તને કલાના નિષ્ણાત કલાગુરુ રવિભાઈ રાવળ પાસે લઈ જાઉં' રવિભાઈ સાથેના તેમના અંગત સંબંધને લીધે કલાચર્ચા થતી. ચિત્ર--સંયોજન અને રંગો સંબંધે સમજાવતા. કલાક્ષેત્રે આગળ કેમ જવું તેનો માર્ગ પણ બતાવતા.

બળવંતભાઈએ શરૂઆતમાં બંગાળી ચિત્રોની શૈલી વૉશ પદ્ધતિમાં કામ કર્યું. ૧૯૫૮માં લલિતકલા અકાદમી ન્યૂ દિલ્હીથી 'તુલસીવિવાહ' ઉપર સર્ટીફિકેટ ઑફ મેરિટ મળ્યું. અને ત્યાર પછી ૧૯૭૩થી ૨૦૦૩ સુધીમાં ૧૮ જેટલાં ઈનામો મળ્યાં અને વનમૅન શૉ પણ કર્યા. કામનું સાતત્ય આજ સુધી રહ્યું. હવે તબિયતે પછડાટ આપી છે. પેરેલીસીસનો હુમલો થયો, જેમાંથી બહાર આવી ગયા છે.

૧૯૭૩માં ગુજરાતના શ્રેષ્ઠ શિક્ષકનો અવૉર્ડ ત્યારના ગવર્નર શ્રી વિશ્વનાથનને હાથે મળ્યો છે. ૧૯૭૬માં રાજકોટમાં વનમૅન શૉ કર્યો. ૧૯૭૭, ૧૯૮૭, ૧૯૯૦ અને ૧૯૯૬માં આઈસફેક્સનાં પ્રદર્શનોમાં અવૉર્ડ; ૧૯૭૭, '૮૭, '૯૨ અને ૨૦૦૨માં કાલિદાસ અવૉર્ડ મળ્યા. ૧૯૭૯માં જહાંગીર આર્ટ ગેલરિમાં વનમૅન શૉ કર્યો, જેમાંથી ૧૧ ચિત્રો વેચાયાં. ભારતીયતાની છાપને હિસાબે પરદેશથી આવતાં ગુજરાતીઓને તેમનાં ચિત્રો ગમે છે. નેશનલ બૂક ટ્રસ્ટ તરફથી 'વનદેવતા' પુસ્તક પર તેમને ત્યારના વડાપ્રધાન શ્રી નરસિંહરાવના હાથે ઈનામ મળેલું. ૧૯૯૮માં તેમણે અમદાવાદ રવિશંકર રાવળ કલાભવનમાં વનમૅન શૉ કરેલો. 'કુમાર' અને ગુજરાત રાજ્ય દીપોત્સવીમાં તેમનાં અનેક ચિત્રો છપાયાં છે. ગુજરાતના કલા રસજ્ઞો તેમનાથી પરિચિત છે. છેલ્લે ૨૦૦૩માં માનનીય અબ્દુલ કલામને હાથે સન્માન થયું.

આટલી સફળતા પછી પણ આ કલાકાર નિરાભિમાની છે અને સરળ જીવન જીવે છે. શ્રી કાલિદાસ શાહ (કલાઅધ્યાપક) સાથે ગુજરાત રાજ્ય કલા પ્રદર્શનમાં મેળાપ થયો. તેમણે સલાહ આપી કે તમે ડિપ્લોમા ઈન પેઈન્ટિંગ છો તો D.T.C. શા માટે ન થવું ? આ પછી બળવંતભાઈ અમદાવાદ આવ્યા ત્યારે એમની જગાએ એમના જ ભૂતપૂર્વ વિદ્યાર્થી કલાકાર શ્રી પ્રતાપસિંહ જાડેજા ગોઠવાયા.

૧૯૭૦માં ગાંધી શતાબ્દી વખતે રાજકોટની આલ્ફ્રેડ હાઈસ્કૂલનું નામ બદલી 'મોહનદાસ ગાંધી વિદ્યાલય' આપ્યું. તેમાં 'ગાંધી સ્મૃતિખંડ' તૈયાર થયો. તેને માટેનાં મ્યુરલ પણ કર્યાં, જેનો વિષય હતો 'વૈષ્ણવ જન તો તેને કહીએ'. તેમની શૈલી મ્યુરલ માટે યોગ્ય હતી. ૧૯૫૦માં કરાચીથી આવેલા શ્રી મગનલાલ ત્રિવેદી રાજકોટમાં સ્થિર થયા, અને ત્યાં સૌરાષ્ટ્ર ચિત્રશાળાની સ્થાપના કરી. સાથે કલામંડળ પણ સ્થાપ્યું. મુ. રવિભાઈ, કુ. મંગલસિંહજી, શ્રી સોમાલાલ શાહ અને ખોડીદાસ પણ ત્યાં આવતા ને કલાર્થીઓને પ્રોત્સાહિત કરતા. એમાંથી શ્રી ખોડીદાસ શ્રી બળવંતભાઈના અંગત મિત્ર બની ગયા. રાજકોટમાં ૧૬મા સાહિત્ય કલા અધિવેશનમાં કુ. મંગલસિંહજી અધ્યક્ષ હતા. તેમની સાથે કામ કરવાની મઝા આવી. સૌરાષ્ટ્ર ચિત્રશાળામાં બળવંતભાઈના સહાધ્યાયીઓ હતા શ્રી સનત ઠાકર, ભૂપત લાડવા, વિનોદ શાહ અને શ્રી કિશોર વાલા, જે આજે સારા ચિત્રકારો છે.

આ કલાકારનું બાળપણ ખૂબ રસપ્રદ છે. બાળપણ (સૌરાષ્ટ્ર) બાબરામાં વીત્યું. મોસાળ કરિયાણામાં, જે બાબરાથી નજીક હતું. તે બાબરાથી ચાલી ત્રણેક માઈલ દૂર કરિયાણા અવારનવાર જતા. કેટલીક વખત ચાલીને તો કેટલીક વેળા ગાડામાં. બાબરામાં નહાવાના મઝાના કુંડ. તેમાં તેઓ તરતાં શીખ્યા.

કરિયાણા ખૂબ રળિયામણું. તેની આજુબાજુ ધાર (= નાની ટેકરીઓ) અને ટેકરીઓ તેનું સૌંદર્ય મનમાં વસી ગયું. ત્યાં દાદી ખૂબ વહાલ કરે. ન રોક ન ટોક. ન કોઈ સલાહ કે ન સૂચન. તેમાં બળવંતભાઈનો બાલાત્મા આનંદ અનુભવતો. કરિયાણાના પાદરમાં નદી વહેતી. સામે કાંઠે શિવાલય હતું. નદીમાં ભરપૂર પાણી રહેતું. એ કુદરતમય જીવન આજેય યાદ આવે છે. ત્યા હરણનાં ટોળાં દોડતાં–કૂદતાં અસલ સ્વરૂપે જોયાં છે. એ હરણાં એમનાં ચિત્રોમાં દેખાય છે.

બળવંતભાઈ કહે છે કે મારી ઉંમર ૧૫ વર્ષની હતી ત્યારે બળવાળામાં આસિસ્ટન્ટ શિક્ષકની જગ્યા મળી. ત્યારે ગાડું ભરી સામાન સાથે પિતા તેમને મૂકવા આવેલાં. કેટલી નાની ઉંમર ? ત્યારે ઓરડીનું ભાડુ રૂ. ૧ આ વેળા બળવંતભાઈ પ્રથમ વખત એકલા પડ્યા. કુટુંબથી છૂટા પડ્યા. તે વખતે શ્રી હિંમતભાઈ મહેતા તેમના મિત્ર થયા ને થોડી હિંમત રહી.

બળવંતભાઈએ આજીવન રાજકોટમાં જ પૂરી નિષ્ઠાથી નોકરી કરી. સાથે ચિત્રકાર્ય કરતા જ રહ્યા. તે હંમેશ સફેદ લેંઘા–ઝભ્ભામાં જ સજ્જ અને શરીર કદાવર એટલે ઓળખવા સહેલા. તે રાજકોટનું નહિ, પણ ગુજરાતનું ઘરેણું છે. નેશનલ અવૉર્ડ પામ્યા, પણ જરાય દેખાડો નહિ, પણ અતિ શાંત. અસંખ્ય વિદ્યાર્થીઓને કલાશિક્ષણ આપ્યું એનો તે આજે આનંદ અનુભવે છે.


○

# નાટક અને ફિલ્મના અભિનેતા : જયેન્દ્ર મહેતા

દેવેન્દ્ર દવે

તા. ૨૭મી ઑક્ટોબર ૧૯૪૪ના રોજ અમરેલી જિલ્લાના શેડુભાર ગામના વતની શિક્ષક પિતા અંબાલાલભાઈ અમૃતલાલ મહેતા અને માતા અનસૂયાબહેનના પુત્ર તરીકે જન્મેલા જયેન્દ્ર મહેતા ૨૫૦થી વધુ ફિલ્મો, ૫૦ નાટકના ચાર હજારથી વધુ શૉમાં અભિનયના ઓજસ પાથરી ચૂક્યા છે.

જયેન્દ્ર મહેતા અતીતની યાદમાં સરી પડતા કહે છે કે, 'રંગભૂમિના તખ્તાથી માંડીને ફિલ્મો, ટી.વી. સીરિયલો, મ્યુઝિક આલ્બમ અને ઉદ્‌ઘોષક સુધી પહોંચવા ઘણા સંઘર્ષનો સામનો કર્યો છે.



બાપુજી ઈચ્છતા હતા કે શિક્ષક બને તો સારું! પરંતુ મારું મન તો કલાકારમય. મૂળ અમો અમરેલી જિલ્લાના શેડુભારના વતની, જ્ઞાતિએ ખેડાવાળ બ્રાહ્મણ પરંતુ શિક્ષકની નોકરીમાં રસ નહીં. રંગભૂમિ પ્રત્યે લગાવ. અમદાવાદને કર્મભૂમિ બનાવી શરૂ થયો સંઘર્ષનો માર્ગ. અરે ભાઈ વરસો સુધી ઘરે હું છાપા નાખવા ગયો છું. ત્યારબાદ મીલમાં રૂ વીણવાનું કામ કરી ચૂક્યો છું. બી.કોમ.ના અભ્યાસ બાદ જી.પી.એસ.સી.ની પરીક્ષા પાસ કરી ઈકોનોમિક્સ ડિપાર્ટમેન્ટમાં કલાર્ક તરીકે કામ કર્યું. એમ.કોમ. બાદ બેન્કની નોકરીમાં જોડાયો.

નાટક, ફિલ્મોનો બેહદ શોખ. વરસો પહેલાં કૉલેજમાં અને શાળામાં નાટક ભજવી ચૂક્યો હતો. પત્નીના

પ્રોત્સાહનથી કારકિર્દીને ઘડવા તૈયાર થયો. બંસી શાહના 'એક અંધારી રાત'થી નાટકમાં પ્રવેશ્યો. ત્યારબાદ ૧૯૬૧થી આજ દિન સુધી પાછુ વળીને જોયું નથી. ત્યારબાદ હોરર ડ્રાકુલા, ધૂપસળીનું નિર્માણ કર્યુ. બે રિવોલ્વીંગ સ્ટેજમાં ત્રણ સેટ પર નાટક ભજવાયું. જેને જબરદસ્ત સફળતા મળી. ત્યારબાદ તરસ્યો સંગમ, પ્રિત પિયુ ને પાનેતરમાં પિતાનો રોલ મળ્યો જે વખાણાયો. આ નાટકે ઈંગ્લૅન્ડમાં ચાર, દ. આફ્રિકામાં ચાર, કેન્યામાં ચાર હાઉસફુલ શૉ યોજ્યા છે.



જયેન્દ્ર મહેતાનું કહેવું છે કે, સૌથી વધારે સફળ નાટક રહ્યું ધૂપસળી. ધૂપસળીના જ ૨૫૦થી અધિક શૉ યોજાઈ ચૂક્યા છે. આમ નાટક યાત્રા દરમિયાન વિવિધ નાટકોના ચાર હજારથી અધિક સ્ટેજ શૉ યોજાયા છે. જેમાં મેં એક્ટર, દિગ્દર્શક, સહ દિગ્દર્શક, નિર્માતાથી માંડીને નાના મોટા પાત્રો ભજવ્યા છે, અને કલાકારોને પ્રોત્સાહન આપવા વિરાણ મંડળી પણ શરૂ કરી તેના દ્વારા ફિલ્મ 'ગામડાની ગોરી' બનાવી જે સફળ થઈ હતી.

જયેન્દ્ર મહેતા ભૂતકાળને યાદ કરતા કહે છે કે, હું ૧૯૭૪માં ફિલ્મ લાઈનમાં જોડાયો. પ્રથમ એગ્રિમેન્ટ માત્ર રૂ. ૧૧૦૦/–નું અને એ પણ અરૂણા ઈરાની સાથે સેકન્ડ હિરોનો રોલ મળ્યો. જે ખૂબ જ વખણાયો. ત્યારબાદ ફૂટપાથની રાણી, રસ્તાનો રાજા, ઢોલા મારૂ, રામકુમાર બોહરાની ભગવાન શ્રીકૃષ્ણ વગેરે સહિત આજ સુધીમાં ૨૫૦થી અધિક ફિલ્મોમાં કલાના કામણ પાથરી ચૂક્યા છે. તેઓ 'કલાકાર' એક પણ પાત્રો 'અનેક' ભજવી ચૂક્યા છે.

આ ફિલ્મોમાં વિવિધ પાત્રો જેવા કે, સેકન્ડ હીરો કેરેક્ટર રોલ, વિલન હોય, કોમેડી પાત્ર હોય, કે ચરિત્ર અભિનેતા હોય. જયેન્દ્રભાઈ વિના ચાલે નહીં. ફિલ્મમાં પાત્ર ભજવવા દરમિયાન તેઓને બેસ્ટ સપોર્ટીંગ એક્ટરના રાજ્ય કક્ષાના બે એવોર્ડ, ટ્રાન્સ મિડિયા દ્વારા ગુજરાતી ફિલ્મોમાં શ્રેષ્ઠ વિલન માટે બે વખત એવોર્ડ મળી ચૂક્યા છે.

જયેન્દ્રભાઈએ હિન્દી ફિલ્મોમાં અભિનયના ઓજસ પાથર્યા છે. તેઓએ 'ફૌલાદી ટક્કર'માં મુખ્ય સહાયક હીરો, જખ્મી ઈન્સાન, ખૂન કી પ્યાસી ડાયન, કફન વગેરે ફિલ્મોમાં અભિનય આપ્યો છે. તો વળી ગુજરાતી ફિલ્મોમાં છેલ્લા સમયમાં ચાણક્યની છેલ્લી ચાલ, હાલ ગોરી તને મેળે લઈ જાવ, આંખલડી તરસે પિયુજીની વાટમાં વગેરે છે.

○

# દિનેશ મહેતાની અભિનયયાત્રા

અશોક દોશી



ગુજરાતના ફિલ્મ, નાટ્ય અને સાંસ્કૃતિકક્ષેત્રે અમદાવાદી અભિનેતા દિનેશ મહેતાનું કામ ગૌરવવંતી છાપ ધરાવે છે. રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીનું અમર પાત્ર ગુજરાત સરકારની દસ્તાવેજી ફિલ્મમાં ભજવીને ખ્યાતનામ બની ગયેલા દિનેશભાઈ ગુજરાતી ફિલ્મ 'રઢિયાળી રાત'માં મુખ્ય વિલનની ભૂમિકામાં ચમક્યા છે.

છેલ્લાં ૨૫ વર્ષોમાં ૫૦ જેટલી ગુજરાતી, હિન્દી અને ભોજપુરી ફિલ્મોમાં હીરો, કોમેડીયન અને વિલનનો રોલ ભજવનાર આ ગુજરાતી કલાકારની હિન્દી ફિલ્મો 'માયા બઝા, રામભક્ત હનુમાન, ગલિયોં કા બાદશાહ અને ગુજરાતી ફિલ્મો 'ગામડાની ગોરી', 'ગાજરની પીપુડી', 'જય હનુમાન', 'શેરને માથે સવા શેર' વગેરેમાં ભજવેલી ભૂમિકા વખણાઈ છે.

બી.એ. થયેલા કલાકારે ગુજરાત યુનિવર્સિટીમાંથી ડ્રામેટીકસ ડિપ્લોમાં ફર્સ્ટ ક્લાસ મેળવી ૫૦ જેટલા નાટકોમાં મુખ્ય ભૂમિકા ભજવી છે. જેમાં ૨૫૦ પ્રયોગની મંઝિલ કાપનાર 'શુભદ્રા'માં 'રાવ સાહેબ'ની ભૂમિકા ખૂબ વખણાયેલી છે. આ ઉપરાંત 'ધૂપસળી' (૨૦૦૦ પ્રયોગ,), 'કન્યાદાન' (૧૫૦ પ્રયોગ), 'ચૂડી ચાંદલો' (૨૦૦ પ્રયોગ), 'તરસ્યો સંગમ' (૧૫૦ પ્રયોગ), 'ગૃહલક્ષ્મી' (૧૦૦ પ્રયોગ), 'વિસામો' (૫૦ પ્રયોગ), 'જુવાનીનાં ઝેર', 'ચાલ એક ચાણક્યની', 'લીલા લહેર' વગેરે નાટકોમાં એક પછી એક સફળ ભૂમિકા ભજવી રંગભૂમિ પર નામના મેળવી હવે તે પોતાની સંસ્થા ચલાવી ફેન્સી ડ્રેસ, મોડેલીંગ નાટક વગેરે માટે તાલીમ આપે છે.

અમદાવાદ દૂરદર્શન પરથી રજૂ થયેલ ટી.વી. સિરિયલો 'ત્રિભેટે', 'ભલા પુંસાના ભેદ ભરમ', 'લેખકનો આયનો', 'વન ટુ કા ફોર' વગેરેમાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

અમદાવાદના ખાડિયા – બાલા હનુમાન પાસે રહેતા આ કલાકારને નાટક પ્રતિ આકર્ષનાર હતા એમના દાદા દુર્લભજીભાઈ મહેતા. તેઓ બાપાલાલની નાટ્ય કંપનીમાં ભૂમિકાઓ ભજવતા હતા. રંગભૂમિના પ્રસિદ્ધ કલાકાર જયશંકર 'સુંદરી' સાથે પણ તેઓએ ઘણાં નાટકોમાં ભૂમિકા ભજવેલી. દાદા પાસેથી પ્રેરણા લઈ કૉલેજકાળ દરમિયાન જ દિનેશ મહેતાએ નાટકો ભજવીને ઈનામો મેળવેલા. કૉલેજકાળથી જ સખ્ત પુરુષાર્થ કરીને દિનેશ મહેતાએ ત્રણ પાળીમાં કામ કરવાનું શરૂ કરેલું. સવારે કૉલેજ, બપોરે સચિવાલયમાં સરકારી

નોકરી અને સાંજે નાટ્યગૃહ જસવંત ઠાકર પાસે 'નટ મંડળ'માં નાટક ભજવવાનું.



સૌ પ્રથમ ધંધાદારી નાટક 'પરિત્રાણ'માં એક પ્રયોગ દીઠ માત્ર ૭ રૂપિયા મળતા હતા. એમ જણાવતા દિનેશ મહેતા કહે છે – '૭ રૂપિયાના બદલામાં મારે પડદાના સેટીંગ્સ બાંધવાના અને પતરા ખખડાવીને વીજળીના અવાજો કાઢવા પડતા.'

નાટ્યક્ષેત્રે આગળ લાવવામાં જસવંત ઠાકર અને બંસી શાહના પોતે ઋણી હોવાનું જણાવતાં દિનેશ મહેતા કહે છે – 'હું અને નિર્માતા, દિગ્દર્શક, કલાકાર જયેન્દ્ર મહેતા સાળા–બનેવી હોવા છતાં નાટકો અને ફિલ્મોમાં હંમેશા અમે વેર – ઝેરની ભૂમિકા ભજવી છે. જે ઉલ્લેખનીય છે.'

પિતા ચંદ્રપ્રસાદ અને માતા મધુકાન્તાબેનના પરિવારમાં ૨૩–૧૨–૧૯૪૪ના રોજ જન્મેલા દિનેશ મહેતા સચ્ચાઈ અને લાગણીઓથી એટલા ઈમોશનલ થઈ જાય છે કે – 'આંસુ લાવવા માટે મારે ગ્લિસરીનની જરૂર પડતી નથી.' એમ તેઓ કહે છે.

○


પૂ. શ્રી મનહરલાલજી મહારાજ સ્થાપિત સેવા સંસ્થા

# શ્રી ગીતા વિદ્યાલય ટ્રસ્ટ

ટ્રસ્ટ રજી. નં. એ / ૨૧૩૭, તા. ૪–૧૦–૧૯૬૮

ગીતા વિદ્યા ભવન, જંકશન પ્લોટ, ગીતા વિદ્યાલય રોડ,

રાજકોટ. ફોન : ૨૪૫૯૦૦૦

## શ્રી ગીતા વિદ્યાલય ટ્રસ્ટની પ્રવૃત્તિઓ

★ બાળકોમાં ભગવદ્‌ગીતા, રામાયણ, સંસ્કૃત સ્તોત્રોના અધ્યયન દ્વારા સંસ્કાર સિંચન

★ નિઃશુલ્ક ઉનાળુ છાશ કેન્દ્ર
★ બાલ–મનો વિકાસ કેન્દ્ર
★ નિઃશુલ્ક નિદાન કેમ્પ
★ શૈક્ષણિક માર્ગદર્શન
★ મહોત્સવોની ઉજવણી
★ રક્તદાન શિબિર
★ મેડિકલ સાધન સહાય
★ રાહતદરે નોટબુક વિતરણ
★ સાર્વજનિક વાચનાલય
★ બાળ પુસ્તકાલય
★ સંસ્કૃત પ્રચાર
★ સંતો વિદ્વાનોના જ્ઞાનયજ્ઞ
★ શ્લોક અંતાક્ષરી સ્પર્ધા
★ ગીતા–રામાયણનો સત્સંગ

# કાષ્ઠમાંથી કાવ્ય તરફની ગતિ એટલે કૃષ્ણ દવે

ડૉ. શરદ ઠાકર



દોઢ–બે દાયકા પૂર્વેની એક ઘટના. સૌરાષ્ટ્રના સિંહ છેલભાઈ દવેના સુપુત્ર શ્રી નરેન્દ્ર દવેના બંગલે બહુભાષી કવિઓનો મુશાયરો હતો. ગુજરાતી, હિંદી, મરાઠી, બંગાળી, પંજાબી, હરિયાણવી અને ઉર્દૂ ભાષાના ખ્યાતનામ શાયરો પધારેલા હતા. એક પછી એક ફનકાર પોતાની માતૃભાષાનું અને પોતાની કલમનું શ્રેષ્ઠ સર્જન રજૂ કરી રહ્યો હતો. ત્યાં નરેન્દ્રભાઈની નજર એક યુવાન ઉપર પડી. એ યુવાનની આંખોમાં ઝબૂકતી વીજરેખા એમની પારખુ નજરે પકડી પાડી. વાંકી મૂછો પર તાવ દઈને સિંહપુત્ર નરેન્દ્ર દવેએ હાક મારી, 'એય છોકરા...! તારે કાંઈ બોલવું છે કે શું ? તારા ડોળા આમ ચકળવકળ થયા કરે છે એ મારા ધ્યાન બહાર નથી. જો હિંમત હોય તો ઓરો આવ. આ તો સાહિત્યનો ચોરો છે. કાં તાકાત બતાવ, કાં તૂટી જા !'

યુવાન ચડી ગયો મંચ ઉપર. ગાદી–તકિયાના ઘરેલુ સ્ટેજ ઉપર ઊભા રહી આટલા બધા સમર્થ અને દિગ્ગજ શબ્દ–સ્વામીઓની હાજરીમાં આ પચીસ વર્ષના છોકરડાએ ૧૯૮૫ની સાલનાં ગુજરાતના તોફાન વિશેની એક દીર્ઘ રચના લયબદ્ધ, બુલંદ સ્વરમાં ઉચ્ચારવી શરૂ કરી :

***'અકલ્પ્ય રાત, અંધકાર,***
***ધારદાર લઈ છરા,***
***કરે બધુંય માર માર, ચીસ ચીસાચીસ,***
***નગર એમ ઉતરડાય જેમ,***
***ન્હોર ભેરવીને કો'ક મૃત પશુ આમ તેમ...'***

સભા સ્તબ્ધ. હવા સ્થિર. શ્રોતાઓ મંત્રમુગ્ધ. જેની પાસેથી એક શબ્દની પણ અપેક્ષા ન રાખી હોય એવો સાવ અજાણ્યો યુવાન ગુલબંકી છંદમાં બંધાયેલી પ્રલંબ કવિતા શુદ્ધ સ્વરમાં અને ઉચિત આરોહ–અવરોહ સાથે રજૂ કરી જાય ત્યારે કોણ અભાગિયો એવો હોય જે દાદ આપ્યા વિના રહી શકે ?

દસ મિનિટનું કાવ્યપઠન પૂરું થયું. પછી લગભગ એટલી જ મિનિટો સુધી તાળીઓનું

ગુંજન ચાલું રહ્યું. સાહિત્યશ્રીનીધિ નરેન્દ્ર દવેએ પીઠ થાબડી. પૂછ્યું, 'ભાઈ, તું છે કોણ ?'

'હું તો બ્રાહ્મણનો દીકરો, પણ ધંધો સુથારીકામનો કરું છું. સામેના બંગલાનું ફર્નિચર બનાવવાનો ઓર્ડર મને મળ્યો છે. ઓટલા પર બેસીને સોફા બનાવું છું.'

નરેન્દ્રભાઈની આંખોમાં ભીનાશ છવાઈ ગઈ, 'છોકરા, તું સોફા બનાવવા માટે નથી સર્જાયો, પણ સોફામાં બેસવા માટે સર્જાયો છે. વાહ, કેટલી સુંદર કવિતા લખી છે ?! નામ શું છે તારું ?'

'ઘરમાં કાનો; ઘરની બહાર કૃષ્ણ.' યુવાને નામ કહ્યું.

આ નામ એ વખતે સાવ નવું અને અજાણ્યું હતું; આજે ગુજરાતના ગામડે–ગામડે જાણીતું બની ગયું છે. કાષ્ઠકામનો આ કારીગર એના કાવ્યકર્મને કારણે લોકોના દીવાનખંડને બદલે હૃદયખંડોમાં પહોંચી ગયો છે. કણજી, આંબા અને સાગના લાકડાનું ફર્નિચર બાજુ પર રહી ગયું છે અને એણે બનાવેલી પોલા વાંસની વાંસળી ઘરે–ઘરે ગૂંજી રહી છે.

'વાંસલડી ડોટ કોમ' નામની અત્યંત લોકપ્રિય રચનાનો આ શિલ્પકાર એટલે આજનો પ્રખ્યાત કવિ કૃષ્ણ દવે.

*

વર્ષો પહેલાં એક વાર મેં ગુજરાતના પ્રખ્યાત હાસ્યલેખકનો ઈન્ટરવ્યૂ કર્યો હતો. મેં એમને એક સવાલ પૂછ્યો હતો, 'મુરબ્બી, તમને ગમતા હોય એવા આપણી ભાષાના કવિઓનાં નામ જણાવશો ?' જવાબમાં એ હાસ્યકારે એમની લાક્ષણિક શૈલીમાં આંખો ઝીણી કરીને અને મોં ઉપર રમૂજનો મેકઅપ પાથરીને કહ્યું હતું, 'મિત્ર, મને કવિતા ગમે છે, પણ કવિઓ નથી ગમતા.'

આ એમનો મત છે. હું વ્યંગકાર નથી, વાર્તાકાર છું. મને જેટલો રસ કવિતામાં પડે છે, એટલો જ કવિમાં પણ પડે છે. પદ્યને હું સાહિત્યનું શુદ્ધતમ સ્વરૂપ લેખું છું. મને એ વાતનું સતત વિસ્મય રહે છે કે કવિતા આવતી ક્યાંથી હશે ? કવિતા એટલે લોહીમાં મળતી પ્રતિભા ? જીનેટીક વારસો ? જન્મજાત કૌશલ્ય ? કે પછી વિશ્વભરના સાહિત્યના અભ્યાસ અને પરિશીલનમાંથી કેળવાયેલી આવડત ?

મારી સામે મંડાયેલ મારા પ્રિય કવિ કૃષ્ણ દવેને મેં આ જ પ્રશ્ન પૂછ્યો, 'હે ભગવત ! હે યદુનંદન ! હે મોરપિચ્છધર ! મને એટલું જણાવો કે તમારામાં કાવ્યસર્જનની પ્રતિભા ક્યાંથી અવતરી ?'

'પ્રતિભા એટલે ભીની માટીનો લોંદો. ભીની માટીમાંથી ગમે તે પાત્ર ઘડાઈ શકે; ઘડો, તાવડી, કૂંજો ! મહત્ત્વ આકારનું નથી, પાત્રનું છે. એવું જ કળાની બાબતમાં કહી શકાય. મારા દાદાજી અચ્છા ચિત્રકાર અને ઉત્તમ શિલ્પકાર હતા. હું કવિ બન્યો. કળાનું માધ્યમ, આકાર, આવિર્ભાવ બદલાયો; પણ મૂળ પ્રતિભારૂપી માટી એક જ હોવી જોઈએ. એ જમાનામાં મારા દાદાએ દોરેલાં ચિત્રો જૂના ભાગવતમાં છપાતાં હતાં.' કૃષ્ણ દવે વૈજ્ઞાનિક જેવું વધ્યા ને પછી કવિ જેવું હસ્યા.

'તમારા પિતા શું કરતા હતા ?'

'ડૉક્ટર હતા. આર.એમ.પી. બન્યા પછી સરકારી નોકરીમાં જોડાયા. અમારો સંયુક્ત પરિવાર હતો. માતા–પિતા, દાદાજી, અપરિણીત મોટા કાકા, હું અને મારો નાનો ભાઈ કિરીટ. સરકારી નોકરી એટલે બે–ચાર વર્ષે બદલી પણ થાય. મારું શૈશવ જુદાં–જુદાં ગામોમાં પાંગર્યું. હિતલા, ભાડેર, ખાંભા પાસેનું કંટાળા અને પછી ધારીના જ એક હિસ્સા જેવું પ્રેમપરા. ધારી એટલે શેત્રુંજી નદીનો ખોળો. સ્વામિનારાયણ સંપ્રદાયના યોગીજી મહારાજ અહીં રોજ સ્નાન કરવા માટે પધારતા. મેં પણ દસ વર્ષ સુધી શેત્રુંજીના પાણી ખૂંદ્યાં છે.' કૃષ્ણ દવે વાત કરતાં–કરતાં નદીનાં ધરામાં ધૂબાકા મારતા હોય એવા થઈ ગયા.

હું મનમાં ને મનમાં અંકોડા બેસાડતો જતો હતો. કવિતાની ફસલ તો હજુ ક્ષિતિજ ઉપર પણ દેખાતી ન હતી, પણ એને માફક આવે તેવી આબોહવા મારી આંખો સામે ઊઘડી રહી હતી. તળ કાઠિયાવાડની બળકટ લોકબોલી, શેત્રુંજીના નીરનાં શેલ્લારા, ધારીની ધૂળ અને ધૂળના સંસ્કાર પર એક પછી એક ચડતાં જતાં શાળાના શિક્ષણના થર !

'ભણવામાં મને એટલો બધો રસ ક્યારેય પડ્યો નહીં પ્રાથમિક શિક્ષણ ધારીમાં પૂર્ણ કરીને હું રાજુલામાં ગયો. ત્યાંની એક ધાર્મિક સંસ્થામાં આગળના અભ્યાસ માટે જોડાયો. પણ ત્યાંના મુખ્ય ગુરુજી અત્યંત તામસી પ્રકૃતિવાળા નીકળ્યા. ધૂળ જેવી વાતમાં પહાડ જેવડો ગુસ્સો કરે. વાંકમાં આવે તેને મારે ! એક વાર હું અડફેટે ચડી ગયો. વગર વાંકે ગુરુજીએ મને માર્યો. એક હદ સુધી મેં સહન કરી લીધું, પછી હું પણ હાથમાં મોટો પથ્થર લઈને સામે થયો. ગુરુજીને પહેલી વાર કોઈ માથાનો મળ્યો. હું ગુરુદક્ષિણા ફટકારીને શાળા છોડી ગયો. એ મારો પદવીદાન સમારંભ. ઘરે આવ્યા પછીયે મારાં મા–બાપે મને ઠપકાનું વેણ સુધ્ધાં ન કહ્યું.' કૃષ્ણે કહ્યું, 'પણ પછી મારા માટે ઉચ્ચ શિક્ષણનો રાજમાર્ગ ધૂંધળો બની ગયો. છેવટે ભાવનગરમાં જિલ્લા તાલીમ સેવા કેન્દ્રમાં સુથારીકામ વિભાગમાં પ્રવેશ લઈ લીધો. લાકડા સાથે પ્રીત જોડી દીધી.'

આ વાત સાંભળવા માટે સહેલી લાગે, પણ સહેવા માટે કઠિન છે. તેર વર્ષની ઉંમરનો છોકરો સવારના દસથી સાંજના છ વાગ્યા સુધી તાલીમ કેન્દ્રમાં રંધો ફેરવે અને સાંજના છથી રાતના બાર વાગ્યા સુધી ખાનગીમાં કોઈ મિસ્ત્રીની સાથે જોડિયા તરીકે મજૂરી કરે. રોજનો દોઢ રૂપિયો મળે તે દોઢ લાખ જેવો મીઠો લાગે. એક વર્ષની તાલીમ પૂર્ણ કરીને કિશોર કૃષ્ણ પાછો ધારીમાં. પિતાના મિત્ર કુરબાનભાઈ દોરડાવાલાએ સો રૂપિયા ઉછીના આપ્યા એમાંથી ઓજારો ખરીદ્યાં. લાકડાનાં સૂપડાં બનાવવાથી શરૂઆત કરી. કારીગર પણ પોતે અને વેપારી પણ પોતે. સાઈકલ પર બેસીને કૃષ્ણ ગામડે–ગામડે સૂપડાં વેચવાની ફેરીએ જાય.

'આવી કાળી મજૂરી કરતાં તમને થાક ન લાગ્યો ?' મારા મનમાં તો 'શરમ' શબ્દ હતો, પણ એવું પૂછતા હું શરમાયો, માટે મેં 'થાક' શબ્દ વાપર્યો.

'આ તો કંઈ નહોતું, એના કરતાંયે 'થાક' લાગે એવું કામ મારા માટે અમદાવાદમાં વાટ જોઈ રહ્યું હતું. ૧૯૮૧માં જાત–જાતના પેઈન્ટિંગ્ઝના પોસ્ટરો લાકડાની ફ્રેમમાં મઢીને નાખી દીધા જેવા ભાવે વેચવા માટે હું આખો–આખો દિવસ રીલીફ રોડ ઉપર ઊભો રહ્યો છું. રહેવા

માટે છેક જોધપુર ગામમાં ભાડાની ઓરડી રાખેલી. ત્યાંથી ઉછીની સાઈકલ ઉપર પોસ્ટરો ખડકીને નીકળી પડું. શિયાળો, ઉનાળો, ચોમાસું જોયા વગર બાર–બાર કલાક ખડે પગે ગ્રાહકોને રીઝવવા માટે તપ કરતો રહું.'

'તપ ?!'

'હા, શરદભાઈ, તપ જ. ધ્રુવ એક પગ ઉપર ઊભો રહે એના કરતાં પણ બે પગ ઉપર ઊભા રહીને વધુ આકરી તપસ્યા મેં કરી છે. જો એક ફ્રેમ વેચાય તો મને શું મળ્યું હોત તે સમજી શકો છો, પણ મારા નસીબમાં ઘણી વાર તો એટલી નજીવી કમાણી પણ લખાયેલી ન હતી. રાત્રે થાક્યો–પાક્યો, સાઈકલનાં પેડલ મારતો હું પંદર–વીસ કિ.મી.નો પંથ કાપીને ઓરડી ઉપર પાછો ફરું. ચા અને બ્રેડ ખાઈને પથારીમાં પડું. એ દિવસોમાં મારો બ્રેક ફાસ્ટ, લંચ અને ડિનર જે ગણો તે બધું આ ચા અને બ્રેડમાં આવી જતું.'

'ત્યારે તો બીજું કશું જ વિચારવાનો સમય નહીં મળતો હોય ને ?'

'અહીં જ તમારી ભૂલ થાય છે. શરીરથી તૂટેલો અને મનથી હારેલો એક અઢાર વર્ષનો છોકરો ફળફળતો નિઃસાસો નાખીને જમાનાને એક સવાલ પૂછી બેસતો હતો :

***'વાર–વારના વાર કરી દે, કટકા એક હજાર કરી દે,***
***કો'ક જુએ ને કો'ક ખરીદે, ના માંગો એ ફરી–ફરી દે,***
***અને છતાંયે નહીં ખપેલા, કાપડના તાકાની માફક,***
***ફરી–ફરી વિંટાતો માણસ, મેં જોયો છે ! તેં જોયો છે ?!'***

'અરે ! આ તો કવિતા છે ! હું ઝૂમી ઊઠ્યો, 'વાહ, અદ્‌ભુત કલ્પન ! અને જબરદસ્ત લય છે ! અનેક ગ્રાહકોના હાથમાં ફરી ચૂકેલો અને ફેંકી દેવાયેલા કાપડનો તાકો જ્યારે વેપારી દ્વારા ફરી–ફરી વિંટાતો હશે ત્યારે એના હૃદયમાં કેવી ઘોર હતાશા વ્યાપી રહેતી હશે ?! વાહ ! અદ્‌ભુત !'

કૃષ્ણ હસ્યા, 'અત્યારે તમને ભલે એ અદ્‌ભુત લાગતું હોય, પણ મને તો એ સમયે બહુ અઘરું લાગતું હતું. બીજાને માટે જે કવિતા હતી, તે મારે મન કઠિનતા હતી.'

મને એક અંગ્રેજ વિવેચકનું વિધાન યાદ આવી ગયું, 'તમારે કવિ બનવું છે ? તો બતાવો; તમારા જખ્મો ક્યાં છે ?'

આ ક્ષણે મારી સામે એક કવિ ઊઘડી રહ્યો હતો, જે પોતાના નિજી જખ્મોની કૂખમાંથી જન્મી રહ્યો હતો. હવે મને સમજાઈ રહ્યું હતું કે શા માટે ટાટા–બિરલા કે અંબાણીના કૂળમાં કવિઓ નથી પાકતા ! શા માટે લુધિયાણાની ફૂટપાથ ઉપરથી સાહીર નામનો બહેતરીન શાયર ઊભરે છે અને પૂરા દેશ પર છવાઈ જાય છે ! શા માટે એક ગંદી ચાલીમાં ભાડાની ખોલીમાં ફાનસના પીળા અજવાસમાં બીમાર દીકરીની બાજુમાં બેસીને કવિતા ઘસડતો શૈલેન્દ્ર એનું શબ્દ–સંવનન લઈને ફિલ્મની દુનિયામાં આવે છે અને પૂરા હિંદુસ્તાનને ચકાચોંધ કરી દે છે ! જખ્મો, જખ્મો પારાવાર જખ્મો ! બીજું કશું જ નહીં. અભાવોમાં જિંદગી ભલે આથામતી હોય, પણ કવિતા પાંગરે છે.

★

અભાવોની આબોહવામાં કવિતાનું ફૂલ ખીલતું ગયું. દુઃખોનું ખાતર તો મબલખ માત્રામાં હતું જ. બ્યાંશીની સાલમાં એક પરિચિત નામે વિજય આરટોરાના સૂચનથી કૃષ્ણે બુધસભામાં જવા માંડ્યું. સ્વનામધન્ય ધીરુભાઈ પરીખ અને પિનાકીન ઠાકોર જેવા માંધાતાઓ આગળ પ્રથમ વાર કવિતા વાંચવાની મંજૂરી મળી. નાનકડું અછાંદસ કાવ્ય હતું :

*'હું એટલે ઘડિયાળ,*
*એને એટલે કે ઘડિયાળને સમયસર ચાલવા માટે સેલ મળે છે,*
*જ્યારે મરે સેલ મેળવવા માટે સમયસર ચાલવું પડે છે.'*

'સેલ' શબ્દ ઉપરનો શ્લેષ ધીરુભાઈને ડોલાવી ગયો. એમણે આ કાવ્ય કવિલોકમાં છાપ્યું પણ ખરું. ત્યાંશીના વર્ષમાં એક જાણીતી મોટી બેન્ક માટે કાર્પેન્ટરની જગ્યા માટે ઈન્ટરવ્યુ બહાર પડ્યા. કવિ હાથમાં કલમને બદલે કરવત લઈને પહોંચી ગયા. આમ તો એ ત્રીજા વર્ગના કર્મચારી માટેની જગ્યા હતી. પચાસ ઉમેદવારો મેદાનમાં હતા, પણ કૃષ્ણ દવે સિલેક્ટ થઈ ગયા. પ્રથમ કક્ષાનો કવિ બનવાપાત્ર માણસ ત્રીજી કક્ષાનો કર્મચારી બની ગયો.

'પણ તોયે હું રાજી થયો, કારણ કે દર મહિને એક બાંધેલી આવક મળતી થઈ ગઈ. પગાર બહુ ઓછો હતો, ફક્ત બસ્સો એંશી રૂપિયા, પણ સુથારીકામ કરીને હું બીજા નવસો રૂપિયા પાડી લેતો હતો. હવે મારાં માતા–પિતાને મેં ધારીથી અમદાવાદમાં તેડાવી લીધાં. નાનો ભાઈ કિરીટ પણ હવે જુવાન થતો જતો હતો. બોપલમાં અમે ફર્નિચરનું એક કારખાનું નાખ્યું. ત્યાં ભાઈને બેસાડી દીધો. ઘર માટે જગ્યા પણ લીધી. નેવુંની સાલમાં બે માળનો બંગલો બંધાવ્યો.' પછી તો એસ.એસ.સી.ની પરીક્ષા પાસ કરીને કૃષ્ણ દવે એ જ બેન્કમાં કલાર્ક પણ બની ગયા.

સંઘર્ષનો સમય પૂરો થઈ ગયો. હવે સર્જનનો યુગ શરૂ થયો. પૈસાની તકલીફો ખતમ થઈ હતી. બંને ભાઈઓનાં લગ્ન લેવાયાં, બંનેને ત્યાં બબ્બે–ત્રણ–ત્રણ સંતાનો જન્મ્યા. આજે પણ સંયુકત પરિવારની પરંપરા એમના ઘરમાં જીવંત છે. બોપલ ખાતેના એમના બંગલામાં રમેશ પારેખ જેવા કવિસમ્રાટ પધારી ચૂક્યા છે અને કૃષ્ણ દવેના સમગ્ર કુટુંબની મીઠી પરોણાગત માણ્યા પછી એમના કાયમી મુલાકાતી બની ચૂક્યા છે.

અને કવિતાનો છોડ જે અત્યાર સુધી ઘાસ જેટલો નીચો હતો એ હવે તાડના ઝાડ જેવડો ઊંચો વધી ગયો છે. એમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'પ્રહાર' ૧૯૯૨માં ગુજરાત સાહિત્ય અકાદમીના સહયોગથી પ્રકાશિત થયો. પછી એની બીજી આવૃત્તિ પણ થઈ. કૃષ્ણ દવેની અત્યંત લોકપ્રિય રચના 'વાંસલડી ડોટ કોમ' ૨૦૦૨–૦૩માં લખાઈ.

***વાંસલડી ડોટ કોમ, મોરપિચ્છ ડોટ કોમ, ડોટ કોમ વૃંદાવન આખું,***
***કાનજીની વેબસાઈટ એટલી વિશાળ છે કે, ક્યાં ક્યાં નામ એમાં રાખું ?***

ત્રણ જ અંતરામાં સમાયેલી આ કવિતાએ ત્રણેય લોકને ડોલાવી મૂક્યાં. કોઈપણ મુશાયરામાં કૃષ્ણ દવે ભાગ લેવા જાય એટલે શ્રોતાજનો તરફથી વાંસલડીની બુલંદ ફરમાઈશ ઊઠે જ એવો એક ક્રમ બની ગયો.

---

કવિની આખી જિંદગી એક નાનકડા ઈન્ટરવ્યુમાં ન પામી શકાય. કૃષ્ણને મારી બાથમાં સમાવતાં મને થોડોક સમય લાગ્યો છે. પહેલીવાર મેં એને સાંભળ્યા ૧૯૯૭ની પંદરમી ઑગસ્ટે. રાત્રે એસ. જી. હાઈવે પરના એક ફાર્મ હાઉસ ઉપર ઉત્તમ કવિઓની ખાનગી મહેફિલમાં. મને યાદ છે, મારા મનગમતા શાયર અને હૂંફાળા મિત્ર ચિનુ મોદીએ કૃષ્ણને રજૂ કર્યા હતાં. શોભીતનું સંચાલન હતું. ઉર્દૂમાં ખ્યાતનામ શાયર નિદા ફાઝલી પણ મંચ ઉપર હતા. સમર્થોની એ સભાને કૃષ્ણ દવેએ ડોલાવી દીધી હતી.

'સાચું કહું, કૃષ્ણ ? મને જેટલી પ્રિય તમારી કવિતા છે, એટલી જ પ્રિય તમારી અદાયગી છે ?' મેં એકવાર કૃષ્ણ સાથે કાવ્ય–પઠનની પ્રસ્તુતિની વાત ઉખેળી. એ સમયે અમે બંને પાલનપુર ખાતેના એક સમારંભમાં હાજરી આપવા જઈ રહ્યા હતા. એ પછી તો અમે બંનેએ ઊના, દીવ, સોમનાથ, વેરાવળ અને સિદ્ધપુરના પ્રવાસો પણ સાથે–સાથે કર્યા અને માણ્યા. દરેક જગ્યાએ મેં જોયું કે મંચ ઉપર કૃષ્ણ એની સોળે કળાએ ખીલી ઉઠે છે.

મેં કરેલી પ્રશંસાના જવાબમાં કૃષ્ણ ભેદ ખોલે છે : 'તમને ખબર છે, શરદભાઈ ? શરૂઆતમાં મારી આ પઠનશૈલીની કેટલાક કવિઓએ જબરદસ્ત ટીકાઓ કરી હતી ! હું તો પહેલેથી જ એવું માનતો આવ્યો છું કે કવિતા એ તો કાનનો વૈભવ છે અને આંખોનો ઉત્સવ છે. મંચ ઉપર જ્યારે હું રજૂઆત કરું છું ત્યારે કવિ મટીને અભિનેતા બની જાઉં છું. એક–એક શબ્દ પર યોગ્ય ભાર મૂકીને અને પ્રત્યકે પંક્તિમાં ભાવ ભરીને હું મારી રચનાની રજૂઆત કરું છું અને શ્રોતાઓની મને ભરચક્ક દાદ મળે છે.' કૃષ્ણની આ વાત સાથે હું પૂરેપૂરો સંમત છું. સતત દોઢ–દોઢ કલાક સુધી વિશાળ સંખ્યામાં હાજર કાવ્યપ્રેમીઓ એમને સાંભળીને ઝૂમતાં રહે છે એ વાતનો હું સાક્ષી છું.

કૃષ્ણ દવેની જે વાત મને સૌથી વધારે આકર્ષી ગઈ છે તે એમની એક ખાસ અનોખી પ્રવૃત્તિ. કવિએ ગુજરાતના ગામડે–ગામડે જઈને એક પણ રૂપિયાનો પુરસ્કાર લીધા વગર શાળાનાં વિદ્યાર્થીઓ સમક્ષ કવિતા વાંચવાનું પવિત્ર અભિયાન આદર્યું છે. અમે પાલનપુર ગયા ત્યારે મુખ્ય સમારંભ તો રાતનો હતો. બપોરના ભોજન પછી હું અતિથિગૃહના એ.સી. રૂમમાં મીઠી નીંદર માણતો હતો, ત્યારે કવિ ગાયબ હતા. સાંજે મેં પૂછ્યું, ત્યારે જવાબ મળ્યો, 'અહીંની કૉલેજમાં વિદ્યાર્થીઓ સમક્ષ કવિતા પીરસવા ગયો હતો.'

આવું જ એકવાર દીવના કિલ્લામાં પણ બન્યું હતું. અમે ત્યાં ગયા ત્યારે કોઈ નાનકડા ગામની નાનકડી સ્કૂલના શિક્ષકો વિદ્યાર્થીઓને લઈને પ્રવાસમાં આવેલા હતા. થાકેલાં બાળકો લગભગ બપોરના ચારેક વાગ્યે રડમસ થઈને બેઠેલાં હતાં. કૃષ્ણ દવે સામે ચાલીને ત્યાં દોડી ગયા. 'ભોંદુભાઈ તો રમવા ચાલ્યા...' કહીને અડધો–પોણો કલાકની રમઝટ બોલાવી દીધી. વિદ્યાર્થીઓ ખુશ ! હું તો એમનાં કરતાયે વધારે ખુશ, 'કવિ, તમારું આ કામ મને ખૂબ ગમે છે. આ બાપડા વિદ્યાર્થીઓને અમદાવાદનો કવિ ક્યારે જોવા મળવાનો હતો ? તેઓ જ્યારે મોટા થશે ત્યારે તમે રોપેલા આ કવિતાના સંસ્કાર અવશ્ય પાંગરીને મોટા થશે. જે કામ સાહિત્યની પરિષદો નથી કરતી એ તમે એકલે હાથે કરી રહ્યા છો. અભિનંદન.

---

આવા અભિનંદન મારા સિવાય અન્ય લોકો પણ એમને આપતા રહે છે. ભા.જ.પ.ના નેતા પુરુષોત્તમ રૂપાલાજી, માજી મંત્રી મહેન્દ્ર ત્રિવેદી, કોંગ્રેસના હસમુખ પટેલ, વગેરે એમના કાયમી પ્રશંસકો છે. ગીતકાર હરિશ્ચંદ્ર જોશી, ગીતકાર વિનોદ જોશી અને ગઝલકાર રાજેન્દ્ર શુકલ તેમજ કવિ–લેખક લાભશંકર ઠાકર પણ એમની પીઠ હંમેશાં થાબડતા રહે છે.

રાજકોટના લોકપ્રિય અખબારો ફૂલછાબ અને અકીલામાં કૃષ્ણની કવિતાઓ નિયમિતપણે ઝબકતી રહે છે.

સંતશિરોમણી મોરારીબાપુ તો જ્યારે મળે ત્યારે ઉઘરાણી કરે જ, 'કૃષ્ણ, નવું શું લખ્યું છે ? એક કવિતા તો તમારે સંભળાવવી જ પડશે.' જ્યારે મુંબઈની તાજ અને ઓબેરોયમાં પાકિસ્તાની આતંકવાદીઓ ત્રાસ વર્તાવી રહ્યા હતા એ જ સમયે મોરારીબાપુએ પોતાની રામકથામાં વ્યથિત હૃદયે કૃષ્ણની આ કવિતા બોલીને રાજકારણીઓ પર ફિટકાર વરસાવ્યો હતો :

***'નવા નવા થયેલા શહીદોએ કહ્યું –***
***અમને ગર્વ છે કે અમે દેશને માટે અમારો જીવ આપી દીધો !***
***એટલું સાંભળીને એક સિનિયર શહીદ બોલ્યા –***
***ગર્વ તો મને પણ છે, ભાઈ !***
***મેં પણ મારો જીવ આપીને બચાવી હતી પૂરી સંસદને !***
***પરંતુ હવે અફસોસ એ વાતનો છે કે***
***મને મરણોત્તર મળેલો ચંદ્રક ધૂળ ખાય છે***
***મારો પરિવાર સરકારી ઑફિસના ધક્કા ખાય છે અને***
***મને મારનારાઓ જેલમાં બેસીને આરામથી બિરિયાની ખાય છે.'***

કૃષ્ણની અતિ લોકભોગ્ય બનેલી રચનાઓમાં – એક તમારા મતને ખાતર, લીમડાને આવી ગયો તાવ, એટલે જીવી રહ્યો છું (મહારાષ્ટ્રમાં પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ), કેમ છો, મઝામાં છો, ભાઈ ?, ઉગાડે એમ કદી ઊગવાનું નહીં !, બીજું શું કરવાનું સ્કૂલમાં ? અને હાલો, પથ્થારી ફેરવીએ દેશની ! જેવી અનેક કવિતાઓનો સમાવેશ થાય છે. એમની બાળરચના 'ભોંદુભાઈ તોફાની'ની તો સીડી પણ બહાર પડી ચૂકી છે.

કવિએ ત્રણવાર મસ્કતના પ્રવાસો ખેડ્યા છે. એકવાર મોરારીબાપુની સાથે કેન્યા પણ જઈ આવ્યા છે. એમના અંગત જીવનની ખળભળાવી મૂકે તેવી ઘટના મસ્કતમાં બનેલી છે. મુશાયરો ચાલુ થઈ ચૂક્યો હતો. કવિતાપઠન માટે કૃષ્ણ દવેના નામની ઘોષણા થઈ ગઈ હતી. ત્યાં જ કોઈએ એમના હાથમાં સેલફોન મૂક્યો. ઘરેથી સમાચાર હતા, 'માનું મૃત્યુ થયું છે.' આયોજકોએ એમને કાવ્યપઠનમાંથી મુક્ત કર્યા, પણ કવિ ન માન્યા. રડતી આંખે પોતાની રચનાઓ વાંચી. પછી મુશાયરાને રડતો મૂકીને સીધા વિમાનીમથકે જવા નીકળી ગયા.

કવિરાજ, તમારી કાવ્યનિષ્ઠાને કરોડવાર સલામ કરું છું ! આવી મોટી–મોટી પીડાઓ જ તમારી સર્જકચેતનાને જીવતી રાખશે.

O

# રંગોળીની કલાનો પ્રયોગધર્મી કલાકાર : પ્રદિપકુમાર દવે

પ્રતાપસિંહ જાડેજા



જળ હોય ત્યાં સ્થળ દેખાય અને સ્થળ હોય ત્યાં જળ દેખાય, તેવી દષ્ટિની ભૂલભૂલામણી જેવી રચનાઓનું વર્ણન વ્યાસમુનિનાં મહાભારતમાં વાંચવા મળે છે. મયદાનવે પાંડવો માટે રચેલી ઈન્દ્રપ્રસ્થ નગરીમાં કરેલી આવી જ રચનાથી છેતરાયેલા દુર્યોધનની દ્રૌપદી દ્વારા થયેલી હાંસી, કુરુક્ષેત્રની અઢાર અક્ષૌહિણી સેનાના નાશનું એક કારણ બની રહેલ, તેનાથી કોણ અજાણ્યું હશે ?

પણ આ તો થઈ દ્વાપર યુગની વાત. ત્યાં સુધી દૂર જવાની શી જરૂર છે ? આ કળિયુગમાં પણ કોઈ તમને કહે કે ચાલો, હું તમને સ્થળમાં જળ અને જળમાં સ્થળ બતાવું તો નવાઈ ન પામતા. રાજકોટમાં એક યુવા કલાકાર પાણી પર, પાણીના તળિયે અને પાણીની મધ્યમાં એવી રંગોળી તૈયાર કરે છે કે, જોનારને પેલો સ્થપતિ મયદાનવ યાદ આવી જાય ! આ કલાકારનું પૂરું નામ છે પ્રદિપકુમાર રવિશંકર દવે.

તા. ૧૯ જૂન ૧૯૬૩માં રાજકોટમાં તેમનો જન્મ. મેટ્રીક પછી તેમણે રેડિયો–ટી.વી. મીકેનીકનો અભ્યાસક્રમ કર્યો છે. અને હાલ પોતે રાજકોટ–માહિતી ખાતાની રૂરલ બ્રોડકાસ્ટીંગ કચેરીમાં રેડીયો એન્ડ ટી.વી. ટેકનીશિયન તરીકે સેવા આપી રહ્યા છે.

પોતાને ડ્રોઈંગ આવડે છે, તેની જાણ તો તેમને અચાનક મેટ્રીક પછી થઈ ! નારી એ પુરુષની પ્રેરણા બની રહે છે, તેમ કહેવાય છે. બીજાને માટે તો તે સાચું હશે કે નહીં, પણ પ્રદિપે કોઈ સાપ્તાહિકમાં આવેલ સ્ત્રીનાં ચિત્ર પરથી પ્રેરણા લઈને દોરવા પ્રયત્ન કર્યો, અને તેમાં આશ્ચર્યકારક સફળતા મેળવી ! વરને ઘર સિવાય કોણ વખાણે ? તેમ ઘરનાંઓ, મિત્રોએ સૌએ વખાણ્યું. તેથી પ્રદિપભાઈને ચિત્રકલાનાં વ્યવસ્થિત અભ્યાસની ઈચ્છા જાગી. તેમની આ જાગૃતિ તેમને દરેક ચિત્રને વાંચવા પ્રેરવા લાગી. સૌરાષ્ટ્ર ચિત્રશાળામાં શ્રી હસુભાઈ ત્રિવેદી પાસે બે મહિના તાલિમ મેળવી ડ્રોઈંગની ઈન્ટરમીડીએટ પરીક્ષા પાસ કરી. જરૂર પડ્યે શ્રી બળવંતભાઈ જોષી અને શ્રી ગિજુભાઈ જોષી જેવા કલાગુરુઓનું માર્ગદર્શન પણ મેળવતાં રહે છે.


ભાઈ પ્રદિપને ઘરમાં, ઘર આંગણે કે શેરીમાં ચિરોડીનાં રંગોથી રંગોળી કરવાનો 'ગાંડો' શોખ. દીપોત્સવીનાં તહેવારોમાં તો ભૂખ અને તરસને ગણકાર્યા વિના દિવસે અને રાતનાં ઊજાગરા વેઠીને તેમણે તૈયાર કરેલી રંગોળીઓ નિહાળવા જંકશન પ્લોટની એ શાંત શેરી દર્શકોથી ધમધમી ઉઠે, તેટલું આકર્ષણ જમાવે. અમારે જંકશનપ્લોટમાં આસો માસમાં

કલા અને ઉત્સવનાં બે મુખ્ય આકર્ષણ એક તે આ વિસ્તારની ગરબીઓ અને બીજી પ્રદિપ દવેની રંગોળીઓ.

રંગોળીનાં તેનાં વિષયો પણ ચિલાચાલુ – એવાં મીંડા નહીં, વ્યક્તિ ચિત્રો, કુદરતી દૃશ્યો, પક્ષીઓ કે કાર્ટુન ચિત્રો વગેરેની આકૃતિઓ મુક્ત હાથનાં આલેખન અને ચપટીનાં રંગો વડે ઉપસાવે. માત્ર ચિરોડીનાં રંગો જ નહીં, પણ લાકડાનાં ભૂસાનાં રંગો, અનાજ અને કઠોળની રંગોળી, વિવિધરંગી ફૂલોની રંગોળી પણ તેમણે કરેલી છે. વળી ભારતની પ્રાચીન પરંપરાનાં પ્રતીક જેવી વિવિધ પ્રદેશોની રંગોળીઓ માંડણા, અલ્પના, કોલમ, સાંઝી વગેરેનો તેમણે ઊંડો અભ્યાસ કરેલો છે. આ વિષેનો તેમનો એક અભ્યાસલેખ વર્તમાનપત્રમાં પ્રકટ થયેલો.

આમ, જમીન પર રંગોળી બનાવવાની સાધના પછી હવેલીમાં પાણીમાં રંગોળી બનાવે છે તે પરથી પ્રરેણા લઈ તેમણે આ દિશામાં પ્રયત્નો આદર્યા. પોતાના વિજ્ઞાનના જ્ઞાનનો વિનીયોગ તેમણે આ કલામાં પૂરક બનાવ્યો. અને પાણી પર તરતી રંગોળી બનાવવામાં સફળતા મેળવી. પણ તળિયાનો તાગ ન લે તો પ્રદિપ શાનો ? ફરી પ્રયોગો આદર્યા. તે પાણીનાં તળિયે રંગોળી કરી. એટલું જ નહીં, દિવસો સુધી ટકાવી રાખી. તેની આ સફળતા દૂરદર્શન કેન્દ્રે જાણી. રાજકોટ દૂરદર્શન, ઝી ટી.વી. ચેનલ તથા રાષ્ટ્રીય પ્રસારણનાં અતિલોકપ્રિય કાર્યક્રમ 'સુરભિ'માં તેની આ વિશિષ્ટતા પ્રસારીત કરાઈ અને આ યુવા કલાકારને રાષ્ટ્રવ્યાપી પ્રસિદ્ધિ અપાઈ. એટલું જ નહીં, પણ આ કાર્યક્રમનું પ્રસારણ બી.બી.સી.ની ચેનલ પર પણ થયું.

કોઈપણ નામની આગળ જ્યારે પૂર્વગ તરીકે 'પ્ર' શબ્દ જોડાય છે, ત્યારે તેના થકી પછીનાં શબ્દને વિશેષ વેગ મળે છે. તેવું સામાન્યપણે જોવા મળે છે. તેમ આ પ્ર–દીપભાઈએ પણ નામના ગુણને વિશેષ ઊજાળવા આટલેથી જ સંતોષ ન માની લેતાં એક નવો જ પ્રયોગ



પાણીની વચ્ચે રંગોળી

આદર્યો અને તે હતો પાણીની વચ્ચેની રંગોળીનો. એટલે કે 'સેન્ડવીચ' જ સ્તો ! પાણીના તળિયાની અને સપાટીની રંગોળીઓ તો તેના માટે કાયનેટીક ચલાવવા જેટલું સરળ બની ચૂકેલ હતું. ફરી પ્રયોગો શરૂ. કેટલાય દિવસો, અને મહિનાઓની મહેનત પર પાણી ફરી વળ્યું. પણ છેવટે આ પ્રકારમાં પણ તેમણે બે–અઢી વર્ષે સિદ્ધિ મેળવી. આ માટે પોતે જ બનાવેલ કાચનાં ખાસ વાસણમાં છલોછલ પાણીની વચ્ચે સુંદર ડીઝાઈનની રંગોળી તરતી કરી. પાણીમાં રહેવું અને છતાં કોરૂંકટ રહેવું – એ આત્મસંયમ જેવી કપરી સિદ્ધિ જ ગણાય ને ? આ સિદ્ધિ પ્રદીપભાઈની છેલ્લા પંદરેક વર્ષની રંગોળીકળાની સાધનાનું શ્રેષ્ઠ સુફળ છે, તેમ કહી શકાય.

તેમની રંગોળીકલાનો પરિચય ગુજરાત, મહારાષ્ટ્ર અને હૈદ્રાબાદનાં વર્તમાનપત્રો આપી ચૂક્યાં છે. રાજકોટ દૂરદર્શન થકી તેમની કલાને સીમાપારની કીર્તિ અર્જિત થઈ. રાજકોટ દૂરદર્શનનાં સહયોગમાં તેમણે ૭ થી ૮ જેટલી ડોક્યુમેન્ટરી પણ તૈયાર કરી છે. તેમાં તા. ૧૬ સપ્ટે. ૧૯૯૩નાં પ્રસારીત થયેલી 'વિનોદ દેસાઈ નિર્મિત દસ્તાવેજી ફિલ્મ – 'આર્ટ એન્ડ ક્રાફ્ટ ઑફ ગુજરાત' થકી તેમને ભારત ઉપરાંત સાર્ક દેશોમાં પણ પ્રસિદ્ધિ મળી. ગુજરાત–કચ્છ–સૌરાષ્ટ્રની કલાકારીગરી પરની આ ડોક્યુમેન્ટરીનું સંશોધન, લેખન ઉપરાંત પ્રદિપભાઈએ ઈન્ટરવ્યુઅર તથા આર્ટીસ્ટ તરીકે કાર્ય કરેલું.

જેસીઝ યોજીત પ્રદર્શનમાં ચિત્રો પ્રદર્શિત કરનાર પ્રદીપને યુવક મહોત્સવમાં ચિત્રોમાં તેમ જ ઓપન સૌરાષ્ટ્ર રંગોળી સ્પર્ધામાં ઈનામો મળેલા છે. ગીતા વિદ્યાલય (જંકશન) યોજીત બાળચિત્ર શિબિરમાં તેમણે માર્ગદર્શન આપ્યું છે. રંગોળી ઉપરાંત મહેંદી ડિઝાઈન, નાટકમાં મેકઅપ -- અભિનયમાં રસ ધરાવતા પ્રદીપ દવેને સંગીત અને નૃત્યનો પણ શોખ છે.

પોતે સાધેલી આ રંગોળી કળાને ઈશ્વરદત્ત આશીર્વાદ માનતા પ્રદિપભાઈની આ ધૂનને તેમનાં પરિવારજનો તરફથી પૂરતું પ્રોત્સાહન મળે છે. દિવસો સુધી રંગોળી કરવી, તેને અકબંધ સાચવવી, કલાકો સુધી જાગતાં રહેવું, આ બધું જો ઘરનાં નાના–મોટાંનો સહકાર ન હોય તો શક્ય બનતું નથી, તેનો આ ક્ષેત્રનાં સૌને અનુભવ હશે. થોડાં દિવસો સુધી ટકી રહેતી અને પછી ભૂંસાઈ જતી આ કલાનાં ઊંડાણમાં છેલ્લા પંદરેક વર્ષથી ઉતરેલા પ્રદિપને, થોડા દિવસોની શોભા બનીને વિલાઈ જતી -- ચાર દિવસનાં ચાંદરાણાં જેવી જ સ્તો ! રંગોળીની ક્ષણભંગુરતાનો કોઈ રંજ નથી. પણ એ ચાર દિવસોમાં તે જે વાતાવરણ જન્માવે છે, તેની પ્રાપ્તિનો આનંદ જ તેમનાં આ રસને ટકાવી રાખે છે. અને એમ તો જીવન પણ ક્યાં ક્ષણભંગુર નથી ? છતાં તેને વિવિધ રસની રંગોળી થકી માણીએ જ છીએ ને ! બસ, એવું જ !!

આવડા મોટા રાજકોટ શહેરનાં એક છેવાડાનાં લતાની નાનકડી શેરીની ય પેટાશેરી (૧૩/અ, જંકશન પ્લોટ)માં રહેતા આ 'સુરભિ ફેઈમ' કલાકારની કલા માણવાનો અવસર હવે ક્યાં દૂર છે ? 'પ્રકૃતિ'ની પ્રત્યેક ચીજમાં કલા સંગોપીત છે. જરૂર છે, તેને બહાર પ્રકટ કરવાની દૃષ્ટિ કેળવવાની' આવું માનતા આ ઉત્સાહી યુવા કલાકારમાં રહેલી દૃષ્ટિનો વિનિયોગ સાધી સૌરાષ્ટ્ર–કચ્છ–ગુજરાતની પ્રાચીન હસ્તકલા કારીગીરી અને સંસ્કૃતિની વિસરાતી જતી જ્યોતિને પ્રદિપ્ત કરવાનું વિચારાય તો કેવું !

O

# સદ્જીવનનું ગણીત

**સદ્ગુણોનો સરવાળો, બુરાઈની બાદબાકી,**
**ગુણોનો ગુણાકાર અને**
**ભૂલોનો ભાગાકાર જ કરાય**

**માતૃદેવો ભવ પિતૃદેવો ભવ**



## સ્વ. શ્રી જમનાદાસ મણીશંકર દવે
## સ્વ. શ્રી પ્રભાબેન જમનાદાસ દવે
## (અમરેલી)


પરમ પૂજ્ય પિતાશ્રી તથા માતુશ્રીને

શ્રીમતિ મંજુલાબેન જેઠાભાઈ દવે
શ્રીમતિ દક્ષાબેન મહેશભાઈ દવે
શ્રીમતિ નયનાબેન ચંદ્રકાંત દવે
શ્રીમતિ કલ્પનાબેન રાજુભાઈ દવે
શ્રીમતિ રેખાબેન પ્રફુલભાઈ દવે
શ્રીમતિ રૂલિકાબેન જેસલભાઈ દવે

શ્રી જેઠાભાઈ જમનાદાસ દવે (સુરત)
શ્રી મહેશભાઈ જમનાદાસ દવે (વડોદરા)
શ્રી ચંદ્રકાંતભાઈ જમનાદાસ દવે (વડોદરા)
શ્રી રાજેન્દ્રભાઈ જમનદાસ દવે (સુરત)
શ્રી પ્રફુલભાઈ જમનાદાસ દવે (અમદાવાદ)
શ્રી જેસલભાઈ ચંદ્રકાંતભાઈ દવે (વડોદરા)

ના સર્વે જ્ઞાતિ બંધુઓને વંદન

### ○ નારણજી દુર્લભજી દવે :



બગસરાના નારણજી દુર્લભજી દવે આઝાદી પહેલાંના સમયે કાઠિયાવાડ માટે અંગ્રેજ સરકારે સ્થાપેલી વેસ્ટર્ન ઈન્ડિયા સ્ટેટ એજન્સીના કેળવણી ખાતાની કચેરીમાં કલાર્ક તરીકે નોકરી કરતા હતા. રાજકોટ શહેર ઉપરાંત સમગ્ર સૌરાષ્ટ્રમાં બાજ ખેડાવાળ બ્રાહ્મણ જ્ઞાતિના પરિવારોમાં બાળકો ભણતા થાય એ માટે નારણબાપાએ શિક્ષણના પ્રસારનું કામ કર્યું હતું. તેઓ રાજકોટમાં કાઠિયાવાડ બાજ ખેડાવાળ જ્ઞાતિ પ્રસારક મંડળના મંત્રી હતા. ગામે–ગામ ભણતા વિદ્યાર્થીઓને આ મંડળ દ્વારા પાઠ્યપુસ્તકો પૂરાં પાડવામાં આવતાં હતાં. નારણજીબાપા તેમના મંડળના સહકાર્યકરો સાથે મળી આ ભગીરથ કાર્ય સફળતાપૂર્વક સંભાળતા હતા.

### ○ અંબારામ આણંદજી ભટ્ટ પરિવાર :

કુંકાવાવના અંબારામ આણંદજી ભટ્ટ પરિવારના ત્રણ પુત્રો – નંદલાલભાઈ, શાંતિલાલભાઈ અને ત્રિકમલાલભાઈ આજથી દાયકાઓ પૂર્વે ઈસ્ટ આફ્રિકા ગયેલા. ત્યારબાદ કેનિયામાં નાઈરોબીમાં પસ્તીનો વેપાર કરતાં કરતાં પેપરબેગ બનાવવાનું શરૂ કર્યું. ત્રિકમલાલ જેતપુરમાં અભ્યાસ કરતા હતા ત્યારે તેમણે છાપાના ફેરિયા તરીકે કામ કર્યું હતું. આથી તેમને અખબારી દુનિયાની લગની લાગી હતી. ૧૯૫૩માં તેમણે નાઈરોબીથી પ્રસિદ્ધ થતું લોકપ્રિય ગુજરાતી અખબાર 'આફ્રિકા સમાચાર' હસ્તગત કરી તેને વધારે લોકપ્રિય બનાવ્યું હતું. સ્વ. શાંતિલાલ ભટ્ટના પુત્ર સ્વ. ચંદુભાઈ ખૂબ જ સાહસિક હતા. તેમણે વિશ્વનો પ્રવાસ ખેડ્યો હતો. તેમણે ઝામ્બિયામાં પ્રિન્ટીંગ ઉદ્યોગના ક્ષેત્રે સારી નામના મેળવી હતી.

### ○ વીરજી પુરુષોત્તમ દવે પરિવાર :



વીરજીભાઈ



રમણીકભાઈ

મૂળ ચિત્તલના વતની વીરજીભાઈ પુરુષોત્તમ દવે ગાયકવાડી રાજ્યની નોકરીને કારણે અમરેલી સ્થાયી થયા હતા. વીરજીભાઈ ગાયકવાડી પોલીસખાતામાં ફોજદાર તરીકે નોકરી કરતા હતા. નોકરીમાંથી સેવાનિવૃત્ત થયા પછી તેમણે અમરેલીની બાજ ખેડાવાળ બ્રાહ્મણ બોર્ડિંગમાં પોતાની સેવા આપી હતી. વીરજીભાઈના પુત્ર રમણીકલાલભાઈ આઝાદી પછી તુરત જ બેંક ઑફ બરોડાની નોકરીઅર્થે આફ્રિકા ગયા હતા. રમણીકલાલભાઈના પુત્ર યોગેશભાઈએ બર્મ્યુડાના પાટનગર હેમિલ્ટનની 'પ્રિન્સેસ' હોટલમાં મેનેજર તરીકે વર્ષો સુધી સેવા આપી છે. હાલ તેઓ અમેરિકામાં અને તેમના નાના ભાઈ હેમેનભાઈ જાપાનમાં ઓસાકા શહેરમાં 'ખજાના' ઈન્ડિયન રેસ્ટોરન્ટ સંભાળે છે.

### ○ જીવણલાલ મૂળજી મહેતા પરિવાર :

વડિયા (દેવળી)ના વતની જીવણલાલ મૂળજીભાઈ મહેતા રાજાશાહીના વખતમાં વડિયા



જીવણલાલ



રમણીકલાલ

સ્ટેટના જરીફ હતા. તેમના મોટા પુત્ર રમણીકલાલભાઈ જેતપુર અને જૂનાગઢમાં ભણી બી.એ. થયા હતા. કિશોરાવસ્થાથી તેમને સાહિત્યનો શોખ હતો. ૧૯૫૦ના અરસામાં તેમણે રાજકોટના 'જયહિન્દ' અખબારના વડિયા ખાતેના પ્રતિનિધિ તરીકે કામ કર્યું હતું. એ પછી તેઓ સરકારી પ્રેસમાં નોકરીમાં જોડાયા હતા. પોતાની કાર્યકુશળતાને કારણે ઉત્તરોત્તર બઢતી મેળવી તેઓએ રાજકોટ, ભાવનગર, વડોદરા, અમદાવાદ અને ગાંધીનગરના સરકારી પ્રેસમાં મેનેજર તરીકે સેવા આપી હતી. તેમણે પોતાના કાર્યકાળ દરમિયાન બાજ ખેડાવાળ બ્રાહ્મણ જ્ઞાતિના અનેક બેરોજગાર યુવાનોને સરકારી પ્રેસમાં નોકરી અપાવી હતી.

○ **શાંતિલાલ બહેચરલાલ મહેતા :**




મૂળ માવજીંજવાના વતની. પ્રથમથી અભ્યાસમાં ખૂબ તેજસ્વી. પિતાની આર્થિક પરિસ્થિતિ નબળી હોવા છતાં જૂનાગઢમાં ભણી સ્નાતક થયા. અમદાવાદ સ્થાયી થઈ અનુસ્નાતક અને પીએચ.ડી.ની ડિગ્રી મેળવી. વર્ષો સુધી અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે સેવા આપી. અર્થશાસ્ત્રના અનેક પાઠ્યપુસ્તકોમાં લેખક તરીકે સેવા આપી. નિષ્ણાત અર્થશાસ્ત્રી તરીકે તેમણે લખેલા લેખો 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા' જૂથના આર્થિક અખબાર 'ઈકોનોમિક ટાઈમ્સ' તથા અન્ય અખબાર, સામયિકોમાં પ્રકાશિત થયા છે.

○ **ડૉ. વિવેક જોષી :**



અભ્યાસમાં પ્રથમથી જ અત્યંત તેજસ્વી એવા ડૉ. વિવેક ડાહ્યાભાઈ જોષી એમ.બી., એમ.એસ., એમ.સી.એચ., ડી.એન.બી. (યુરોલોજી) ગોલ્ડમેડાલિસ્ટ છે. રાજકોટમાં તેઓ યુરોલૉજીકલ હૉસ્પિટલ અને ડાયાલીસીસ સેન્ટર ધરાવે છે. જ્યાં કિડની, પથરી, પ્રોસ્ટેટ વગેરેની આધુનિક સારવાર ઉપલબ્ધ છે. સૌરાષ્ટ્રના જ નહીં, પણ સમગ્ર ગુજરાત રાજ્યના શ્રેષ્ઠ યુરોલોજિસ્ટોમાં તેમની ગણના થાય છે. પ્રારંભમાં તેઓએ અમદાવાદ અને નડિયાદની કિડની હૉસ્પિટલમાં પોતાની સેવા આપી છે. હાલ રાજકોટની બી. ટી. સવાણી કિડની હૉસ્પિટલમાં પણ સેવા આપે છે.

○ **કિશોરભાઈ મહેતા :**




અમરેલીની કમાણી ફોરવર્ડ હાઈસ્કૂલમાં વર્ષો સુધી શિક્ષક તરીકે સેવા આપી ચૂકેલા કિશોરભાઈ મોહનલાલ મહેતા એટલે આજીવન કેળવણીકાર. સાહિત્યપ્રેમી એવા કિશોરભાઈ ખૂબ જ સારા વકતા અને સંચાલક પણ છે. અમરેલીની રૂપાયતન સંસ્થાની સ્થાપના અને વિકાસ માટે તેમણે અથાગ પ્રયત્નો કર્યા છે. તેમના માર્ગદર્શન નીચે આ સંસ્થા આજે વિશાળ વટવૃક્ષ બની ચૂકી છે. અમરેલીની કપોળ બોર્ડિંગ અને બાજ ખેડાવાળ બ્રાહ્મણ બોર્ડિંગમાં ગૃહપતિ તરીકે તેમણે વર્ષો સુધી પોતાની સેવાઓ આપી છે.

o **રેખાબેન દવે :**



રેખાબેન દેવશંકરભાઈ દવેનો જન્મ બગસરામાં થયો છે. તેમના પિતા દેવશંકરભાઈ સંગીત, શિક્ષણ અને સાહિત્યના ઉપાસક હતા. પિતાનો આ ગુણ રેખાબેનને વારસામાં મળ્યો છે. સામાન્ય શિક્ષિકા તરીકે પોતાની કારકિર્દી શરૂ કરનાર રેખાબેનને ૧૯૯૮માં ગુજરાત સરકાર દ્વારા શ્રેષ્ઠ શિક્ષકનો તથા ૨૦૦૬માં શ્રેષ્ઠ શિક્ષકનો રાષ્ટ્રીય એવોર્ડ મળ્યો છે. શિક્ષણક્ષેત્રે ફરજ બજાવવાની સાથે–સાથે તેઓ સામાજિક, સાંસ્કૃતિક અને સાહિત્યિક પ્રવૃત્તિઓમાં પણ એટલા જ ઓતપ્રોત રહે છે. તેઓ સારા ગાયક કલાકાર પણ છે.

o **મનોજભાઈ મહેતા :**



સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ સહાયક નિયામક ડૉ. મનોજભાઈ એચ. મહેતાનો જન્મ કોટડાપીઠામાં થયો હતો. તેમણે સૌરાષ્ટ્રના બાજખેડાવાળ બ્રાહ્મણોમાં આવેલા પરિવર્તન અંગે મહાનિબંધ લખી પીએચ.ડી.ની ડિગ્રી મેળવેલી છે. તેમનો આ મહાનિબંધ ૧૯૯૯માં પુસ્તક સ્વરૂપે પ્રકાશિત થયેલો છે. હાલમાં મનોજભાઈ રાજકોટમાં નિવૃત્ત જીવન ગાળે છે.


o **હરિભાઈ કાનજીભાઈ મહેતા :**

ધારીના બાજ ખેડાવાળ બ્રાહ્મણ હરિભાઈ કાનજીભાઈ મહેતા સને ૧૯૩૯માં સિંગાપોર ગયા હતા. ૧૩–૩–૧૯૪૬ના રોજ તેમણે સિંગાપોર છોડ્યું હતું. છેલ્લાં ત્રણ વરસ તેઓ સુભાષચંદ્ર બોઝની આઝાદ હિન્દ ફોજમાં સૈનિક રહ્યા હતા. તેઓ યુદ્ધમાં લડેલા. તેમના પગમાં ગોળી પણ વાગી હતી. તેઓએ જેલની સજા પણ ભોગવી હતી. ગુજરાત સરકાર દ્વારા તેમને સ્વતંત્ર સેનાનીનું પેન્શન આપવામાં આવતું હતું.

o **સી. બી. મહેતા :**

મૂળ કોટડાપીઠાના વતની, હાલ ધારીની જી.પી.બી. મ્યુનિ. બોયઝ સ્કૂલમાં શિક્ષક તરીકે સેવા આપે છે. ધો. ૧૨ના નામાનાં મૂળતત્ત્વો (ભાગ–૨)ની કુમાર પ્રકાશનની ગાઈડના લેખક તરીકે કામ કર્યું છે.

o **કનુભાઈ દવે :**



કનુભાઈ મુરલીધર દવે ચિતલના વતની છે. ૧૯૫૪થી ગદ્ય અને પદ્યમાં લેખન કરે છે. આજ સુધીમાં તેમની ૩૦૦ જેટલી નવલિકાઓ વિવિધ અખબાર, સામયિકમાં પ્રકાશિત થઈ ચૂકી છે. તેમના બે વાર્તાસંગ્રહ 'સોનલ' અને 'પ્રતીક્ષા' પ્રકાશિત થઈ ચૂક્યા છે. યુવાનીમાં તેમને હોમગાર્ડઝના 'બેસ્ટ કેડેટ' અને 'બેસ્ટ એન.સી.સી. કેડેટનાં પારિતોષિક મળ્યાં છે. સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયા પછી સાહિત્યસર્જનમાં સવિશેષ કાર્યરત છે.


o **ઉમેશભાઈ જયંતીલાલ જોષી :**

વલારડી (તા. બાબરા)ના વતની છે. નિવૃત્ત પ્રાથમિક શિક્ષક છે. ૧૯૮૬થી ૧૯૯૨

સુધી અમરેલીની ખેડાવાળ બ્રાહ્મણ બોર્ડિંગના ગૃહપતિ તરીકે સેવા આપી છે. હાલ બોર્ડિંગ ટ્રસ્ટના મંત્રી છે. કાવ્યો અને લઘુકથાનું સર્જન કરે છે. તેમના 'વેલકમ તાન્કા' (તાન્કા કાવ્યો), 'દીવડો' (બાળમાનસના લેખો), 'તારલા' (બાળકાવ્યો) પુસ્તકો પ્રકાશિત થયા છે. તેમની રચનાઓ 'ફૂલછાબ' અખબાર ઉપરાંત 'કવિતા', 'કવિલોક', 'કુમાર', 'અખંડ આનંદ' વગેરે સામયિકોમાં પ્રકાશિત થતી રહે છે.



**○ શાંતિભાઈ આંકડિયાકર :**



વેદકાલીન બાબતોના સંશોધક–સ્કોલર, વિવેચક, લેખક તેમજ ભૂતપૂર્વ જિલ્લા શિક્ષણાધિકારી (ગુજરાત રાજ્ય) એવા શાંતિભાઈ આંકડિયાકરનું નામ ગુજરાતી સાહિત્યમાં ઘણું જૂનું અને જાણીતું છે. એક સારા શિક્ષણકાર ઉપરાંત ઉત્તમ નવલિકાઓ લખનાર તરીકે એમની પ્રતિષ્ઠા છે. તેમના ૨૧ પુસ્તકો પ્રકાશિત થયા છે. તેમાં 'વેદકાલીન સૌરાષ્ટ્ર' પુસ્તક વડે સારા સંશોધક તરીકેની એમની ઓળખ સ્થાપિત થયેલી છે. ૧૭મી સદીની શરૂઆતમાં શાંતિભાઈના વડવા નારણજીબાપા તે સમયના રાજવીના આમંત્રણથી કોલડાથી મોટા આંકડિયા રહેવા આવ્યા હતા. શાંતિભાઈએ ૧૯૪૭માં પ્રાથમિક શિક્ષક તરીકે કારકિર્દી શરૂ કરી હતી. ૧૯૫૦માં તેમણે સૌરાષ્ટ્ર સરકારની અમરનગર (થાણાદેવળી) મિડલ સ્કૂલમાં નોકરીનો આરંભ કર્યો. ત્યારથી તેમણે વાર્તાલેખનનો પ્રારંભ કર્યો હતો. ૧૯૫૫માં તેમની બદલી મોરબીની હંટર ટ્રેનીંગ કોલેજમાં થઈ હતી. ૧૯૮૬માં તેઓ સેવા નિવૃત થયા હતા.

**○ ભાઈશંકર છગનલાલ દવે :**

મૂળ ચિત્તલના વતની. ભાઈશંકરભાઈ (ભાઉભાઈ)ના વડીલોએ આજથી ૧૭૦ વર્ષ પહેલાં ચિત્તલથી માલવા પ્રદેશના ઈન્દોર જઈ ત્યાં વસવાટ કર્યો. ઈ.સ. ૧૯૨૯–૩૦ના અરસામાં ભાઉભાઈ ઈન્દોરમાં તેમના કાકા હરિબાપાની કરિયાણાની દુકાને કાકા સાથે બેસતા. ઈન્દોરના લોકો એ સમયે ઘરે જ રસોઈના મસાલા બનાવતા. આખા મસાલાની ખરીદી કરવા લોકો હરિબાપાની દુકાને આવતા. મસાલાની માંગ જોઈ ભાઉભાઈને ગરમ મસાલો તૈયાર કરી તે વેચવાનો વિચાર આવ્યો.

એ સમયે ઈન્દોર એ મરાઠા રાજ્ય હતું. તેથી તેમણે મહારાષ્ટ્રીયન પદ્ધતિનો ગરમ મસાલો બનાવી વેચવાનું શરૂ કર્યું. એ વર્ષ હતું ૧૯૩૨નું. એ સમયે આજની જેવા પેકીંગના સાધનો હતા નહીં. ખૂબ જ નાના પાયે મસાલો બનાવી તેઓ કાચની બરણી કે ડબ્બામાં 'દવેના દિવ્ય ગરમ મસાલા'ના નામથી વેંચતા. ધીમે ધીમે મસાલાની લોકપ્રિયતા વધતી ગઈ. આજે તો 'દવેનો દિવ્ય ગરમ મસાલો' સમગ્ર મધ્યપ્રદેશમાં પ્રખ્યાત છે. આજે ધંધાની જવાબદારી ભાઉભાઈના પુત્રો અન પૌત્રો એટલે કે દવે પરિવારની ત્રીજી પેઢી સંભાળી રહી છે.


**○ દલપતરામ પોપટલાલ જોશી :**

દલપતરામ પોપટલાલ જોશીનો જન્મ બાબરા જિ. અમરેલી મુકામે થયેલો, નાનપણથી જ ખૂબજ વિધ્વતા ભરેલી હતી, તે સમયે શામળદાસ કોલેજ ભાવનગરમાં બી.એ.નો અભ્યાસ



કર્યા પછી કરાંચી–પાકિસ્તાન મુકામે પારસી સ્કૂલના પ્રિન્સીપાલ તરીકે કારકિર્દી શરૂ કરેલી અને રહેણાંક પણ કરાંચીમાં મહોલ્લામાં ધરાવતા. તે દરમિયાન કુંકાવાવના સ્વ. ત્ર્યંબકભાઈના બહેન ભાગીરથીબેન સાથે તેમના લગ્ન થયા, તબિયતની નાદુરસ્તાના કારણે મુંબઈ આવી અને સિક્કાનગરની પ્રખ્યાત મોર્ડન સ્કૂલના પ્રિન્સીપાલ તરીકે કાર્ય કરી ખૂબજ લોકચાહના મેળવેલી, ૧૯૨૬ થી ૧૯૪૪ સુધી મોડર્ન સ્કૂલના પ્રિન્સીપાલ તરીકે કાર્ય કર્યા બાદ ગુજરાતના ભાવનગર મુકામે સ્થાયી થવાનું નકકી કરેલ અને ૧૯૪૭માં ભાવનગર મુકામે આવેલ, તે સમયે ભાવનગર રાજય અસ્તિત્વ ધરાવતું હતું અને તેમને ડી. પી. જોશી જેવા વિદ્વાન કેળવણીકારની જરૂરિયાત હતી, તેથી સૌરાષ્ટ્ર રાજયના એજયુકેશન ડીપાર્ટમેન્ટમાં મુખ્ય વડા તરીકે તેઓએ પોતાનો કાર્યભાર સંભાળેલો અને બ્રાહ્મણો પ્રત્યે ખૂબજ ખેવના અને લાગણી તેમજ બ્રાહ્મણો માટે કરી છૂટવાની મનમાં ભાવના રહેલી હોય અનેક બ્રાહ્મણોને અગ્રતાના ધોરણે કેળવણી સાથે સંકળાયેલા હોદાઓ આપેલા અને તે રીતે સ્વરોજગારી પૂરી પાડેલી. સને ૧૯૬૨માં નિવૃત્ત થયા બાદ પણ અનેક કેળવણીકારો તેમની સલાહ, સૂચના લેવા રૂબરૂ મુલાકાત કરતા હતા. ૧૯૬૫ની સાલમાં તેઓનું અવસાન થયેલું.

## ○ સૌરાષ્ટ્રના શિક્ષણક્ષેત્રમાં મોટું નામ વસંતભાઈ પાઠક



રાજકોટ, અમરેલી સહિત સૌરાષ્ટ્ર–કચ્છના શિક્ષણજગતમાં જેનું નામ અવ્વલ નંબરે છે તેવા વસંતભાઈ પાઠકનું મૂળ વતન કુંકાવાવ તાલુકાનું નવું અનિડા છે. એમના માતાનું નામ શારદાબહેન અને પિતાનું નામ કાંતિલાલભાઈ પાઠક છે. એમ.એસ. સી.માં ગણિત વિષય સાથે ફર્સ્ટકલાસ પાસ થયેલા વસંતભાઈએ બી.એડ્.માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ડિસ્ટીંકશન સાથે ચોથું સ્થાન મેળવ્યું હતું. હજી પણ પોતાને વિદ્યાર્થી માનતા વસંતભાઈ અતિવ્યસ્તતા વચ્ચે અત્યારે એમ.એડ્. નો અભ્યાસ કરે છે.

રાજકોટના વિતેલા જમાનાની પ્રખ્યાત કડવીબાઈ કન્યા વિદ્યાલય ખાતે ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં ૧૫ વર્ષ સુધી ગણિત વિષયના શિક્ષક તરીકે ફરજ અદા કર્યા બાદ વસંતભાઈએ સને ૨૦૦૨માં રાજકોટ ઈન્દ્રપ્રસ્થનગરમાં પોતાના માતુશ્રીના નામે શ્રીમતી એસ.કે. પાઠક વિદ્યા મંદિર શરૂ કરી છે. ગણિત જેવા અઘરા વિષયના ઉત્તમ શિક્ષક તરીકે પાઠકસરની નામના હોવાથી એમની શાળા પ્રગતિના સોપાનો સર કરવા લાગી. પાંચ વર્ષમાં તો વિદ્યાર્થીઓનો એવો ધસારો થવા લાગ્યો કે એ શાળા નાની પડી. આથી ૧૫૦ ફૂટ રીંગ રોડ પર નાના મવા ચોક પાસે ૨૦૦૭માં પાઠક સ્કૂલ્સ શરૂ કરી છે. પાઠક સરની ડિમાન્ડ રાજકોટ જ નહીં સૌરાષ્ટ્રમાંથી ઉઠવા લાગી. સૌરાષ્ટ્ર–કચ્છના વિદ્યાર્થીઓ એમને ત્યાં ભણવા આવવા લાગ્યા. અમરેલી પોતાનું વતન હોવાથી અને અમરેલી આસપાસના વિદ્યાર્થીઓને છેક રાજકોટ સુધી ભણવા આવવું પડે ન એવા હેતુથી એમણે ચાલુ વર્ષ ૨૦૧૦થી અમરેલીમાં પાઠક સ્કૂલ્સ શરૂ કરી છે.

પાઠક સરે વિદ્યાર્થી કાળમાં અભ્યાસનો ખર્ચ કાઢવા ઓડીટમાં કામ કર્યુ, સહકારી મંડળીમાં કામ કર્યુ અને એક વાડીના ગૃહપતિ પણ બન્યાં હતા. એમ તો બેન્કમાં એસ.બી.એસમાં

નોકરી પણ મળી ગઈ હતી. પરંતુ એમને લક્ષ્મીજી કરતા સરસ્વતિજી પર વધુ લગાવ હોવાથી બેન્કની નોકરી છોડી, શિક્ષણયાત્રા આરંભી છે. તેમાં તેમને ઝળહળતી સફળતા મળી રહી છે.

—હેમેન ભટ્ટ

○

વિવિધ ક્ષેત્રે વ્યક્તિગત સિદ્ધિઓ મેળવી જ્ઞાતિનું નામ રોશન કર્યું હોય એવા આ ઉપરાંત અનેક જ્ઞાતિજનો છે. પરંતુ સ્થળસંકોચને કારણે તે બધાનો અહીં પરિચય આપવો શક્ય ન હોય માત્ર નામોલ્લેખ કરી લઈએ. 'ધૂમકેતુ'ના પુત્રી ડૉ. ઉષાબેન જોશી પણ પિતાના પગલે ચાલી ગુજરાત વિદ્યાપીઠમાં ગુજરાતી વિભાગના વડા તરીકે ફરજ બજાવી નિવૃત્ત થયા છે. ઉષાબેન અને તેમના પુત્ર દક્ષિણભાઈ જોશીએ પણ પુસ્તકો લખ્યાં છે. કૌશિક રામભાઈ મહેતા, નીરૂબેન દવે ગીત—સંગીત, લોકસાહિત્ય ક્ષેત્રે કાઠું કાઢતા જાય છે. અમરેલીના કિશોરભાઈ દવે અમરેલી નગરપાલિકાના પ્રમુખ ઉપરાંત અમરેલી જિલ્લા ભાજપમાં મહત્ત્વનો હોદ્દો સંભાળી ચૂક્યા છે. તો ભાવનગરમાં જે. ટી. દવે ભાજપના જિલ્લા પ્રમુખપદે રહી ચૂક્યા છે. શિક્ષણખાતામાં પ્રવીણભાઈ એન. દવે ઉચ્ચ હોદ્દો શોભાવી રહ્યા છે.

જેતપુરમાં હર્ષદભાઈ અને ભદ્રેશભાઈ મહેતા સ્વ. જે. કે. મહેતા પ્રાથમિક શાળા, અંકુર વિદ્યાલય, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાનું સંચાલન કરે છે. અમદાવાદમાં રાજાભાઈ ચંદ્રકાંતભાઈ પાઠક સ્વસ્તિક સ્કૂલ, સુરતના અમરોલી ખાતે જેઠાભાઈ દવે હિન્દી અને ઉડિયા માધ્યમની શાળા ચલાવે છે. સુરતમાં વરાછા ખાતે પરેશ ભગવતભાઈ મહેતા તપોવન વિદ્યાલય ચલાવે છે. રાજકોટના મુકુંદભાઈ દવે, વંડાના સુધીરભાઈ મહેતા, વડોદરાના ભારતીબેન અશ્વિનભાઈ વ્યાસને શિક્ષણક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક તરીકેના એવોર્ડ મળ્યા છે. 'ઈસરો'માં શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ અમદાવાદના ચંદ્રેશ નટવરલાલ જોશીને એવોર્ડ મળ્યો છે. સાહિત્યક્ષેત્રે ગિરજાશંકર વ્યાસ, વંડાના સુધીર મહેતાનું પ્રદાન છે. હર્ષદભાઈ મહેતા કલેકટર છે. નીલેશભાઈ મહેતા આઈ.એ.એસ. અધિકારી છે. અશોક ધ્રુવ એ.આર.ટી.ઓ. છે. ભરત પાઠક વન ખાતામાં ડી. એફ. ઓ. મેહુલભાઈ કે. દવે રાજકોટના આર.ડી.સી. હતા. ભાર્ગવ પાઠક ન્યાયાધીશ છે. દીપકભાઈ એન. ભટ્ટ માહિતી ખાતામાં ઉચ્ચાધિકારી હતા. ઊર્મિલાબેન દવે જૂનાગઢ જિલ્લા શિક્ષણાધિકારી હતાં. વત્સલાબેન દવે માહિતી ખાતમાં નાયબ નિયામક હતાં. રાજકોટના જદુભાઈ જોશી નામાંકીત ડૉક્ટર હતા. રાજકોટના ડૉ. ભાવેશ જોશી, ભાવનગરના ડૉ. રાજુભાઈ દવે, અમરેલીના ડૉ. જીજ્ઞેશ પાઠક, સુરેન્દ્રનગરના ડૉ. પ્રકાશ ઈ. મહેતા, ભુજના ડૉ. જગદીશ વી. દવે તબીબી ક્ષેત્રે સારી નામના ધરાવે છે. વેપાર—ઉદ્યોગના ક્ષેત્રે રાજુભાઈ મહેતા, દિનુભાઈ દવે, અજય એમ. જોશી, ઉમેશભાઈ મહેતા વગેરે દેશ—વિદેશમાં ધંધાકીય સંબંધો ધરાવે છે. ગૃહઉદ્યોગના ક્ષેત્રે હરિ ૐ ફુડઝના હરેશ દવેનું નામ છે. મોટી મોણપરી (વીસાવદર)માં રઘુરામજી આત્મારામ દવેએ સ્થાપેલું શ્રી રામજી મંદિર ગીર પંથકમાં અનેરી આસ્થાનું કેન્દ્ર છે. લેખન—પત્રકારત્વના ક્ષેત્રે હેમેન ભટ્ટ, નીકુ ભટ્ટ, દેવેન્દ્ર દવે, તુષાર ભટ્ટ, રાજેન્દ્ર દવે, કિશોરભાઈ દવે, વિમુકત દવે, ભરત દવે, હિમાંશુ દવે, પરેશ દવેનું પ્રદાન રહેલું છે.

○

## કંપની સમાચાર

**પાઠક હોટલ :**

મુંબઈના મસ્જિદ બંદર વિસ્તારમાં આવેલી પાઠક હોટલની બોલબાલા હતી. આ હોટલવાળા વજેશંકર, શંભુભાઈ પાઠક મૂળ કુંકાવાવના વતની હતા.

**મહેતા રેસ્ટોરન્ટ :**

અમદાવાદના પ્રખ્યાત મહેતા રેસ્ટોરન્ટવાળા ભાનુભાઈ મહેતાએ નાના પાયે આરંભ કરી, સંઘર્ષ ખેડી વ્યાપારક્ષેત્રે સારી નામના મેળવેલી છે. આજે તેમના સંતાનો ધંધો સંભાળે છે.

**દવેના દિવ્ય ગરમ મસાલા :**



ગુજરાતી, પંજાબી, મારવાડી, મહારાષ્ટ્રીયન જેવી રસોઈની વાનગીઓને સ્વાદિષ્ટ બનાવવા માટે વાપરવામાં આવતા મસાલાના ક્ષેત્રે ઈન્દોર સ્થિત દવે મસાલા પ્રા. લિ. નું બહુ મોટું નામ છે. ૧૯૩૨થી આ કંપની રસોઈ માટેના વિવિધ મસાલાઓનું ઉત્પાદન કરે છે. જે ભારતભરમાં વિખ્યાત છે. આઠ આઠ દાયકાથી લોકપ્રિય દળેલા મસાલા ખૂબ જ કાળજી રાખી બનાવવામાં આવે છે. સારામાં સારી કાચી સામગ્રીથી ખૂબ જ સ્વચ્છતા રાખી મસાલાનું ઉત્પાદન કરવામાં આવે છે. અદ્યતન સાધનો દવેના કારખાનામાં સ્થાપિત છે. ગરમ મસાલા ઉપરાંત અન્ય મિશ્રિત મસાલા જેવા કે ચા, પાપડ, ચણા મસાલા, ચાટ મસાલા, અથાણાં મસાલા પણ બનાવે છે. હાલમાં કંપની દ્વારા દળેલ મરચાં, ધાણા–જીરૂ, હળદર પાવડર પણ બનાવવાનું શરૂ કરવામાં આવ્યું છે. મલાસાના વેચાણ અને ગુણવત્તા માટે કંપનીને સુવર્ણચંદ્રક મળ્યો છે.

**ચુનીભાઈ ખમણવાળા :**

અમદાવાદના પ્રખ્યાત ખમણવાળા ચુનીભાઈએ પોતાના ધંધાની શરૂઆત ખૂબ જ નાના પાયે કરી હતી. તેઓ ખમણની લારી લઈ અમદાવાદમાં ઊભા રહેતા. આગળ જતાં તેઓ સમગ્ર અમદાવાદ શહેરમાં 'ખમણવાળા' તરીકે ખ્યાતિ પામ્યા હતા.

**જેતપુરના શિક્ષણક્ષેત્રે આગવું નામ અંકુર વિદ્યાલય :**

જેતપુર શહેરમાં શિક્ષણક્ષેત્રે આજીવન ભેખધારી એવા શાળા નં. ૧ના નિવૃત્ત આચાર્ય સ્વ. શ્રી જટાશંકરભાઈ મહેતાની પ્રેરણા અને રાહબરી નીચે જૂન ૧૯૯૩માં માત્ર ૬૨ વિદ્યાર્થીઓની સંખ્યા સાથે શરૂ થયેલી અંકુર વિદ્યાલય જોતજોતામાં વટવૃક્ષ બની જેતપુર શહેરમાં શિક્ષણક્ષેત્રે આગવું સ્થાન ધરાવતી વિદ્યાલય બની ગઈ છે. હાલમાં આ સંકુલમાં પ્રાથમિક વિભાગ, માધ્યમિક વિભાગ તથા ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ તેમ જ પી.ટી.સી. કૉલેજમાં કુલ ૨૦૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. શાળાના ધોરણ ૧૦નાં પરિણામો સતત ૮૫થી ૯૦ ટકાની આસપાસ આવે છે. સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી હર્ષદભાઈ મહેતા, ટ્રસ્ટી ભદ્રેશભાઈ મહેતા, સંચાલકો જતીનભાઈ મહેતા અને જયદીપભાઈ મહેતાની આગેવાની નીચે આ શાળા સતત પ્રગતિ સાધી રહી છે.

○

## ભગવદ્ગોમંડળ અને બાજ ખેડાવાળ

ગોંડલનાં મહારાજા સ્વ. ભગવતસિંહજીએ રચેલા ભગવદ્ગોમંડલ મુજબ :--

ખેડાવાળ : બ્રાહ્મણની એક જ્ઞાતિ. ખેડા જિલ્લાના મુખ્ય મથક ખેડા ઉપરથી ખેડાવાળ નામ પડયું છે. આ બ્રાહ્મણો શ્રી રંગપટ્ટણથી આવેલા મનાય છે.

બાજ ખેડાવાળ : ખેડાવાળ બ્રાહ્મણની એક પેટા જ્ઞાતિ. ખેડાના રાજાનું ગૌદાન લેવાની ઈચ્છાથી કોટ ઉતરી બહાર જતા રહ્યા તે બાજખેડવાળ કહેવાયા.

O


99 98 96 54 43

*All types of Offset & Screen Printing Job Works*

JAY JAGDISH GRAPHICS

5, Man Sarovar Shopping Centre, Opp. Vegitable Market,
Man Sarovar Circle, Amroli-SURAT.
E-mail : hareshmehta17@yahoo.com

"સુવર્ણચંદ્રક વિજેતા" ઈન્દૌરનો પ્રખ્યાત

ભોલા બિલ્લા ગરમ મસાલા

રસોઈને સ્વાદિષ્ટ બનાવે છે હંમેશા વાપરો

:: સૌરાષ્ટ્રના મુખ્ય વિતરક ::

આશા એજન્સી

હિંમતલાલ બી. મહેતા
માણેકપરા શેરી નં. ૧૦, અમરેલી (ગુજરાત)
ફોન : ૦૨૭૯૨ – ૨૨૬૩૧૫ મો. ૯૯૨૫૪ ૬૪૩૭૮


રાજકોટ – યજ્ઞેશ મહેતા મો. ૯૮૨૪૫ ૯૩૦૫૭

# સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ વિદ્યા પ્રસારક મંડળ રજત જયંતી મહોત્સવ

રાજકોટ શહેરમાં સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ વિદ્યા પ્રસારક મંડળનો રજત જયંતી મહોત્સવ ૧૯૫૭ની સાલમાં જૂન માસની ૮મી તારીખે ભારે ઉમંગ અને ઉત્સાહ સાથે ઉજવાયો હતો. જ્ઞાતિના અગ્રણીઓ--કાર્યકરો અને જ્ઞાતિબંધુઓએ તેમાં હર્ષ ભેર ભાગ લીધો હતો.


આ નિમિત્તે મનોરંજન કાર્યક્રમનું આયોજન થયું હતું. જેમાં સૌરાષ્ટ્ર રંગ મંડળના યુવા કલાકારોએ ભાગ લીધો હતો.

એ સમય અને પ્રસંગની તસવીરો અહીં પ્રસ્તુત છે–




વિદ્યા પ્રસારક મંડળના અગ્રણીઓ અને કલાકારો સાથેની સમુહ તસવીરમાં શ્રી નિર્ભયભાઈ ભટ્ટ, શ્રી ભાનુભાઈ દવે, શ્રી રમણીકભાઈ મહેતા, શ્રી મનુભાઈ જોષી, શ્રી બળવંતભાઈ જોષી, શ્રી જગજીવનભાઈ દવે, શ્રી રમણીકભાઈ દવે, શ્રી નલીનભાઈ દવે, શ્રી ચંદ્રકાંત ધ્રુવ વગેરે સાથે કલાકારો દેખાય છે.

સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ વિદ્યા પ્રસારક મંડળના રજત જયંતી મહોત્સવ નિમિત્તે યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર રંગ મંડળના કલાકારો સાથે મંડળના પ્રમુખ શ્રી નિર્ભયભાઈ ભટ્ટ તેમજ રમણીકભાઈ ઉપાધ્યાય, શ્રી ભાનુભાઈ દવે, શ્રી બળવંતભાઈ જોષી, શ્રી ચંદ્રકાંત ધ્રુવ, શ્રી મધુબેન દવે, શ્રી હંસાબેન ધ્રુવ, શ્રી ભુપેન્દ્ર વસાવડા, શ્રી વસંતભાઈ જાની વગેરેની સમૂહ તસવીર. (પાછળના પાના ઉપર).



સૌરાષ્ટ્રના બાજ ખેડાવાળ વિદ્યા પ્રસારક મંડળના રજત જયંતી મહોત્સવ પ્રસંગે યોજાયેલ ભોજન સમારોહમાં પહેલી હરોળમાં શ્રી નિર્ભયભાઈ ભટ્ટ, શ્રી ભાનુભાઈ દવે, શ્રી રમણીકભાઈ ઉપાધ્યાય તેમજ રંગ મંડળના અન્ય કલાકારો ભોજનની મસ્તી માણતાં દેખાય છે.

વિદ્યા પ્રસારક મંડળનો રજત જયંતી ઉત્સવ ત્રણ દિવસ સુધી યોજાયો હતો. આ દરમિયાન વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.



## પ્રતિભાવ

○ 'ભાતીગળ સૌરાષ્ટ્ર'નો માર્ચ–એપ્રિલ ૨૦૧૦નો અંક 'અલગ સૌરાષ્ટ્રની માગણી' રૂપે મહત્ત્વનો છે. અનર્ત, સુરાષ્ટ્ર, સૌરાષ્ટ્ર લેખ દ્વારા સૌરાષ્ટ્રના ઈતિહાસ વિશેની ઘણી માહિતી જાણવા મળી. જે કાયમ માટે સાચવી રાખવા લાયક છે.

બાબુલાલ ગોર (ભુજ)

○ 'ભાતીગળ સૌરાષ્ટ્ર'ના દશાબ્દી વર્ષમાં પ્રવેશ પ્રસંગે અભિનંદન. સુંદર, નમૂનેદાર 'ભાતીગળ સૌરાષ્ટ્ર' વધુ ને વધુ ઓજસ્વી બની સૌરાષ્ટ્રની ભાતીગળ સંસ્કૃતિના મધુરા ગાન પ્રસારતું રહે એવી શુભેચ્છા.

બાબુલાલ ગોર (ભુજ)

○ ટપાલ ટિકિટો પર સૌરાષ્ટ્રથી શોભતું મુખપૃષ્ઠ કે જેમાં બા–બાપુથી શરૂ થઈ છગનલાલ પારેખ સુધીમાં પંદર જેટલી ટિકિટો મહોરી ઊઠી છે. છગનબાપાથી ફરજ સુધીના લેખો માહિતીસભર છે. 'પાળિયા' પરની માહિતી ગમી. જયમલ્લ પરમારના લેખ યક્ષપૂજાનું પગેરું 'મણિભદ્ર' વીર પર અનેરો પ્રકાશ પાડે છે. લોકકવિ હંસની 'પરદેશી ભૂખ્યા ટોપીવાળાનાં ટોળાં ઉતર્યા...' પંક્તિ વાંચતાં વાંચતાં આઝાદી પહેલાનો માહોલ નજર સમક્ષ તરવરવા લાગ્યો. આવી સુંદર માહિતી પીરસવા માટે અભિનંદન.

સૂર્યકાંત મહારાજા (વીસનગર)



પુસ્તકો, સામયિકોના ટાઈપસેટીંગ તેમજ પ્રિન્ટીંગ માટે સંપર્ક કરો...

**અમીન એસ. આઝાદ**

'નઝમા', ૫–સુભાષનગર,
બંધ શેરી, આમ્રપાલી સિનેમા પાસે,
રાજકોટ – ૩૬૦ ૦૦૧.

ફોન : ૦૨૮૧–૨૪૫૧૮૬૪
મો. : ૯૮૯૮૪–૯૪૦૯૭
૯૯૯૮૮–૫૪૨૫૩
ઈ–મેઈલ : aminsazad@gmail.com
aminazad@yahoo.com

KHAZANA
INDIAN RESTAURANT



HEMEN DAVE
4-6-30 Nishinakajima
Yodogawa-ku
Osaka 532-0011
TEL : 06-6301-2545
FAX : 06-6301-2520
MOB : 090-2707-15,1
USA BRANCH
2133 Boston Rd, WillBhram, MA 01095
TEL.413-599-0999